OLD TESTAMENT INTRODUCTION,

(PENTATEUCH AND JOSHUA).

14

જુના કરારને લગતો ખુલાસો.

કિમ્મત ૮ આના.

OLD TESTAMENT INTRODUCTION.

[PENTATEUCH AND JOSHUA].

જુના કરારને લગતો ખુલાસો.

અંગ્રેજીમાં રચનાર,

રેવ. કૅમ્બેલ મૉર્ગન, ડી. ડી.

મુસાનાં પાંચ પુસ્તકો તથા યહોશુઆના પુસ્તકને લગતી ટીકા,
વડોદરા કામ્પની ફ્લૉરેન્સ બી. નિકલસન ઇશ્વરવિદ્યા-
શાળાના વિદ્યાર્થીઓ તેમજ આ દેશના ખ્રીસ્તીઓના
ઉપયોગને સારૂ ગુજરાતીમાં છપાવી પ્રસિદ્ધ
કરવામાં આવી છે.

સુરત :

મિશન પ્રેસમાં એચ. આર. સ્કોટે છાપ્યો.

૧૯૧૩.

કિમ્મત ૮ આના.

PUBLISHED BY REV. R. D. BISBEE,
M. E. MISSION
BARODA CAMP.

ઉત્પત્તિ-પ્રારંભનું પુસ્તક.

अ ઉત્પત્તિ અધ્યા. ૧, ૨.	ब દુર્વૃત્તિ અધ્યા. ૩-૧૧.	क સુવૃત્તિ અધ્યા. ૧૨-૫૦.
૧ જડ પદાર્થોની ૧ : ૨ ; ૩. अ શરૂઆત ૧ ; ૧. ब નાશ ૧ ; ૨. अ क સૃષ્ટ્યુત્પત્તિ વિષે વિવરણ ૧ ; ૨. ब ૨ ; ૩. **૨. મનુષ્યની પ્રકૃતિ-અધિકાર-સંપન્ન ૨ ; ૪–૨૫.** अ ઉત્પન્ન કરાયો ૪–૮. ब વૈભવ પામ્યો ૯–૧૫. क પ્રતિજ્ઞાધીન કરાયો ૧૬, ૧૭. ड સંપૂર્ણ મનુષ્યત્વ પ્રાપ્ત થયું ૧૮–૨૫.	**૧. વ્યક્તિવાચક ૩.** अ મનુષ્ય અને સર્પ ૧–૮. ब યહોવાહ ૯–૨૪. **૨. કૌટુંબિક ૪, ૫.** अ પ્રથમ કુટુંબ વિષે ૪. ब કુટુંબો ૫. **૩. સામાજીક ૬.** अ વર્ણસંકર. ब બગાડ. [નાશ અને મુક્તિ ૭, ૮. રાષ્ટ્રિય નવી વ્યવસ્થા ૯ : ૧૦]. **૪. રાષ્ટ્રિય ૧૧.** अ એકસંપી. ब ગૂંચવણ. क ઐતિહાસિક અનુસંધાન. શેમથી ઇબ્રાહીમ.	**૧. વ્યક્તિવાચક ૧૨ ; ૩૫, ૨૧.** अ ઇબ્રાહીમ ૧૨-૨૫ ; ૧૦. સાત વેળા દેવદર્શન. ब ઇસ્હાક ૨૫ ; ૧૧-૨૬. બે વેળા દેવદર્શન. क યાકુબ ૨૭-૩૫ ; ૨૧. પાંચ વેળા દેવદર્શન. **૨. કૌટુંબિક ૩૫ ; ૨૨–૩૮.** अ યાકુબના પુત્રો ૩૫ ; ૨૨–૨૯. એસાવના વંશજો ૩૬. ब યુસફ ૩૭. क યહુદાહનો ભ્રષ્ટાચાર ૩૮. **૩. સામાજીક ૩૯–૫૦ ; ૨૧.** अ યુસફનો ઇતિહાસ. ब ઇસ્રાએલોનું જુદા પડવું. **૪. રાષ્ટ્રિય ૫૦ ; ૨૨–૨૬.** વિશ્વાસયુક્ત ભવિષ્ય.

ઉત્પત્તિ.

આ પુસ્તકમાં મૂળ પદાર્થોની ઉત્પત્તિનું વર્ણન કરેલું છે. જે પદાર્થો અને કારવહેવારો આ જગતમાં અસ્તિત્વમાં આવ્યા છે, અને જે શક્તિઓથી આ વ્યવસાયોને ચલન અથવા ચેતન શક્તિ મળી છે, અને વિશેષે કરીને એઓમાંના જે વ્યવસાયો મનુષ્યની સાથે વિશેષ સંબંધ ધરાવે છે તેઓની શરૂઆતનું વર્ણન આ પુસ્તકમાં કરેલું છે.

ઉત્પન્ન પદાર્થો પૂર્ણતાએ પહોંચ્યા છે એવું વર્ણન આ પુસ્તકમાં નથી, પણ તેમાં એટલુંજ દેખાડેલું છે કે, તેમની એવી રીતે શરૂઆત કરવામાં આવી

કે, હવે પછી તેઓ વૃદ્ધિમત તથા પ્રફુલ્લિત થાય; પરંતુ પાપના સંબંધમાં સૃષ્ટ્યુત્પત્તિ વેળાએ તેનું અસ્તિત્વ હતું કે નહિ, તે સંબંધી કશુંએ કહેલું નથી. તેનો પ્રારંભ શી રીતિએ થયો, અને તેની વૃદ્ધિ કેવી રીતે થાય છે, એ વિષે કશુંએ જણાવેલું દેખાતું નથી. તોપણ માણસમાં તેનો પ્રવેશ અમુક રીતે થયો તેનું વર્ણન કરેલું છે. ઉદ્ધારના સંબંધની પરમેશ્વરની યોજનાઓ વિષે તેમાં વિશેષ કંઇ જણાવેલું નથી, પણ એ યોજના આગળ જતાં મનુષ્યના આયુષ્યક્રમમાં ઇતિહાસની મારફતે પાર પાડવાનો જે ઇરાદો પરમેશ્વરે કર્યો હતો, તેના પ્રારંભમાં તેણે જે કરવું જોઇએ, તે તેણે બરાબર પ્રગટ કર્યું હતું.

આ પુસ્તકના ત્રણ મુખ્ય ભાગ પાડવામાં આવ્યા છે, અને દરેકની શરૂઆત નીચે મુજબના શબ્દોથી થાય છે:—એટલે, "આદિએ દેવે" (૧; ૧), "હવે સર્પ" (૩; ૧), "હવે યહોવાહે" (૧૨; ૧). પહેલા ભાગમાં જડ સૃષ્ટિની શરૂઆત શી રીતે થઇ તેનું વર્ણન કરેલું છે. બીજા ભાગમાં મનુષ્યના આયુષ્યક્રમમાં, એટલે તેના ઇતિહાસમાં પાપ શી રીતે પ્રવેશ પામ્યું, અને આરંભમાં તેના પરિણામે પાપે શું કર્યું, એટલે મનુષ્યમાત્ર પર તેની અસર કેવી થઇ તેનું વર્ણન કરેલું છે.

ત્રીજા ભાગમાં એક માણસને નિવેડ્યો, તેમાંથી પ્રજા ઉપજાવવામાં આવે છે, કે જે પ્રજા પરમેશ્વર સંબંધી શાહેદી દેવા સિદ્ધ થાય, અને એવી રીતે એ પ્રજા દ્વારે મનુષ્યના તારણને માટે જગત્રાતાના આવવાની તૈયારી થાય છે,—એવું વર્ણન કરેલું છે.

એ પ્રમાણે આ પુસ્તકના ભાગ કરાય—એટલે, પહેલા ઉત્પત્તિ, જે ક્રિયાનો મુખ્ય પાળક પરમેશ્વર દેખાડવામાં આવ્યો છે. પછી પાપની શરૂઆત, જે મનુષ્યને લાગેલી એક ઘણીજ ભયંકર વિકૃતિ એટલે મંદવાડ છે. એના પછી ચાલાક સર્પ દેખાડવામાં આવ્યો છે. ત્યાર બાદ મનુષ્યને તેની પૂર્વ સ્થિતિએ પહોંચાડવાની, એટલે તેનામાં સુવૃત્તિ (સુભાવના)—પુનર્જન્મનાં પરિણામો—ઉત્પન્ન કરવાની કોશિશ કરવામાં આવી છે. એ કાર્ય કરવામાં યહોવાહ દેખાડવામાં આવ્યો છે.

અ. ઉત્પત્તિ.

આ ભાગમાં બીજા બે વિભાગ થઇ શકે છે. પહેલા વિભાગમાં જડ સૃષ્ટિનું વર્ણન કરેલું છે, તે મનુષ્યની ઉત્પત્તિની પૂર્વે થએલી ઉત્પત્તિનું વર્ણન છે. ઉત્તર વિભાગમાં સ્વાભાવિક મનુષ્યની ઉત્પત્તિ વિષે વર્ણન છે, તેમાં તેની પ્રકૃતિ, એટલે તેનું સામટું સ્વાભાવિકપણું—અને એવા સ્વાભાવિક મનુષ્યનો કેવો અધિકાર આ દુનિયામાં છે, તે પણ દેખાડવામાં આવ્યું છે.

"આદિએ દેવે આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં." એ એક સાદું વાક્ય છે, પણ તેમાં ઘણો મોટો અર્થ સમાએલો છે. જડ સૃષ્ટિ કોણે ઉત્પન્ન કરી એ

વિષે તેમાં પ્રસિદ્ધ વર્ણન કરેલું છે, અને જે વાંચે છે તેણે એ શબ્દો ઉપર વિશ્વાસ રાખવો જોઇએ એવી મતલબ તેમાં સમાએલી છે. ઉત્પત્તિની પદ્ધતિના સંબંધમાં ટીકાકારો કદાપિ જુદાં જુદાં મતો પ્રદર્શિત કરે, પણ મુખ્ય સત્ય સિદ્ધાંતમાં કોઇ પણ જાતનો ફેરફાર થઇ શકતો નથી. સૃષ્ટ્યુત્પત્તિના સંબંધમાં થોડાક લોકો એમ કહે છે કે, પરમેશ્વરે તે ઉત્પન્ન કરી નથી, પણ રજકણોનું સંમિશ્રણ થવાને લીધે પ્રાચીન કાળથી આ સૃષ્ટિમાં ફેરફાર થતો આવ્યો છે. તેમને પુછીશું કે કાર્યકારણ ભાવને અનુસરીને રજકણોનું સંમિશ્રણ કેવી રીતે થયું, ત્યારે તેનો ઉત્તર તેઓ એટલો આપે છે કે, સંમિશ્રણ પહેલાં અકસ્માત થયો અથવા તો કહેશે કે, જેને માનસિક અથવા યોજના શક્તિ નથી એવાં રજકણો પોતપોતાની મેળે પોતાના નિયમોને અનુસરીને જોડાઇ ગયાં, અને તેની આ સૃષ્ટિ બની ગઇ. આવા વિચારથી સબુદ્ધ પ્રાણી મનુષ્ય માત્ર સંતોષ પામી શકતો નથી, પણ જ્યારે તેને કહીશું કે, સર્વજ્ઞ અને સર્વસાક્ષી પરમેશ્વરે એ બધું બનાવ્યું, ત્યારે તેની ખાતરી થશે, અને વધારે પ્રશ્નો તેના મનમાં ઉદ્ભવશે નહિ.

"અને પૃથ્વી અસ્તાવ્યસ્ત તથા ખાલી હતી, ને જળનિધિ પર અંધારૂં હતું." જેવાં આકાશ અને પૃથ્વી પરમેશ્વરે સૃજ્યાં તેવાં આકાશ અને પૃથ્વીની સ્થિતિ દર્શાવનારા આ શબ્દો હોય એ અસંભવિત છે. અસલની સૃષ્ટિ અને આ સ્થળે વર્ણવેલી તેની સ્થિતિ એ બેની વચ્ચે લાંબો કાળ વિતી ગયો હોવો જોઇએ. અને એ વિતી ગએલા કાળમાં ઘણા ફેરફાર થયા હોવા જોઇએ; પણ તે વિષે ઇશ્વરદત્ત શાસ્ત્રમાં કશુંએ જણાવ્યું નથી; માટે લોકો ઘણાએક તર્કવિતર્ક કરે છે, અને તે જાણવા જેવા તો છે, તો પણ તેઓ છેવટના કે નિર્ણયાત્મક ઠરી શકતા નથી. એમ પણ સંભવિત છે કે, સૃષ્ટ્યુત્પત્તિ અને પૃથ્વીની અસ્તાવ્યસ્તતા તથા શૂન્યતા એ બેની વચ્ચે લાંબો કાળ વિત્યો હોવો જોઇએ, અને તે દરમ્યાન આત્મિક બાબતોમાં મોટી ઉથલપાથલ થઇ હશે, અથવા તો એવી કોઇ જબરી આફત આવી પડી હશે. પહેલેથી છેલ્લે સુધીનો સંપૂર્ણ ઇતિહાસ જો આપણે જાણતા હોત તો પાપ કેવી રીતે ઉપસ્થિત થયું તે સંબંધીનું ખરૂં બયાન આપણે જાણી શકત. ઇશ્વરદત્ત શાસ્ત્રનાં હવે પછીનાં બીજાં પુસ્તકોમાં પ્રકાશનાં જે કિરણો દૃષ્ટિગોચર થાય છે તે ઉપરથી આ ગુપ્ત બાબત ઉપર કંઇક અજવાળું પડે છે. શેતાનને "આ જગતનો દેવ," "આ જગતનો રાજા," એવાં નામો આપવામાં આવ્યાં છે તે ઉપરથી એમ પણ ધારી શકીએ કે, આ પૃથ્વી ઉપર મનુષ્ય ઉત્પન્ન કરાયો તે પહેલાં આ પૃથ્વી સાથે શેતાન ઘાડો સંબંધ ધરાવતો હતો. એવો પણ તર્ક થઇ શકે કે, "અહીં દૂતોએ પોતાનો અધિકાર જાળવી રાખ્યો નહિ," માટે તેઓએ પોતાના પતનની સાથે પૃથ્વીને પણ તેની શુભ સંપૂર્ણ સ્થિતિમાંથી ભ્રષ્ટ સ્થિતિમાં ઘસડી આણી, અને જેમ અહીં બતાવ્યું છે તેમ "અસ્તાવ્યસ્ત તથા શૂન્યની" હાલતમાં આણી.

"અને દેવનો આત્મા પાણી પર હાલતો થયો," એ વાક્યથી આરંભ કરીને તે ૨; ૩ જી કલમ સુધી નવી રચના કેવી રીતે કરવામાં આવી, એ વિષેનો ઇતિહાસ લખેલો છે. પૃથ્વીની નવી ઉત્પત્તિ, એટલે જીર્ણોદ્ધાર કરતી વખતે પરમેશ્વરનો આત્મા હાલતો થયો. "અને પરમેશ્વરે કહ્યું" એવો ઉપયોગ કરવામાં આવ્યો છે, તે ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, **આત્મા અને શબ્દની** મારફતે પૃથ્વીની ઉત્પત્તિ થઇ એ વિષયના સંબંધમાં આ તેમજ આના પછીના બીજા વિભાગનું સારીપેઠે મનન કર્યાથી માલમ પડી આવશે કે, ઉત્પત્તિના સંબંધમાં પરમેશ્વરે તેના બે **શબ્દની** મારફતે વર્ણન કર્યું છે. આ અધ્યાયમાં કોઇ કોઇ ઠેકાણે "ઉત્પન્ન કર્યું," અને બીજે ઠેકાણે "બનાવ્યું" એ શબ્દોનો ઉપયોગ કર્યો છે. મૂળ હેબ્રી ભાષામાં પણ બે જુદા શબ્દો વાપરવામાં આવ્યા છે, અને એ શબ્દોનું ભાષાંતર "ઉત્પન્ન કર્યું" એવું કર્યું છે. તે શબ્દોનો અર્થ એવો થાય છે કે, આગળ જે કંઇ નક્કી હતું તેમાંથી કોઇએક ઇચ્છિત પદાર્થ અસ્તિત્વમાં આણ્યો, અને જે શબ્દનું ભાષાંતર "બનાવ્યું" એમ કરવામાં આવ્યું છે, તેનો અર્થ અસ્તિત્વમાં જે પદાર્થો આવેલા છે, તેમાંથી એક નવો પદાર્થ તૈયાર કર્યો, એવો થાય છે. માટે જ્યાં જ્યાં એ શબ્દનો ઉપયોગ કર્યો છે, ત્યાં ત્યાં જરા વિચાર કર્યાથી મનોરંજક મોટો લાભ પ્રાપ્ત થશે. "ઉત્પન્ન કર્યું," એ શબ્દો જડ સૃષ્ટિ અસ્તિત્વમાં આણી તેનું વર્ણન કરતી વખતે પહેલાં વપરાયલા છે, પછી જ્યારે અચેતન પદાર્થોનો છેડો આવ્યો, અને સચેત ઉદ્‌ભવ્યા ત્યારે "ઉત્પન્ન કર્યું," એ શબ્દોનો ઉપયોગ કર્યો છે. ત્રીજી વાર મનુષ્ય અસ્તિત્વમાં આણ્યું એ વિષેનું વર્ણન કર્યું છે, ત્યાં પણ "ઉત્પન્ન કર્યું" એ શબ્દોનો ઉપયોગ કર્યો છે. "ઉત્પન્ન કર્યું," એ શબ્દોનો ઉપયોગ પહેલી વાર કર્યો છે, ત્યાંથી તે બીજી વાર તેજ શબ્દોનો ઉપયોગ કર્યો છે ત્યાં સુધી, અને વળી બીજી વાર તેમનો ઉપયોગ કર્યો છે ત્યાંથી તે ત્રીજી વાર તેમનો ઉપયોગ કર્યો છે ત્યાં સુધી, "બનાવ્યું" એજ શબ્દનો ઉપયોગ કર્યો છે. એ ઉપરથી સાફ જણાય છે કે, જ્યાં ઉત્પન્ન કર્યું, "એ શબ્દોનો ઉપયોગ કર્યો છે, ત્યાં તદ્દન નવીજ ઉત્પત્તિ કરવામાં આવી છે, અને જ્યાં, "બનાવ્યું" એ શબ્દોનો ઉપયોગ કર્યો છે ત્યાં બનાવટનો ભાસ થાય છે.

પશ્ચિમાત્ય મુલકોમાં **એવોલ્યુશનિસ્ટ** એ નામના વિદ્વાનો હોય છે. તેમનું મત એવું છે કે, પહેલાં ઘણાજ બારીક જીવજંતુઓ બન્યાં, અને તેમાંથી નવાં નવાં પ્રાણીઓ ઘણા દીર્ઘકાળના અવધિમાં ઉત્પન્ન થયાં, અને છેવટે વગર પૂછડાંનાં વાનરો ઉત્પન્ન થયા, અને વળી તેમાંથી દીર્ઘકાળની અવધિમાં તેમનામાં સુધારો વધારો થતાં થતાં મનુષ્યો થયાં. એ પ્રમાણે તેમનું કહેવું એવું છે કે ઉદ્‌ભિજ્જ પદાર્થો ઉત્પન્ન થયા, પછી તેમનામાં અભિવૃદ્ધિ થતાં થતાં છેલ્લે પરિપક્વ દશાએ પહોંચ્યા; ત્યાર પછી તેમાં પણ અભિવૃદ્ધિ થતાં હલકી જાતનાં પ્રાણીમાત્ર

ઉત્પન્ન થયાં, અને એ પ્રાણીમાત્રની અભિવૃદ્ધિ થતાં થતાં છેવટે છેલ્લો સબુદ્ધ પ્રાણી મનુષ્ય ઉત્પન્ન થયો. પણ ઉદ્‌ભિજ્જ કોટિની અભિવૃદ્ધિનું વર્ણન કરતાં કરતાં તે પરિપક્વ દશાએ પહોંચી ત્યાર સુધીના વર્ણનમાં તેઓ પરસ્પર સંબંધ દર્શક સાંકળી દેખાડે છે, પણ પરિપક્વ ઉદ્‌ભિજ્જ કોટિમાંથી પ્રાણી કોટિમાં જ્યારે તેઓ ભુસકો મારે છે, ત્યારે એ બે કોટિઓનો પરસ્પર સંબંધ દેખાડી શકતા નથી; તેમજ વાનર સુધી પ્રાણીમાત્રના પરસ્પર સંબંધ તેઓ દેખાડી શકે છે, પણ વાનર અને મનુષ્યનું વર્ણન કરતાં તેઓને વળી એક ભુસકો મારવો પડે છે, કારણ કે એ બેમાંનો પરસ્પર સંબંધ તેઓ દેખાડી શકતા નથી.

હવે ઉત્પત્તિના પહેલા અધ્યાયના વર્ણનમાં જ્યાં "ઉત્પન્ન કર્યું" એ શબ્દો છે, ત્યાં જે ઠેકાણે એવોલ્યુશનિસ્ટ લોક ભુસકો મારે છે તેજ ઠેકાણાનું વર્ણન છે, પણ જ્યાં "બનાવ્યું" એ શબ્દનો ઉપયોગ કર્યો છે, ત્યાં એ લોકો પરસ્પર સંબંધ દર્શક વર્ણન કરે છે; તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એ પરથી સિદ્ધ થાય છે કે, પરમેશ્વરે પહેલાં ઉદ્‌ભિજ્જ પદાર્થો ઉત્પન્ન કર્યા, અને તેમનું આગળ જતાં વૃદ્ધિકરણ કર્યું, પછી **પ્રાણી ઉત્પન્ન કર્યાં.** અને આગળ જતાં તેમની અભિવૃદ્ધિ કરી, અને પછી મનુષ્ય સ્વતંત્રપણે ઉત્પન્ન કર્યો.

કોઇ કોઇ લોકો એમ કહે છે કે ઉત્પત્તિના પહેલા બે અધ્યાયોમાં મનુષ્યની ઉત્પત્તિ વિષે બે જુદાં જુદાં વર્ણનો કરેલાં છે. કોઇ કોઇ એમ પણ કહે છે કે, એ વર્ણનમાં પરસ્પર વિરોધ છે, પણ ખરેખરૂં જોતાં એવું દેખાઇ આવે છે કે, પહેલા અધ્યાયમાં મનુષ્યનો સંબંધ જડ સૃષ્ટિની સાથે મોટા અધિકારનો અને વૈભવનો અને ધણીપણાનો છે; અને વળી તેમાં અનુક્રમ પ્રમાણે જે ઉત્પત્તિ કરવામાં આવી તેનું સાદું વર્ણન છે, તોપણ આ સર્વે ઉત્પન્ન સૃષ્ટિમાં મનુષ્યનો વૈભવ મોટો છે એવું દેખાડયું છે. તોપણ બીજા અધ્યાયમાં એથી વધારે દેખાડવામાં આવ્યું છે, એટલે મનુષ્ય જડ સૃષ્ટિથી જુદો શા માટે કહેવાય એ તે અધ્યાયમાં દેખાડયું છે. જે આત્મિક ગુણ બીજા સૃષ્ટ પદાર્થમાં મળી શકતા નથી તે એનામાં છે. અને તેને લીધે તે સૃષ્ટ પદાર્થોથી જુદો અને વૈભવી છે; એ વિષે આ અધ્યાયમાં વર્ણન છે. માણસ માટીનો બનાવવામાં આવ્યો, તેનો અર્થ એટલોજ કે, તે **બીજ** પદાર્થો જેવોજ હતો, અને એ પદાર્થો કરતાં એનામાં વિશેષ કશુંએ નહિ હતું. પણ તેનાં નસકોરાંમાં જીવનનો શ્વાસ ફુંકવામાં આવ્યો, માટે પરમેશ્વરે આપેલા આ જીવનને લીધે તે સર્વે સૃષ્ટ પદાર્થ અને પ્રાણીઓમાં શ્રેષ્ઠતા પામ્યો. આવી વ્યક્તિ જે જડ સૃષ્ટિ સાથે સંબંધ અને દેવની સાથે સગપણ ધરાવતી હતી તે પૃથ્વીના મધ્ય ભાગે મૂકવામાં આવી, અને તેનો અધિકાર એવો હતો કે, પરમેશ્વરની સંઘાતે પૃથ્વી પર, એટલે તેમાંના આપણા કરતાં કનિષ્ઠ પ્રદાર્થ પ્રાણીઓ પર, રાજ્ય કરે. બાગ માણસને આપ્યો તે એટલાજ માટે નહિ કે, તે એ બાગનેજ પોતાનું ઘર કરે; એ તેનું આરંભનું સ્વગૃહ હતું.

પણ બાગમાં જે સાહિત્યો તેને આપવામાં આવ્યાં હતાં તે સાહિત્યોનો ઉપયોગ કરીને, વૃદ્ધિગત કરવાનું; અને તેમાંથી એક રાષ્ટ્ર સ્થાપિત કરવાનું કામ તેને આપવામાં આવ્યું હતું. માટે એ કામ તેણે એકલાએ કરવાનું નહોતું; પણ તેણે એ કામ પરમેશ્વરની સાથે રહીને કરવાનું હતું.

એ પ્રમાણે માણસનો પરમેશ્વર તથા કુદરત સાથેનો સંબંધ એક સરત કરીને દેખાડવામાં આવ્યો. આ સરત સાદી હતી, તોપણ સ્પષ્ટ કરવામાં આવી હતી. અને એ સરતની મારફતે માણસની સ્વતંત્રતાની હદ કેટલી છે તે દેખાડવામાં આવી હતી. એ સર્વ તું કર, એમ તેને કહેવામાં આવ્યું હતું. આ હદને ઓળંગીને જઇશ નહિ એવી આજ્ઞા તેને આપેલી હતી, એટલે પરમેશ્વરના હુકમને આધીન રહી તેણે પોતાની સ્વતંત્રતા ભોગવવી, એવું તેને દેખાડવામાં આવ્યું હતું. એ પ્રમાણે પોતાનો હેતુ સિદ્ધ કરવા પરમેશ્વરે તેને આજ્ઞા આપી કે, સર્વ ઝાડોનાં ફળ તું ખા, પણ આ વાડીની વચમાંના ઝાડ પરનું તું ખાઇશ નહિ. એ પ્રમાણે તે વૃક્ષ તેના આયુષ્યક્રમમાં તેની સ્વતંત્રતાના સંબંધમાં એક હદ થઇ પડયું.

તો પણ આ સ્થિતિમાં આ એકલો મનુષ્ય અપૂર્ણ હતો માટે તેના જેવા સ્વભાવની, તેના જેવી જોડીદાર તેને અપાઇ, અને એ પ્રમાણે તેનું મનુષ્યત્વ પૂર્ણ કરાયું. એટલે એ સાથીમાં પણ મનુષ્યની માફક પરમેશ્વરની પ્રતિમા મૂકવામાં આવી. "અને દેવના સ્વરૂપ પ્રમાણે તેણે નરનારી ઉત્પન્ન કર્યાં."

ब. दुर्वृत्ति (विकृति).

આ ભાગ જે અહીં શરૂ થાય છે, તેમાં લાંબા સમયથી ચાલી આવેલી દુર્વૃત્તિ, જેમાં હાલ પણ મનુષ્ય માત્ર પડી રહેલું છે, તેના આરંભનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પુસ્તકના આરંભમાં જે કોષ્ટક (પૃથક્કરણ) આપવામાં આવ્યું છે તે અક્ષરે અક્ષર છે એમ સમજવાનું નથી. આ કોષ્ટકનો હેતુ એટલુંજ સમજાવવાનો છે કે, ભ્રષ્ટ બુદ્ધિનો પ્રવેશ અને વૃદ્ધિ દરેક વ્યક્તિમાં, કુટુંબમાં, સમાજમાં, અને પ્રજામાં (રાષ્ટ્રમાં) કેવી રીતે થયાં—મનુષ્યના એકબીજા પ્રત્યેના સ્નેહ સંબંધનું ખરૂં સ્વરૂપ અને આગળ જતાં તેમાં થતા બહોળા ફેરફારનું વર્ણન આ ભાગમાં આવે છે.

દરેક પ્રસંગમાં એકએક વ્યક્તિથી આરંભ થાય છે—આ એક સાદી વાત છે, તેમાં માણસ એક વ્યક્તિરૂપે તેની નિર્દોષ અને અપરિપક્વ સ્થિતિમાં નજરે પડે છે. શેતાન કોઇએક હલકા પ્રાણીના રૂપમાં તેની પાસે આવીને તેને ભુલાવવાનો પ્રયત્ન કરે છે. એ હલકું પ્રાણી અહીં સર્પ દેખાડવામાં આવ્યું છે. આત્મિક ભ્રષ્ટતાએ આત્મિક મનુષ્ય ઉપર પોતાની અસર ઉપજાવવાને જડ પદાર્થ, જેનું મનુષ્ય બનેલું હતું તેનું સ્વરૂપ ધારણ કર્યું, એટલે, આત્મિક ભ્રષ્ટતાએ સ્થૂલ શરીર ઉપર જય પામવાને સ્થૂલ શરીર ધારણ કર્યું, અને હુમલો કર્યો.

હુમલાનો મુખ્ય વિષય દેવના જેવા હોવાનું તેમના મનમાં ઠસાવવાનો યત્ન કરવામાં છે. પડતીનું મૂળ કારણ તેમના વિશ્વાસની નિષ્ફળતામાં છે; વિશ્વાસ ગુમ થતાં તરત ભય તેની જગ્યાએ આવીને ઉભું રહે છે; એટલે, પરીક્ષણ વખતે મનુષ્યે જો ઇશ્વર પર દૃઢ ભરોસો રાખ્યો હોત તો અવિશ્વાસને કારણે જે બગાડ અને તેને પરિણામે જે ભય પ્રાપ્ત થયું તે થાત નહિ.

એ વખતે મનુષ્ય પરમેશ્વર આગળથી સંતાઇ ગયો તો ખરો, પણ સંતાઇ રહી શક્યો નહિ. પરમેશ્વરની હજુરમાં તે લવાયો, અને પહેલોજ મુકદ્દમો તે મોટા ન્યાયાધીશ આગળ શરૂ થયો. પહેલી સુનાવણી અને પછી ટીપ–પણ જે શિક્ષા કરવામાં આવી તે પરમેશ્વરના શુદ્ધ અને અદલ ન્યાયને ધ્યાનમાં લઇને જુદી જુદી કરવામાં આવી. જેણે પાપ કરવા ઉત્તેજન આપ્યું–લલચાવ્યાં, તેને શ્રાપ આપવામાં આવ્યો, અને જેઓ ઠગાઇને પાપમાં પડ્યાં તેમને ન્યાય પ્રમાણે શિક્ષા. શિક્ષાની સુનાવણીની સાથેજ આશીર્વાદયુક્ત ભવિષ્યવચન પણ તેમને કાને પડયું. કાયદા અને નિયમની હિલચાલના પડદા પાછળ પ્રીતિવાન અંતઃકરણ નજરે પડે છે, અને તેનામાં આ પ્રીતિ છે માટેજ તેઓને એદન બાગમાંથી કાઢી મૂકવામાં આવ્યાં, કારણ કે, ભલું ભુંડું જાણવાના ઝાડનું ફળ ખાઇને તેણે એક વખતે પોતાના માથા પર આ આપત્તિ આણી. હવે જો અહીં વધારે વાર રહે તો જીવનના ઝાડનું ફળ ખાઇને સર્વકાળના સંકટમાં પોતાને લાવી મૂકે. એવું પરિણામ તેમના પર ન આવે માટે તેમને એદન બાગમાંથી કાઢી મૂકવામાં આવ્યાં.

એ પ્રમાણે એક વ્યક્તિ—એક માણસ શરમ ભરેલી નીચાવસ્થામાં આવી પડ્યો કે તરતજ તેની સાથે તેના કુટુંબમાં પણ એ વિકૃતિ (બગાડ) પેઠી. હવાના મનમાં પાપને લીધે અતિશય દુઃખ હતું; પણ જ્યારે તેણીએ પહેલું બાળક જણ્યું ત્યારે દુઃખ નિવારણનો કાળ સમીપ આવ્યો છે એવી આશા તેણીના મનમાં ઉત્પન્ન થઇ; માટે તેણીએ તે બાળકનું નામ કાઇન પાડયું, એમ કહીને કે, “મને તે પ્રાપ્ત થયો છે.” તે પરથી તેણીના મનમાં એવો વિચાર આવ્યો દેખાય છે કે, સ્ત્રીના જે સંતાન વિષે પરમેશ્વરે વચન આપ્યું છે તે સંતાન આજ છે, પણ એ આશાની આગળ જતાં નિરાશા થઇ. તેણીએ જોયું કે, બાળક તો એક જુદીજ જાતનું અલબેલું પ્રાણી છે; માટે જ્યારે તેણીને બીજું છેલછબીલું બાળક મળ્યું ત્યારે તેનું નામ હાબેલ (વ્યર્થતા) પાડયું. એ પ્રમાણે પહેલાંજ કુટુંબમાં જુદી જુદી પ્રકૃતિનાં માણસો ઉત્પન્ન થયાં, અને મનુષ્ય સમાજના બંધારણમાં ખૂનદ્વારે પહેલુંજ ગાબડું પડયું.

તોપણ મનુષ્ય જાતની વૃદ્ધિ થતી ગઇ, અને જુદાં જુદાં કુટુંબો સ્થાપન થતાં ગયાં, પણ પાપના પરિણામની છાયા ઓછા વત્તા પ્રમાણમાં સર્વ લોકોમાં

જણાતી હતી. આવી ભયંકર અવસ્થામાંથી એકજ કુટુંબ બાતલ હતું, તોપણ તે શિવાય બીજે સર્વ ઠેકાણે પંદરસો વર્ષ સુધી મરણના પડઘા ચોગરદમ પડ્યા કરતા હતા.

જેમ જેમ આ કુટુંબરૂપી વૃદ્ધિ વધતી ગઇ તેમ તેમ તેની શાખાઓ જુદી જુદી દિશાએ પસરતી ગઇ, અને તેથી સમાજનું નવું બંધારણ સ્થાપિત થયું. આદમથી બે વંશ શાખાઓ ઉત્પન્ન થઇ. કાઇનના વંશજો અને શેથના વંશજો એવાં બે તરેહના માણસો નિકળ્યાં; એ બે વંશોના આચાર વિચાર, ધર્મ, કર્મ, જુદાંજ હતાં. કાઇનના વંશજો આપખુદ, આપમતલબી હતાં, અને પોતાની જાહોજલાલી કરવામાં ચકચૂર હતાં. પણ શેથના વંશજોના અંતઃકરણમાં પરમેશ્વરનું ભય હતું, અને પરમેશ્વરની આજ્ઞાના પાલન અર્થે તેમનાં મન ઉત્સુક હતાં. જ્યાં સુધી દેવના દીકરાઓ માણસની કન્યાઓ સાથે લગન સંબંધથી જોડાયા નહોતા ત્યાં સુધી આ બેઉ શાખાઓનાં માણસોમાં વિશેષ ભિન્નતા જણાતી નહોતી, પણ સંબંધ થયા પછીનું જે પરિણામ આવ્યું તે અતિ ભયંકર ને અતિ ભ્રષ્ટ હતું.

એ પ્રમાણે થયું ત્યારે, "તરત દાન ને મહા પુણ્ય," એ ન્યાય પ્રમાણે પરમેશ્વર તેમના પર યાહોમ ધસી પડ્યો. એ ધસારાથી મનુષ્યમાત્રનો નાશ થયો, પણ સમૂળગો પ્રજાનો નાશ થયો નહિ. કારણ કે, જો કે, જ્યારે મનુષ્ય નિષ્ફળ નિવડ્યા ત્યારે નાશને માટે ઇશ્વરી યોજનાએ નવું સ્વરૂપ ધારણ કર્યું, તોપણ નાશમાંથી એક શેષ ભાગ બચ્યો. અહીંથી મનુષ્ય ઇતિહાસ નવા પાયા પર રચાયો, અને તેમાંથી સામાજીક-પ્રજાકીય નવું બંધારણ રચાયું.

હવે પરમેશ્વરની ધારણા એવી હતી કે, પાપના ભયંકર પરિણામોમાંથી જેઓને બચાવવામાં આવ્યા હતા તેઓની જુદી જુદી પ્રજાઓ બને, અને એ પ્રજાઓ જુદા જુદા પ્રદેશો વસાવે; પણ મનુષ્યને એ કંઇ સારૂં લાગ્યું નહિ, માટે તેઓએ એક્રો કરીને પરમેશ્વર વિરૂદ્ધ બંડ કર્યું. એ ઉપરથી પરમેશ્વરે કોપાયમાન થઇને તેમને વિખેરી નાખ્યા, અને જ્યાં ત્યાં ઘોટાળો કરી મૂક્યો. છેવટે શેમથી માંડીને ઇબ્રાહીમ સુધીની વંશાવળીનું વર્ણન કરી મનુષ્યને પાપની વિકૃતિ લાગી, તેનો બગાડ થયો એ વિષેનો ભાગ સમાપ્ત કરે છે.

क. સુવૃત્તિ.

ત્રીજા ભાગમાં નવી પ્રવૃત્તિ જે મનુષ્યોમાં ઉત્પન્ન થઇ તેની શરૂઆતનું વર્ણન કરેલું છે. એ પ્રવૃત્તિને લીધે એવી એક સુવ્યવસ્થા નિકળી કે જેનો છેડો મસીહનું આગમન થવામાં આવ્યો. આ ભાગની પૂર્વેના ભાગમાં, એટલે વિકૃતિના ભાગમાં એમ દેખાડયું છે કે, એ વિકૃતિ (દુર્વૃત્તિ) દરેક માણસ, કુટુંબ, સમાજ તથા પ્રજા વગેરેમાં થઇ. એ પ્રમાણે આ ભાગમાં પણ ભાગ વિભાગ પાડીને સુવૃત્તિની પ્રગતિ દેખાડવામાં આવી છે.

જે વિભાગમાં વ્યક્તિ વાચક સુવૃત્તિ દેખાડવામાં આવી છે તેમાં પરમેશ્વરે ત્રણ માણસોની સાથે જે વહેવાર ચલાવ્યો તેનું વર્ણન કરવામાં આવ્યું છે. એ ત્રણ માણસો ઇબ્રાહીમ, ઇસ્હાક, તથા યાકુબ હતા. એ ત્રણના સંબંધમાં પરમેશ્વરનું વર્તન જુદા જુદા પ્રકારનું હતું. તે નિરાળા પ્રકારનું થવાનું કારણ એ હતું કે, એ ત્રણેના વિશ્વાસ જુદા જુદા પ્રકારના હતા. ઇબ્રાહીમને પરમેશ્વરે સાત વેળા દર્શન દીધું અને એ દરેક દર્શન ખાસ પ્રસંગે આપ્યું હતું. ઇસ્હાકને ઇબ્રાહીમ પ્રમાણે મુલાકાત અથવા દર્શન પ્રત્યક્ષ આપવામાં આવ્યાં નહોતાં એવું દેખાય છે, તોપણ અપ્રત્યક્ષ રીતે તેણે તેને પોતાની ઇચ્છા દર્શાવેલી હતી. એ અપ્રત્યક્ષ રીતે ઇચ્છા પ્રદર્શિત કરવાનું કામ, એવી સફાઇથી કરવામાં આવ્યું હતું કે, તેને "દેવ દર્શન" એ નામ આપવામાં હરકત જેવું કશુંએ નથી. ઇસ્હાકને એવું અપ્રત્યક્ષ દેવદર્શન થયું તેનું કારણ, તેનો વિશ્વાસ તેવો હતો. યાકુબને પાંચ વખત દેવદર્શન થયું, અને એમાંનું દરેક ખાસ પ્રસંગને અંતે થયું છે. આ વિશિષ્ટ અથવા મોટા પ્રસંગો એવા હતા કે, એકનો છેડો આવતાં યાકુબના માર્ગક્રમણમાં ફેરફાર થનાર હતો. યાકુબને થએલાં દેવદર્શનો પણ તેના વિશ્વાસને અનુસરીને હતાં, કારણ કે, યાકુબનો વિશ્વાસ ચંચળ અને અધીરો હતો.

ઇબ્રાહીમને પહેલું દેવ દર્શન થયું, તેમાં પોતાનો સ્વદેશ છોડીને એક નવા દેશની ગમ જવા નિકળવું એ વિષેનું નોતરૂં હતું. એ નોતરૂં સ્વીકાર્યાથી તેના આયુષ્યક્રમણમાં ફેરફાર થનાર હતો. "હવે યહોવાહે ઇબ્રાહીમને કહ્યું કે, તું પોતાનો...મૂકીને, જે દેશ હું તને દેખાડીશ તેમાં જા." આ નોતરૂં વાસ્તવિક રીતે તેરાહને આપવામાં આવ્યું હશે. કારણ કે, સંદર્શન પરથી દેખાય છે કે, તેરાહ, ઇબ્રાહીમ તથા લોટને લઇને કનાન દેશમાં જવાને નિકળ્યો. માર્ગમાં એ લોકો જ્યારે હારાનમાં પહોંચ્યા ત્યારે તેઓ ત્યાં અટક્યા એવું દેખાય છે. અને આગળ જતાં આગળ વધી શકયા નહિ એવું દેખાય છે. એ સર્વ લોકો તેરાહના મરણ સુધી હારાનમાંજ રહ્યા, અને પછી ઇબ્રાહીમ કનાન દેશ જવા નિકળ્યો.

બીજી વખતે ઇબ્રાહીમને પરમેશ્વરે દર્શન આપ્યું ત્યારે તે પ્રદેશ તેને આપવાનો હતો તે વિષે તેણે તેને વચન આપ્યું, અને એ વચન પ્રમાણે ઇબ્રામ નિકળ્યો.

ત્રીજી વખતે જે દર્શન થયું તે એક ગંભીર પ્રસંગે પરમેશ્વરે તેને આપ્યું હતું. એ વખતે ઇબ્રામ અને લોટના ભરવાડો વચ્ચે ટંટો થયો હતો. તે વારે ઘણીજ મોટી ઉદારતાથી ઇબ્રામે લોટને કહ્યું હતું કે, તું તારી મરજી પ્રમાણે તારે માટે પ્રદેશ પસંદ કરી લે. એ વખતે પરમેશ્વરે ઇબ્રામને દર્શન આપ્યું અને કહ્યું કે, (ઇબ્રામથી લોટ જુદો થયા પછી) "તું પોતાની આંખો ઉંચી કરીને જો." એ પ્રમાણે જે માણસે પોતાનો સ્વાર્થ છોડી દીધો હતો તે માણસને તેના વિશ્વાસ પ્રમાણે આસપાસનો સર્વ મુલક બક્ષીસ કરવામાં આવ્યો.

ચોથી વખતે પરમેશ્વરે ઇબ્રાહીમને દર્શન દીધું; તમાં દેશજાતિઓનો પૂર્વજ થવા માટે તને હું સંતાન આપીશ, એવા અર્થનું વચન આપ્યું.

પાંચમું દર્શન પરમેશ્વરે જેવારે ઇબ્રાહીમની સાથે કોલ કરાર કર્યો તે વારે આપ્યું.

જ્યારે ઇબ્રાહીમને દીકરો થયો ત્યારે વળી પરમેશ્વરે તેને છટ્ઠી વાર દર્શન દીધું.

સાતમી વખતનું દર્શન તે છેવટનું દર્શન હતું. તે વખતે પરમેશ્વરે તેના વિશ્વાસની અને આજ્ઞાંકિતપણાની પરીક્ષા કરી, અને આ પરીક્ષા તેણે પસાર કરી ત્યારે પરમેશ્વરનું વિશેષ સાનિધ્ય તેને પ્રાપ્ત થયું.

આ પ્રમાણે સાત દર્શનો પરમેશ્વરે ઇબ્રાહીમને આપ્યાં, માટે રફતે રફતે સંકટ અને દુઃખો ભોગવતાં પરમેશ્વર વિષેનો ઉચ્ચ પ્રકારનો અનુભવ તેણે પ્રાપ્ત કર્યો, એટલુંજ નહિ પણ આજ્ઞાનું અનુસરણ કર્યાને લીધે તેને મોટો વારસો પણ પ્રાપ્ત થયો. આ વાતોના વર્ણનમાં પ્રત્યેક બાબતમાં ઇબ્રાહીમનાં વખાણ કરેલાં નથી, જે વિશ્વાસ તેનામાં મક્કમ હતો એવું કહેલું છે, તે વિશ્વાસ ભંગ થવા વિષે પણ દર્શન છે; એટલે, એક વખતે દુષ્કાળના પ્રસંગે તેને મિસર દેશમાં જવું પડ્યું, ત્યારે તેણે પોતાનો અલ્પ વિશ્વાસ દેખાડ્યો એટલુંજ નહિ, પણ તેણે અસત્ય ભાષણ પણ કર્યું. પણ એની વાર્તાનો એકંદર સાર એટલોજ છે કે, ઇબ્રાહીમને પરમેશ્વરે દર્શન આપ્યાં. ઇબ્રાહીમ પરમેશ્વરને આજ્ઞાધીન થયો અને તેને લીધે તે આગળ વધવા પામ્યો.

ઇસ્હાકના ઇતિહાસમાં તેના આયુષ્યભર મેષપાળકનું કામ જે તેણે શાંતપણે કર્યું તે વિષેનું વર્ણન છે. તેના આયુષ્યના મધ્ય ભાગમાં પરમેશ્વરે તેને દર્શન આપ્યું, અને તેમાં તેને જણાવ્યું કે, ઇબ્રાહીમની સાથે જે કરાર મેં કર્યો છે તે તને પણ લાગુ છે. કરારનામાની સરતો હું તારા સંબંધમાં પણ પાળીશ. વળી એ કરારનામાનું સ્પષ્ટિકરણ કરવા સારૂ બીજી વખતે તેને દર્શન આપવામાં આવ્યું હતું. ઇસ્હાકનો સ્વભાવ શાંત હતો. ગરબડ સરબડ નહિ કરતાં સ્થિર રહીને પોતાનું કામ કરવાનું તેને પસંદ હતું. વળી તે ઘણો રાંકડો હતો, અને પોતાની મેળે કોઇ પણ બાબતમાં પહેલ કરતો નહિ હતો, પણ બીજો કોઇ કરે તો મુંગે મ્હોડે સહન કરવાનું તેને ઘણું ગમતું હતું. વિશ્વાસના સંબંધમાં અવિશ્વાસ કરવાની બાબતમાં ઇબ્રાહીમ કરતાં તેણે ઘણી થોડી ભૂલો કરી હતી. આગળ જતાં એના દીકરાએ જે ચંચળતા દેખાડી તે ચંચળતા એનામાં નહોતી. તેણે એવા કોઇ પણ કામમાં માથું ઘાલ્યું નહોતું, કે જે પર જય મેળવ્યાથી તેના વખાણ થાય. એનો સ્વભાવ એવો હતો માટે પરમેશ્વરે તેને તેવોજ રહેવા દીધો, અને અંધકારમાં તેને નાખીને આત્મિક તેમજ દૈહિક યુદ્ધમાં સામેલ થવા તેને બોલાવ્યો નહોતો. પણ શાંતિથી જેણે તેને બેસવા દીધો, તેણે તેને એવું દેખાડ્યું

કે, મેં જે યોજના કરી છે, તે યોજના સિદ્ધ કરવા માટે તને મેં ભાગીદાર પણ કર્યો છે. પરમેશ્વરની યોજનાઓ પાર પાડવાને માટે જે પ્રમાણે ઇબ્રાહીમ જેવા ચાલાક, હિમ્મતવાન, સાહસિક, બહાદુર યોદ્ધાની જરૂરિયાત હતી, અને જે પ્રમાણે યાકુબ જેવા અસ્થિર અને ચપળ માણસ જે વાસ્તવિક પડી ભાંગ્યા શિવાય પોતાનું કામ બંધ કરતા નથી એવાની આવશ્યકતા હતી, તે પ્રમાણે ઇસ્હાક જેવા સ્થિર મનુષ્ય કે જે કુવા ખોદી પોતાની વ્યવસ્થા કરે એવાની પણ જરૂરિયાત હતી.

હવે યાકુબની સાથે પરમેશ્વરનું વર્ત્તન કંઇ જુદાજ પ્રકારનું હતું, કારણ કે એ પોતેજ જુદાજ પ્રકારનો મનુષ્ય હતો. એના આખા આયુષ્યભરના ઇતિહાસ ઉપરથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે, તે પરમેશ્વર પર દૃઢ **વિશ્વાસ** રાખનારો મનુષ્ય હતો. એ વિશ્વાસનું પ્રાધાન્ય તેના આખા ચરિત્રમાં થએલું જણાય છે, છતાં તે અસ્થિર મનનો અને ચંચળ બુદ્ધિનો માણસ હતો. માટે એને જે પાંચ દર્શનો થયાં તે એટલાજ માટે થયા હતાં કે, તેને યાહોમ ઝંપલાવતાં અટકાવવો, તેની ભૂલો સુધારવી, તેની પદ્ધતિ તથા રીતમાં ફાયદાકારક ફેરફાર કરવો, અને પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે જે માર્ગે ચાલવા તેને દેખાડવામાં આવ્યું હતું તે માર્ગ પર તે ટકી રહ્યો.

યાકુબે આશીર્વાદ મેળવવા માટે કપટનું વર્ત્તન ચલાવ્યું હતું. આ આશીર્વાદ તેનેજ આપવાનું પરમેશ્વરે યોજ્યું હતું. પણ પરમેશ્વરની એ યોજના પરમેશ્વર પોતેજ પાર પાડશે, એવો સુવિચાર તેણે પોતાના મનમાં રાખ્યો નહિ; પણ કદાચ આ મારો આશીર્વાદ કોઇ છિનવી લેશે એવી બીકથી તેણે છેતરપિંડી ચલાવી, અને એ કામમાં તેની માની પણ મદદ હતી. તેણીએ તેને એ ઠગારાપણું કરવા ઉત્તેજન પણ આપ્યું, અને સહાય પણ કરી. એ બધુ અધીરાઇનું ફળ, અને કપટ ભર્યું કારસ્તાન તેણે કર્યું, માટે તેને ઘણું દુઃખ વેઠવું પડયું. સ્વદેશ અને ઘરબાર તેને છોડવાં પડયાં, અને જંગલ વેરાનમાં તેને ભટકવું પડયું. એ વખતે પરમેશ્વરે તેને દર્શન આપ્યું, અને એ દર્શનમાં એવું દેખાડયું કે, તારૂં જગિક આયુષ્ય કર્મ જો કે અયોગ્ય છે, તોપણ તારી આત્મિક પ્રવૃત્તિ હું જાણું છું. માટે તારી દૈહિક અને આત્મિક સ્થિતિમાં જે જુદાઇ પડી ગઇ છે, તેને જોડવાને હું ઉત્સુક છું. એ જોડવાના સાધન તરીકે તેને નિસરણી દેખાડવામાં આવી, કે જે નિસરણી પરથી પરમેશ્વરના દૂતો ચઢતા ઉતરતા હતા.

અહીંથી લાબાનના મુલકમાં આવ્યો, અને પોતાની હોશિયારી અને ચાલાકીથી તેના ઘરમાં તેણે લાબાન મામાની કપટ વિદ્યા ચાલવા ન દેતાં દુનિયાઇ વાનાંની આબાદી મેળવી. એવે ઠેકાણે એવી આબાદ સ્થિતિમાં સંતોષ પામીને એજ મારૂં ઘર, અને એજ મારો સ્વદેશ એવું જાણીને તે ત્યાંજ રહેવાનો વિચાર કરે તેમાં મોટું ભય હતું. માટે અહીં બીજી વાર પરમેશ્વર તેને દેખાયો, અને કહ્યું કે, તું તારા મુલકમાં જા.

યાકુબ સ્વતંત્રતા પ્રિય અને પોતા પર આધાર રાખનાર માણસ હતો, એ તેની સ્વદેશ તરફ પાછા ફરવાની લાબાનની સાથે કરેલી ગોઠવણ ઉપરથી જણાય છે. પછી મિસ્પાહમાં તેણે બુરૂજ બાંધ્યો. અને પોતાના ભાઇને મળવા આગળ વધ્યો, પણ તે મુલાકાત વખતે આગળ તેણે જે પાપ કર્યું હતું, તે માટે તેને શિક્ષા થાય નહિ, માટે પાણી પહેલાં પાળ તેણે બાંધી રાખી હતી. આ વખતે ફરી પરમેશ્વરે તેને ત્રીજું દર્શન આપ્યું. તે વખતે તેણે તેને દેખાડયું કે, તારી સ્વતંત્રતાની મને કશી જરૂર નથી. હું જે હતો અને છું તેજ છું, તેણે તેની સાથે કુસ્તી કરીને દેખાડયું કે વિજય મારો છે. હું જો ભાંગીશ તો તેને સમું પણ કરીશ, અને હું તો લંગડો કરીશ તો પણ લંગડાને તાજ પહેરાવીશ.

સ્વદેશમાં પાછા આવ્યા પછી તરતજ યાકુબે એ દેશના લોકોની રીતભાત સ્વીકારી, તેથી પાપ અને પાપના પરિણામો તેના કુટુંબમાં પ્રવેશ પામ્યાં, અને તેથી તેને ઘણો ખેદ થયો. એ વખતે ફરી પરમેશ્વર તેને દર્શન આપે છે, અને તેને તેની પૂર્વ સ્થિતિમાં લાવવાને સિદ્ધ કરે છે. એ માટે યાકુબને તે બેથેલમાં જવા સારૂ હુકમ આપે છે.

યાકુબના આયુષ્યના છેલ્લા ભાગ પરથી એવું જણાય છે કે, યાકુબનો વિશ્વાસ એ વખતે આજ્ઞાપાલન સંમિશ્રિત થયો હતો. અહીં પરમેશ્વરે તેને પાંચમું દર્શન આપ્યું.

ઉત્પત્તિના પુસ્તકનો અભ્યાસ કરતી વખતે આપણને એવું દેખાઇ આવશે કે, મનુષ્યની દુર્વૃત્તિનો લોપ થાય અને સુવૃત્તિની સ્થાપના થાય માટે દરેક વ્યક્તિના મનમાં પરમેશ્વરના વિશ્વાસનું પ્રાધાન્ય થવું જોઇએ, એ વિચાર પરમેશ્વરના મનમાં હતો. વિશ્વાસ જુદા જુદા માણસોમાં તેમની પ્રકૃતિને અનુસરીને જુદા જુદા પ્રકારનો હોય છે, પણ એ વિશ્વાસ મનુષ્યના અંતઃકરણમાં હોય, એટલે તેના ઉપર પરમેશ્વર વેપાર ચલાવી શકે છે. જે વિશ્વાસમાં ઇશ્વરાધીનતા હોય છે, તે વિશ્વાસ જે મનુષ્યના અંતઃકરણાં સ્થાપિત થાય છે, તે મનુષ્યને ધીમે ધીમે પરમેશ્વર પોતાને માર્ગે ચલાવે છે, અથવા જે વિશ્વાસ **સ્થિર** ઇસ્હાકના જેવો હોય છે તે વિશ્વાસવાળા મનુષ્યને તે આસ્તે રહીનેજ મુલાકાત દે છે, અને તેનું સમાધાન કરીને તેને સદૃઢ કરે છે. યાકુબ જેવા અસ્થિર વિશ્વાસવાળા મનુષ્યને આગળ વધતાં અટકાવે છે, અને તેની ભૂલો વગેરે સુધારીને તેને ઇચ્છિત સ્થળે પહોંચાડે છે. અહીં સુધી એક એક વ્યક્તિની સદ્વૃત્તિ વિષે વર્ણન થયું, પણ યાકુબના પુત્રોનું હવે વર્ણન કરવું છે. ત્યારે તે વર્ણન કુટુંબના સંબંધમાં થવું જોઇએ, માટે તેમાં વળી કૌટુંબિક સુવૃત્તિનું વર્ણન થશે, અને તેને કૌટુંબિક સુવૃત્તિ એ નામ આપીશું.

આ કૌટુંબિક સુવૃત્તિના વર્ણનમાં યુસફ અને ઇસ્રાએલનાં બે જીવનચરિત્રોનું વાર્તારૂપી બ્યાન શાસ્ત્રમાં કરેલું છે. યુસફના ચરિત્રવર્ણન પરથી પરમેશ્વર

એક એક વ્યક્તિ સાથે કેવો સંબંધ રાખે છે એ જણાવવામાં આવ્યું છે. એની જોડે જોડે ઇસ્રાએલનો ઇતિહાસ છે. એ ઇતિહાસ પરથી આ યુસફની આસપાસ તેના કુટુંબની વ્યક્તિઓ શી રીતે ફરી વળી, તેમનો ઉદ્ધાર શી રીતે થયો, સામાજીક અને પ્રજાકીય વ્યવસ્થા શી રીતે સ્થાપિત થઇ, વગેરે બાબતો દેખાડવામાં આવી છે. યુસફનું વર્ણન ઘણી બાબતમાં જુના કરારનાં બીજાં વર્ણનો કરતાં સૌથી અજબ છે. યુસફનો ઇતિહાસ લક્ષપૂર્વક વાંચી જોવાથી દેખાઇ આવે છે કે, એના જીવનચરિત્રમાં જુના કરારમાંના બીજા કોઇ પણ માણસના જીવનચરિત્ર કરતાં ઓછી ભૂલો અને ઓછો અવિશ્વાસ દેખાડવામાં આવ્યાં છે. એ જીવનચરિત્રમાં જે બિનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તે બિનાઓ ઉપરથી પરમેશ્વર મનુષ્યના અંતઃકરણમાં સુવૃત્તિ શી રીતે ઉત્પન્ન કરે છે, તેનો દાખલો મળી આવે છે. વળી પોતાની યોજનાઓ પાર પાડતી વખતે સંકટ અને દુઃખોના વખતમાં પણ પરમેશ્વર પોતાનો હેતુ શી રીતે સિદ્ધ કરે છે, એ પણ દેખાડવામાં આવ્યું છે. એ બિના બાદ કરતાં દુર્વૃત્તિનું કામ અતિ ભયંકર રીતે આગળ વધ્યું જતું હતું. પરમેશ્વર જો સાથે ન હોત તો મનુષ્યોમાં સુવૃત્તિ ઉત્પન્ન કરવાનું કામ નિષ્ફળ થાત.

એ ઇતિહાસના પ્રારંભમાં યાકુબના દીકરાઓ તથા એસાવની વંશાવળીનું બ્યાન કરવામાં આવ્યું છે. પછી યુસફના ચરિત્રની શરૂઆત કરવામાં આવે છે, અને વચ્ચેજ યહુદાહના ભ્રષ્ટાચારથી આખા કુટુંબની આબરૂને કેવો ડાઘ લાગ્યો તેનું વર્ણન કર્યું છે. એ વર્ણન આ ઇતિહાસમાં ઘણુંજ અગત્યનું છે, કારણ કે, તે પરથી એક નવીજ વ્યવસ્થાની શરૂઆત થઇ. આ વ્યવસ્થાનો છેડો એવો આવ્યો કે, ઇસ્રાએલ લોકો બીજા સર્વે લોકોથી જુદા કરાયા, અને એમ તે એક જુદીજ પ્રજા બની. એવું થયું માટે કનાન દેશના બીજા લોકોની સાથે તેઓ બેટી વ્યવહાર કરીને ભળ્યા નહિ, તેથી કૌટુંબિક અને સામાજીક પવિત્રતા તથા લગ્નસંબંધ સ્થાપિત થયાં.

યુસફના ઇતિહાસ પરથી જણાઇ આવે છે કે, એક માણસને કરવામાં આવેલા અપકૃત્યને યહોવાહ બીજાં માણસોના છેવટના ભલાના અર્થમાં વાપરે છે. એક માણસને થએલું નુકસાન તે બીજાં માણસોના લાભનું સાધન બનાવે છે. યુસફને તેના ભાઇઓએ કપટ અને દ્વેષબુદ્ધિથી પોતાના સ્વદેશમાંથી દેશનિકાલ કર્યો, પણ યહોવાહના કરવાથી તે મિસર દેશમાં લઇ જવાયો, એ માટે કે, ત્યાં તે ઇસ્રાએલને માટે જગ્યા તૈયાર કરે, અને જે સમાજ હજી સુધી પ્રજા જેવો બન્યો નહોતો તેને તેના શુદ્ધિકરણને અર્થે વિયોગ અને સંકટના પ્રસંગમાં આણે. કનાન દેશમાં જો કે ઇસ્રાએલી કુટુંબ જુદું પાડવામાં આવ્યું હતું, અને આસપાસના અંધકારમાં તેઓ દીવા જેવા ઝળકે, અને જગતને મીઠારૂપ નિવડે એવી યોજના કરવામાં આવી હતી, તોપણ એ ઇશ્વરી યોજના પાર પડવાને બદલે, યહુદાહના

ભયંકર પાપને લીધે એ આખું કુટુંબ ભ્રષ્ટ થઇ ગયું; એ ભ્રષ્ટતામાંથી તેમને કાઢવાનું હતું. હવે યુસફ દેશપાર કરાયો, દેશમાં દુકાળ પડ્યો, અને એવી બીજી ઘણી બિનાઓ બની, અને ઇસ્રાએલી લોક કનાન દેશમાંથી ગોશેન પ્રાંતમાં લઇ જવાયા, અને ત્યાં તેઓ સેંકડો વર્ષો રહ્યા. એ પ્રમાણે તેમના સંબંધમાં કરેલી પોતાની યોજના યહોવાહે પાર પાડી. ઇસ્રાએલી લોકના શરૂઆતના ઇતિહાસમાં દીર્ઘ કાળના જે દાસત્વ અને સંકટ વિષે વર્ણન કરેલું છે, તેના જેવું બીજું કશુંએ તેમના લાભને અર્થે સાધનભૂત થયું નહિ. આ દીર્ઘ કાળમાં પરમેશ્વરે ઇસ્રાએલી કુટુંબને શુદ્ધ કરી તેને ઇસ્રાએલી સમાજ બનાવ્યો, અને તેમના પર સંકટોનો વરસાદ વરસાવીને રફતે રફતે તેમાંથી એક એવી કોમ (પ્રજા) બનાવી, કે જે, પરમેશ્વરે તેને બહાર કાઢતી વખતે જે અદ્ભૂત ચમત્કારો કર્યા, તેમનું પ્રદર્શન થતાં તેનો મહા મહિમા કરે. અને એવી રીતે મિસરમાંથી નિકળીને જે પ્રદેશ તેમને માટે નિર્માણ કર્યો હતો તેમાં તેઓ પ્રવેશ કરે.

ઉત્પત્તિના પુસ્તકની છેલ્લી છેલ્લી કલમોમાં જે ઉલ્લેખ કરેલો જણાય છે, તેમાં ભવિષ્યની આશા વિષે અગમવાણી કરેલી છે. મરતી વખતે યુસફે પોતાની આસપાસ ઉભેલા પોતાના સંબંધીઓને એવો હુકમ આપ્યો કે, જ્યારે તમે કનાન દેશ તરફ પાછા ફરો ત્યારે મારાં હાડકાં તમારી સાથે કનાન દેશમાં લઇ જજો. આ હુકમ આ આખા પુસ્તકમાં વિશ્વાસના જય સંબંધી જે વર્ણનો કરેલાં છે તેમાં એક મોટું ભવિષ્યકથન જણાય છે. એ ભવિષ્યકથન પરથી જણાય છે કે યુસફ પરમેશ્વર પર દઢ વિશ્વાસ રાખતો હતો. અને તેના કુટુંબીઓની આગળ જતાં એક કોમ બનશે, તેઓ આખરે કનાન દેશમાં જશે એવો તેને પક્કો ભરોસો હતો. છેલ્લે આ પુસ્તકમાં તેની દફનક્રિયાનું વર્ણન કરેલું છે. અને તેને તઓએ "મિસરના શબ્દકોષમાં મૂક્યો" એ શબ્દોથી પુસ્તકની સમાપ્તિ થાય છે.

પ્રશ્નો.

૧. આ પુસ્તકના મુખ્ય ભાગ કેટલા પાડેલા છે; અને તેઓની શરૂઆત કયા શબ્દોથી થાય છે તે લખો.

૨. (अ) ઉત્પત્તિના સંબંધમાં જુદા જુદા ટીકાકારોનો શો મત છે તે દર્શાવો. (ब) તથા શાસ્ત્રથી શું સિદ્ધ થાય છે?

૩. એવોલ્યુશનિસ્ટોનો શો મત છે તે લખો, તથા એનું ખંડન કરવાને કેટલાએક સિદ્ધાંતો આપો.

૪. દુર્વૃત્તિનું જે વર્ણન આપેલું છે, તેનો સારાંશ સ્પષ્ટ રીતે તમારા વિચારો પ્રમાણે આપો.

૫. વ્યક્તિવાચક સુવૃત્તિનું વર્ણન લખો.

૬. પાંચમા, છટ્ઠા તથા સાતમા દર્શન વખતે પરમેશ્વરે ઇબ્રાહીમને ખાસ શું દર્શાવ્યું તેનું ટુક વર્ણન લખો.

૭. ઇસ્હાકના કેવા ગુણોનું વર્ણન અહીં આપવામાં આવ્યું છે? તે વર્ણવો.

૮. (अ) યાકુબમાં એક ખાસ ગુણ કયો તરતો હતો? (ब) દર્શનો દ્વારાએ ઇશ્વરની શી ઇચ્છા હતી?

૯. યુસફનું વર્ણન બીજા બધા કરતાં કઇ બાબતમાં અજાયબ જેવું છે તેનો ખુલાસો લખો.

નિર્ગમન—પ્રજાનો પ્રવાસ.

अ. ગુલામગીરી. અધ્યાય ૧-૫.

૧. ઈસ્રાએલીઓ મિસરમાં. અધ્યા. ૧.

अ પ્રજાની વૃદ્ધિ. ૧; ૧-૭.
ब જુલમ. ૧; ૮-૨૨.

૨. મુસા. અધ્યા. ૨-૪.

अ જન્મ અને સંરક્ષણ. ૨; ૧-૧૦.
ब નાસભાગ અને મિદ્યાનદેશમાં પ્રવાસ ૨; ૧૧-૨૨.
क તેનું તેડું ૨; ૨૩-૪; ૧૭.
ड તેનું આજ્ઞાંકિતપણું ૪; ૧૮-૩૧.

૩. ઇસ્રાએલી લોક અને ફારૂન. અધ્યાય ૫.

अ મુસા અને ફારૂન ૫; ૧-૧૮.
ब મુસા અને ઇસ્રાએલ ૫; ૧૯-૨૧.
क મુસા અને યહોવાહ ૫; ૨૨, ૨૩.

ब. છુટકારો. અધ્યા. ૬-૧૮.

૧. યહોવાહ અને મુસા. અધ્યાય ૬: ૭; ૧-૭.

અપાયલો હુકમ-હવાલો.
अ યહોવાહનું સ્વપ્રકટીકરણ. ૬; ૧-૯.
ब હવાલો-ધાસ્તી ૬; ૧૦-૧૨.
(કૌંસમાંની બાબત). ૬; ૧૩-૨૭.
क ફરમાન અને વિશ્વાસ ૬; ૨૮-૭; ૧-૭.

૨. યહોવાહ અને ફારૂન. અધ્યાય ૭; ૮ને ૧૧.

ન્યાયીકરણ.
अ સમીપતા ૭; ૮-૧૩.
ब પ્રથમ ભાગ. ૩ પીડાપાત ૭; ૧૪-૮; ૧-૧૯.
क બીજો ભાગ. ૩ પીડાપાત ૮; ૨૦-૯; ૧-૧૨.
ड ત્રીજો ભાગ. ૩ પીડાપાત ૯; ૧૩-૧૦; ૧-૨૯.
इ છેવટ. અધ્યા. ૧૧.

૩. યહોવાહ અને ઇસ્રાએલપુત્રો. અધ્યા. ૧૨-૧૮.

अ છુટકારો અ. ૧૨-૧૫; ૧-૨૧.
ब માર્ગપ્રદર્શન. અ. ૧૫; ૨૨-૧૮.

क. બંધારણ. અધ્યા. ૧૯-૪૦.

૧. પ્રાથમિક અને મુખ્ય. અ. ૧૯; ૨૦.

अ હેતુ-કૃપા. અધ્યા. ૧૯.
ब યોજના-નિયમ. અધ્યા. ૨૦.

૨. નિયમો. અધ્યાય ૨૧; ૨૩.

अ ખુદ-પંડને લગતા ૨૧; ૧-૩૨.
ब માલમિલ્કતને લગતા ૨૧; ૩૩-૧૨; ૧-૧૫.
क સ્થાવર મિલ્કતને લગતા. ૨૨; ૧૬-૨૩; ૧-૧૯.
ड વચનદત્ત દૂત. ૨૩; ૨૦-૩૩.

૩. ભકિત પદ્ધતિ. અધ્યાય ૨૪ – ૪૦.

अ. શિક્ષણ અને સાધન. અ. ૨૪-૩૧.
ब ભંગાણ: લોકોનું પાપ. (ફારસ). અ. ૩૨-૩૪.
क બાંધણી અને પ્રતિષ્ઠા. અ. ૩૫-૪૦.

નિર્ગમન.

નિર્ગમનનું પુસ્તક એ ઉત્પત્તિના પુસ્તકના પાછલા ભાગમાં વર્ણવેલી વાર્તાનું એક સાંધણ છે. નિર્ગમનના પુસ્તકમાં કશાની શરૂઆત તેમજ સમાપ્તિ કરવામાં આવી નથી. મનુષ્ય જાત પ્રત્યે યહોવાહ સંબંધીની વાર્તારૂપી સાંકળની એ એક કડી છે. જે વિષયનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે, તેની સાથે સંબંધ જોડવાના સંબંધે એટલુંજ યાદ રાખવું જરૂરનું છે કે, ઉત્પત્તિના પુસ્તકના ત્રણ ભાગ કરવામાં આવ્યા હતા; એટલે પહેલો, ઉત્પત્તિ; બીજો, પતિતાવસ્થા; અને ત્રીજો, નવી ઉત્પત્તિ.

નવી ઉત્પત્તિના સંબંધમાં વિચાર કરતાં આપણે જોયું છે કે, સુધારાનું કામ પ્રથમ છુટક છુટક મનુષ્યના સંબંધમાં ત્યાર પછી કુટુંબના સંબંધમાં અને ત્યાર પછી જનસમાજના સંબંધમાં કરવામાં આવ્યુ હતું. ઉત્પત્તિના પુસ્તકમાં જે છેલ્લી વાત મળે છે, તેમાં તે પ્રજાની નવી ઉત્પત્તિના સંબંધની સૂચનાનો સમાવેશ કરવામાં આવેલો છે.

હવે, આપણે નિર્ગમનના પુસ્તક તરફ પાછા ફરીએ. પહેલા અધ્યાયની શરૂઆત "હવે" શબ્દથી થાય છે, જેનો તરજુમો ખરી રીતે "અને" થી થવો જોઇએ. "અને" એ શબ્દ સાંધણને માટે વપરાય છે. જો આપણે ઉત્પત્તિનું પુસ્તક કાઢી નાખીએ તો નિર્ગમનના પુસ્તકની બાબત, અર્થ અને સંબંધ વગરની થઇ જશે. નિર્ગમનના પુસ્તકમાંની સઘળી ઐતિહાસિક બાબતનો આધાર ઉત્પત્તિના પુસ્તકમાંની બિના ઉપર છે. ઇસ્રાએલપુત્રોને, ત્યાં આપણે પ્રજાકીય ચેતન કે બંધારણ વગરના લોક જેવા છોડયા છે, હવે આપણે તે પ્રજાના ઉદય અને નિર્ગમન વિષેની વાત શિખવાના છીએ.

સ્પષ્ટિકરણ કરેલા એવા પુસ્તકના ત્રણ ભાગ પાડવામાં આવ્યા છે; એટલે ગુલામગીરી, છુટકારો અને બંધારણ.

અ. ગુલામગીરી.

કનાન દેશની ભ્રષ્ટ કરનારી અસરોથી બચાવ પામેલા થઇને ઇસ્રાએલનાં છોકરાં ગોશેનની ભૂમિમાં ઝડપબંધ સંખ્યામાં વધતાં ગયાં, એટલે તેઓની સંખ્યા વધી ગઇ.

પણ આ પ્રમાણેની તેમની વૃદ્ધિ મિસર દેશને ધમકીરૂપ થઇ પડી, અને રાજ્યદ્વારી વિષયનો સવાલ ધ્યાનમાં લેતાં ફારૂને એ વૃદ્ધિ અટકાવવાને જે અતિષય સખત પગલાં ભર્યાં તે વાજબી ગણાય. ફારૂનના કરતાં પણ અતિ ઉંચા રાજ્યાસને બિરાજનાર યહોવાહે, ઘણા લાંબા સમય સુધી, પોતાના લોકોને જુલમ

અને દુઃખ સહન કરવા દીધાં. અને પ્રજાકીય દોર એવો ઘટ થવા દીધો કે, જેણે કરીને લોકો ભવિષ્યની કૂચ અને હુમલાઓને માટે બળવાન થયા.

જ્યારે છુટકારાનો નિર્માણ કરેલો સમય નજીક આવ્યો ત્યારે યહોવાહને એ કામને માટે લાયક પાત્ર મળી આવ્યું અને તેની તૈયારી થઇ. બીજો ભાગ મુસાના જીવનવૃત્તાંતથી રોકાયલો છે. તેનું સંરક્ષણ મનુષ્ય સ્વભાવનો અજાયબ જેવો ચિતાર રજુ કરે છે, કારણ કે, તે માતૃપ્રેમની લાવણ્યમય ચાલાકી બતાવે છે. પ્રેમની ચપળતાની પ્રેરણાનું એ રહસ્ય જેમ આપણે નવા કરારમાં શિખીએ છીએ તેમ વિશ્વાસમાં સમાએલું હતું.

પોતાના હેતુ (કાર્ય) ની પરિપૂર્ણતાને અર્થે યહોવાહ કેવા સંજોગો ઉભા કરે છે, તે ફારૂનની દીકરીના આગમનથી સ્પષ્ટ થાય છે. આ ખરી બિનાથી મનુષ્યજાતના ઇતિહાસ ઉપર ઘણી અસર થએલી છે, કે અમુક બાળકે અમુક દિવસે એક સ્ત્રીની સન્મુખ રૂદન કર્યું, તે સ્ત્રીના અંતઃકરણમાં તે બાળકને માટે દયા ઉપજી, અને તે સ્ત્રી તે બાળકને મિસર દેશની કુલ મુખત્યાર સત્તાના અભ્યંતરમાં લઇ ગઇ. ત્યાં આગળ ઇસ્રાએલનો ભવિષ્યનો આગેવાન મિસરી વિદ્યામાં પ્રવીણ થયો, અને જે કામ તેને બજાવવાનું હતું તે કામની યોગ્ય તૈયારીનો પ્રથમ ભાગ ત્યાં પૂર્ણ થયો.

ચાળીસ વર્ષ વિતી ગયાં અને તે બાળકે યોગ્ય ઉમરે પહોંચતાં મિસર દેશના દરબાર તથા ત્યાંના સઘળા વૈભવ તરફ પોતાની પૂઠ ફેરવી. તેનું નાસવું એ પણ ઇશ્વર નિર્મિતજ હતું. ચાળીસ વર્ષની ઉમરેજ જો તેણે ઇસ્રાએલનો છુટકારો કરવાનો યત્ન આદર્યો હોત તો તે પોતાના પ્રયત્નમાં નિષ્ફળ થાત. કેળવાએલો અને સુધારો પામેલો, તે સમયની સઘળી વિદ્યામાં પ્રવીણ થએલો, એવા માણસની તૈયારીનો બીજો ભાગ સિનાય દ્વીપકલ્પના અરણ્યના અતિ એકાંત વાસમાં શરૂ થયો. તે એક એવા પ્રકારનો ફેરફાર હતો કે, જે ઉતરતા પ્રકારમાંથી ચઢતા પ્રકારના મહિમામાં પ્રવેશ કરાવતો હતો. દિવસે સૂર્યનાં સોનેરી કિરણોવાળા અને રાત્રે તારાઓની પ્રૌઢ ગંભીરતાવાળા પહાડ ઉપરનો એકાંતવાસ, એ દુનિયાઇ દરબારના સઘળા ઠાઠમાઠ, દબદબા અને મહિમા કરતાં અતિ મહિમાવાન અને ગૌરવી છે. ત્યાં આગળ મુસા એક ઘેટાંપાળક હતો, અને એમ ત્યાં તેણે પોતાની આગેવાન તરીકેની તૈયારીનો દ્વિતીય ભાગ પ્રાપ્ત કર્યો.

ત્યાર પછી તેના ખરા તેડાનું તથા તેને કરવામાં આવેલી સોંપણીનું વર્ણન આવે છે. મુસાએ રજુ કરેલી ભયરૂપી અડચણોની સામે તથા તેઓનું નિરાકરણ કરવાની સામે યહોવાહને કામ લેવું પડયું છે, તેનું વર્ણન આમાં છે. જય યહોવાહનો છે. અને આ વખતે મુસાએ અરણ્યના એકાંતવાસ તરફ પોતાની પીઠ ફેરવી, અને ફારૂનના દરબાર તરફ મુખ ફેરવી તે તરફ ગમન કર્યું.

બ. છુટકારો.

આ ભાગમાં યહોવાહ પ્રકાશિત રોશનીરૂપે છાયામાંથી પ્રકટી નિકળે છે, અને પોતાના લોકનું ભારે હિત ધરાવનાર મધ્યબિંદુ બને છે. મુસાના સંબંધમાં તેની તૈયારી કરનાર તરીકે, ફારૂનના સંબંધમાં ન્યાયીકરણ તરીકે, અને પોતાના લોકોના સંબંધમાં તેમનો છુટકારો કરનાર અને તેમના દોરનાર (ભોમિયા) ના રૂપમાં તે દેખા દે છે.

જ્યારે યહોવાહનો સેવક-મુસા પહેલ વહેલો તેના પોતાના લોકો અને ફારૂનની આગળ ગયો ત્યારે તેઓએ તેનો નકાર તથા અવગણના કર્યાં, તેથી નિરાશ થઇને તે યહોવાહ પાસે ફરિયાદ લઇ ગયો, ત્યારે યહોવાહે જે જવાબ તેને આપ્યો તેનું વર્ણન આ ભાગના પ્રથમ વિભાગમાં આવે છે.

આ જવાબના સંબંધમાં યહોવાહનું પોતાનું સ્વપ્રકટીકરણ વિશેષ ધ્યાનમાં રાખવા જોગ છે. વાત દરમ્યાન "હું યહોવાહ છું" એ શબ્દો વારંવાર વાપરેલા છે, અને એ દરેક કરારના સંબંધમાં આગળ પાછળ એવી વાત જણાવેલી છે કે, જેથી ઇશ્વરી ચળવળની ખાતરી થાય. "મેં દર્શન દીધું" ... "હું જાણવામાં આવ્યો નહોતો" ... "મેં મારો કરાર સ્થાપિત કીધો છે" ... "મેં કલાપીટ સાંભળી છે" ... "મેં મારા કરારને સંભારણમાં આણ્યો છે" ... હું તમને કાઢીશ" ... "હું તમને છોડાવીશ" ... "હું તમને મુકત કરીશ" ... "હું તમને લઇને મારા લોક કરીશ" ... "હું તમારો દેવ થઇશ" ... "હું તમને દેશમાં લાવીશ" ... "હું તમને તે આપીશ." આ કરાર અથવા પ્રકટીકરણની કિંમત એવી આંકી શકાય કે, જે જગ્યા મુસાએ ધારણ કરી હતી તે કેટલી જોખમ-ભરેલી-કેટલી મુશ્કેલ હતી તેની જાણ તેને થાય. જે માણસ મિસરી દરબારમાં ઉછર્યો હતો તેજ માણસ બીજી શક્તિ-એક અદશ્ય રાજાની સત્તા જાહેર કરવાને ત્યાંજ પાછો આવ્યો. ફારૂને તેનો તિરસ્કાર કર્યો. જે લોકોનો છૂટકો કરવાને તે પાછો આવ્યો હતો તેજ લોકોએ તેનું સાંભળવાની ના પાડી. ફરિયાદ લઇને તે પાછો યહોવાહ પાસે ગયો, અને જે રીતે યહોવાહે તેની સાથે કામ લીધું તે એ હતી કે, યહોવાહે પોતાનો મહિમા તેને જણાવ્યો. મુસા ફરીથી કદી ભયભીત થયો નહિ. બીજી વખતે તે ઘણી બાબતમાં નિષ્ફળ થયો પણ તે વખતથી માંડીને અંતની ઘડી સુધી યહોવાહનું ભય તેનામાં જણાયું નહિ. તેને યહોવાહનું નવા પ્રકારનું દર્શન થયું હતું, અને તેની શક્તિનો ફરી કદી તેને સંદેહ આવ્યો નહિ.

અને એમ છતાં થોડીજ વારમાં તેનામાં ભય ઉઘાડું જણાયું હતું, પણ તે તેના પોતાના સંબંધનું હતું. માનવાની મુશ્કેલી એજ હતી કે, આવા મહાન દેવનું પસંદ કરેલું પાત્ર (સાધન) તે કેવી રીતે થઇ શકે ? આ નવા ભયનો ખુલાસો કરતાં યહોવાહે પોતાના સેવક મુસાની ખાતરી કરી આપી કે, ફારૂનની

આગળ તેનું બળ કે શક્તિ એ કંઇ તેની પોતાની વક્તૃત્વ શક્તિ કે બળમાં નહિ થાય. પણ ઇશ્વરથી થએલી તેની તૈયારી તથા યહોવાહથી પ્રાપ્ત થએલી લાયકાત કે યહોવાહના સાધનથી થશે. ત્યારે ભય ઉપર વિશ્વાસનો જયજયકાર થયો, અને મુસા પોતાને સોંપાયલી ફરજ બજાવવાને આગળ વધ્યો. બીજા ભાગમાં ફારૂનની સાથે ન્યાયીકરણરૂપે કામ લીધું તેમાં યહોવાહનું પ્રકટીકરણ થાય છે, એ ન્યાયીકરણ ત્રણ ભાગમાં વહેંચાઇ ગયું છે. દરેકમાં ત્રણ ત્રણ પીડાપાતનું વર્ણન છે, જે વડે યહોવાહનું પરાક્રમ દર્શાવાય છે. ફારૂનના અંતઃકરણને રાજીખુશીથી આધીન કરવામાં આ બધી પીડાપાતો નિષ્ફળ જતાં એક ચોથું અને છેલ્લું ન્યાયીકરણ તેના ઉપર આવી પડયું.

હઠીલાપણા વિષે—આ ન્યાયીકરણ દરમ્યાન ફારૂને પોતાનું અંતઃકરણ હઠીલું કીધું તેમાં અને યહોવાહે તેનું અંતઃકરણ હઠીલું કીધું તેમાં બહુજ સંભાળ ભર્યો ભેદ જાળવવાની ખાસ અગત્ય છે. શાસ્ત્રમાં જે મોટા બનાવોનું બ્યાન છે તેમાંનો આ એક ભાગ છે, કે જો તેનો આધાર આપણે "ઑથરાઇઝડ વર્ઝન" ઉપર રાખીએ તો ભૂલ ભરેલો અર્થ થવાનો સંભવ છે. આખા વર્ણન દરમ્યાન તેમાં એમ જણાવેલું છે કે, યહોવાહે ફારૂનનું અંતઃકરણ હઠીલું કીધું. હેબ્રી ભાષામાં જે બાયબલ છે તેમાં આવા કોઇ તરજુમાની કશી ખાતરી આપેલી નથી. ખરી બિના જોવા જઇએ તો માલમ પડશે કે, બીજા ભાગના પીડાપાતોની સમાપ્તિ થઇ ત્યાં સુધી કોઇ જગ્યાએ એવું જણાવેલું નથી કે, યહોવાહે ફારૂનનું અંતઃકરણ હઠીલું કીધું.

એમ છતાં, બે જુદા જુદા શબ્દો વાપરવામાં આવેલા છે; જો કે બેઉનો તરજુમો ("હઠીલું કીધું") એ શબ્દોથી કરવામાં આવેલો છે. એક શબ્દનો અર્થ "બળવાન" અથવા "હિંમતવાન" કરવું એવો થાય છે. બીજાનો અર્થ "હઠીલું" અથવા "જક્કી" કરવું એવો થાય છે. શરૂઆતથી એવું બતાવેલું છે કે, યહોવાહે તેનું અંતઃકરણ દૃઢ કે હિંમતવાન કીધું. આ પ્રમાણે તેને પોતાની ઇચ્છા ભય વગર પૂર્ણ કરવાને તદન સ્વતંત્ર મૂકેલો હતો. તેણે પોતાનું અંતઃકરણ હઠીલું કીધું, એની ખાતરી પાંચવાર આપ્યા સુધી યહોવાહે તેનું અંતઃકરણ હઠીલું કર્યું, એવું એકેવાર જણાવેલું નથી.

એવો પ્રસંગ આવે છે કે, જે વખતે દેવ માણસની સાથે એમ વર્ત્તે છે. શાસ્ત્રમાં આવા શિક્ષણને કોઇ પણ પ્રકારની સાબિતી નથી, કે કોઇ પણ માણસ, કોઇ પણ જમાનામાં જ્યારે તેના ધ્યાનમાં આવે ત્યારે દેવની ભણી ફરવાને શક્તિવાન થાય. દરેક માણસને અજમાયશ અને પ્રસંગ હોય છે, અને આખી દુનિયાનો ન્યાયાધીશ અદલ કાંટો રાખે છે. જે કોઇ જે પ્રસંગ તેને આપવામાં આવે છે, અને તે પ્રસંગ તેને વારંવાર આપવામાં આવે છે તેમાં હઠીલાપણાથી દેવની ઇચ્છાને-દેવને આધીન થતો નથી, તેને આખરે માલમ પડે છે કે, તેનાજ ઠરાવો આખરે

તેના નાશનું કારણ થઇ પડ્યા છે. નિયમનું ઉલ્લંઘન કરવાથી દેવ મનુષ્ય ઇચ્છાની પસંદગીને મહોરથી બંધ કરે છે.

આ ન્યાયીકરણના આખા બ્યાન દરમ્યાન જેમ યહોવાહના પરાક્રમનું સ્પષ્ટિકરણ થાય છે, તેમ તેની સહનતા કે ધીરજનું પણ થાય છે. મુસાને આપેલાં વચનોનો જાણી જોઇને વારંવાર હઠીલાપણાથી ફારૂન ભંગ કરતો હતો, તથા દગો કરતો હતો, છતાં યહોવાહ ધીરજથી રાહ જોતો હતો. જે શક્તિ વારંવાર પોતાનું પ્રકટીકરણ તેની આગળ કરતી હતી, તે શક્તિને વારંવાર અનેક પ્રસંગ મળ્યા છતાં આધીન ન થવાથી જે હઠીલાપણું તેણે પોતામાં કેળવ્યું હતું તે યહોવાહની ઇચ્છા, ઠરાવ અને કરવાથી એવા પ્રકારનું બન્યું કે, તેમાંથી તે નિકળી નાસી છૂટી શક્યો નહિ.

આ ભાગનો છેલ્લો વિભાગ આ લોકોનો ખરેખરો છુટકારો અને પેલું અદ્ભૂત માર્ગ પ્રદર્શન કે જેમાં તેમની સઘળી જરૂરિયાતોની સામગ્રી અને તેમની સઘળી અબળતાને માટે બળનો સમાવેશ કરવામાં આવ્યો હતો, તેની શરૂઆતના સંબંધના વર્ણનમાં રોકાયલો છે.

ન્યાયીકરણનો હેતુ સ્પષ્ટ થાય છે, કારણ કે તે છુટકારાના રૂપમાં દેખા દે છે. જેમ જેમ પ્રજાકીય જીવનમાં તેમનો અનુભવ વૃદ્ધિ પામતો ગયો તેમ તેમ તેમનો અસલી અનુક્રમ–તેમના વખતની ગણત્રીનો અનુક્રમ બદલાઇ ગયો ; અને તેમને માટે નવા સનનો સૂર્ય ઉગ્યો, અને નવો અનુક્રમ-નવી વ્યવસ્થા શરૂ થઇ. છુટકારા તરફ કૂચ કર્યા પહેલાં તેઓએ પારખાનો વિધિ પાળ્યો. આ વિધિનાં જુદાં જુદાં નામ પાડેલાં હતાં. એટલે સંસ્કાર, પર્વ, અર્પણ કે યજ્ઞ. તે ખરેખરો પાળવાનો વિધિ હતો. તે આનંદ અથવા છુટકારાનું ખરૂં પર્વ હતું. ખરી અને વાસ્તવિક સત્યતાની અખંડ યાદગીરી જાળવી રાખવાને તે એક યથાવિધિ યજ્ઞ હતો. નિર્ગમનની રાત જેમ ઇતિહાસકર્ત્તા જણાવે છે તેમ ખરેખર તે એક બહુ યાદગાર, પાળવા લાયક રાત હતી. લોકો, તે રાત્રે ગુલામગીરીમાંથી છૂટાપણામાં, જુલમના ફટકામાંથી શાંતિના સ્થાનભણી, નીચપણામાંથી પ્રજાકીય જીવનના અનુભવ ભણી, ચાલી નિકળ્યા.

ત્યાર પછી તરતજ તે છૂટકો પામેલી, અર્પણ થયલી અને જુદી કરાયલી પ્રજા યહોવાહની ખાસ સત્તા અને દોરવણી નીચે દૃષ્ટિગોચર થાય છે. "જો કે, પલિસ્તીઓનો દેશ નજદીક હતો તોપણ યહોવાહ તેમને તે રસ્તે થઇને લઇ ગયો નહિ." યહોવાહે તેમને આમતેમ ફેરવ્યા.

મિસર દેશમાંથી નિકળ્યા પછીની પહેલી કૂચ તેમને ભયમાં પડવાના સ્થાન તરફની પાછી કૂચ હતી. એ કૂચ કરવાનો હેતુ મુસાને સમજાવેલો હતો. ફારૂનના પાપને લીધે જે વાજબી ન્યાયીકરણ તેના ઉપર આવ્યું હતું, તેનો અમલ છેવટની

ઘડી સુધી થવો જોઇએ, પણ તેનો અમલ એવી રીતે પણ થવો જોઇએ કે, તેનું વાસ્તવિકપણું સ્પષ્ટ થાય. જે લોકોને માટે યહોવાહે આટલાં બધાં અદ્ભૂત કાર્યો કર્યાં હતાં, અને આટલા બધા ચમત્કારો દર્શાવ્યા હતા, તેમને પાડી નાખવાને અને તેમનો નાશ કરવાને અભિમાનથી રથો અને સૈન્યની તૈયારી કરવી એના જેવી પાપની હઠીલી ઘેલછા અને અંધાપો શું કોઇએ કદી બતાવ્યાં હશે ?

રસ, રંગ અને રૂપકના બળથી ભરપૂર એવી, સમુદ્રમાં થઇને જવાની વાર્તા ઉપર ટીકા કરવાની કશી જરૂર રહેતી નથી. નિર્મળ ગંભીર રાત્રે તેઓ અતિશય ચુપકીથી વચ્ચે કૂચ કરતા હતા, તે દરમ્યાન લોકોને આ સત્ય સિદ્ધાંતનું સ્પષ્ટિકરણ કરવામાં આવ્યું હતું કે, યહોવાહના અધિકાર નીચે એવી કોઇ પણ નડતર નથી કે જે દૂર થઇ શકે નહિ. જડબુદ્ધિથી બંડ ઉઠાવીને ફારૂન અને તેના સૈન્યે, જે રસ્તો યહોવાહે પોતાનાં ભરોસાનાં માણસોને માટે ખાસ તૈયાર કર્યો હતો, તે રસ્તે થઇને જવાનો પ્રયત્ન કર્યો. પ્રભાતનો પહોર થતાંજ યહોવાહે કોઇ પણ રીતે મિસરી લોકોને પોતાનો મહિમા પ્રસિદ્ધ કર્યો. તેણે "અગ્નિસ્તંભ અને મેઘમાંથી તે સૈન્યના ઉપર નજર કરી," ત્યાં અને ત્યારેજ પોતાની મૂર્ખતાની બુદ્ધિ પ્રકટી નિકળી, અને તેઓએ નાસવાનો યત્ન કર્યો. વખત વહી ગયો હતો, તેમનો અંત નક્કી થઇ ચૂક્યો હતો, અને યહોવાહના હુકમથી મુસાએ પોતાના હાથો પ્રસારતાંજ સમુદ્ર નાશકારક મોજાંરૂપે તેમના ઉપર ધસી આવ્યો. અને તે બળવાન પ્રજા કે જેને પસ્તાવો કરવાને માટે દરેક પ્રસંગ આપવામાં આવ્યો હતો, જેણે યહોવાહની પ્રજા ઉપર જુલમ કર્યો હતો, તેનું હમેશને માટે બળ તૂટયું. સમુદ્રને પેલેપાર પ્રભાતની સુવાસિક શીતળ હવામાં સ્તુતિના મોટા અને મહિમાવાન ગાયનનો મધુર સૂર પ્રસરી રહ્યો.

હવે ત્યાંથી યહોવાહ પોતાના લોકોનો ભોમિયો અને માર્ગદર્શક થાય છે, તેનું ખરૂં અને સીધું બ્યાન શરૂ થાય છે. યહોવાહનાં સાધનોની શોધ કરી પારખી લેવાનો પ્રસંગ તેમને "મારાહ" આગળ પ્રાપ્ત થયો. તેઓ પ્રત્યે તેની મમતાભરી સંભાળની સાબિતી "એલીમ" હતું. જે વખતે તેઓ અરણ્યમાં થઇને જતા હતા, તે વખતે કેટલાંક વાનાંની અછતનું ભાન તેઓને થવા લાગ્યું, કે જે વાનાં તેઓ મિસર દેશની ગુલામીમાં છતાં પણ તેમની પાસે હતાં. ફરીથી યહોવાહે તેમને માન્ના અને માંસ પૂરાં પાડીને પોતાની સંપત્તિની સાબિતી તેમને આપી. પાણીની તંગીને લીધે ફરીથી તેમનો વિશ્વાસ પરખાયો, અને તેને માટે તેઓએ મુસા વિરૂદ્ધ કચકચ કરી, તોપણ દેવ ધીરજતાનો દેવ છે, એવું સિદ્ધ કરી આપવામાં આવ્યું. લોકોએ પોતાની કૂચ આગળ ચલાવી, અને અમાલેકીઓનું સૈન્ય તેઓ ઉપર ચઢી આવ્યું. ઇસ્રાએલ લોકોએ સંપૂર્ણ જય મેળવ્યો, અને પ્રથમનાં યુદ્ધોમાં તેઓના જાથુકના વિગ્રહના ધોરણો પણ જણાવવામાં

આવ્યાં. યુદ્ધ અને વિશ્વાસનો મેળાપ, કામ અને પ્રાર્થનાની ઐક્યતા, એથી તેમણે જય પ્રાપ્ત કર્યો.

યિથ્રોના વર્ણન સાથે આ ભાગની સમાપ્તિ થાય છે. તેણે મુસાને આપેલી સલાહ સત્કારપાત્ર હતી, કારણ કે તેમાં તેણે યહોવાહની સત્તા—યહોવાહના અધિકારની પિછાન કરી છે. તેણે મુસાને કહ્યું કે, "જો દેવની આજ્ઞા લઇને તું આમ કરીશ તો." વાત ખરી છે કે, જેમ તેણે મુસાને સલાહ આપી તેમજ તેણે કર્યું. એ ઉપરથી લગભગ એમ સિદ્ધ થાય છે કે, મુસાને લાગ્યું કે, દેવ તે માણસની મારફતે તેની સાથે બોલતો હતો.

બંધારણ કે રચના.

ગુલામગીરીમાંથી છૂટકો પામેલા ઇસ્રાએલી લોક બંધારણ પામેલી પ્રજા હોય તેના કરતાં હજી પણ અવ્યવસ્થિત ટોળાના જેવા વિશેષ હતા. આ ભાગમાં નિયમો આપવાના અને વ્યવસ્થા કરવાના ભારે કામનું વર્ણન આપણને મળે છે. એના ત્રણ પેટાવિભાગ પાડેલા છે, જેમાં પ્રાથમિક અને જરૂરી બાબતોનો, નીતિના નિયમોનો અને સ્થાપન થયલી ભક્તિ પદ્ધતિનો સમાવેશ કરવામાં આવેલો છે.

કૃપાનો ઇશ્વરી હેતુ પ્રથમ જાહેર કરવામાં આવ્યો હતો. લોકો તેની "ખાસ મિલકત...રાજ્યમાન યાજક વર્ગ...પવિત્ર પ્રજા" થવાના હતા. આવા મોટા ઇરાદાની પૂર્ણતાને અર્થે હજી તેમની તૈયારી થયલી નહોતી. યહોવાહનાં સઘળાં વચનો અમે પાળીશું એવી કબુલાત તેઓ એકદમ આપી દેતા, તેથી સ્પષ્ટ થતું કે, હજી તેમની તૈયારી થઇ નથી. તેઓના મનની સ્થિતિ ધ્યાનમાં રાખીને અગત્યની એવી નવી રીતિ કે પદ્ધતિ તરતજ શરૂ કરી દીધી. યહોવાહના ગૌરવની ખરી અને મુખ્ય બિના તેમને નજરો નજર દેખાડી. ગર્જનાઓ, વાણીઓ, અગ્નિ અને ધુમાડાના મધ્યમાં તેમને નિયમ અપાયો. આ સઘળું યહોવાહના ગૌરવ અને તેની પવિત્રતાના ચિન્હ-ઉપમારૂપ હતું. ખાસ કરારની મારફતે તેણે તે લોકને પોતાની પાસે સમેટયા હતા. તે એક એવા પ્રકારની સમીપતા હતી કે જે અવર્ણનિય આશીર્વાદથી વેષ્ટિત થયલી હતી, એમ છતાં તેમના રાજાના ગૌરવનું તેમને ભાન થવું જોઇએ, અને એમ તેને માટે અદબ અને સત્કારથી ભરપૂર થવું જોઇએ.

નીતિના નિયમોની દસ આજ્ઞાઓ પહેલાં યહોવાહ પોતે પોતા વિષે જાહેર કરે છે કે, તેનું નામ શું? "હું યહોવાહ છું." બીજી વાત, તેમના પ્રત્યે તેનો સંબંધ કેવો? "તારો દેવ," અને ત્રીજી વાત, ગુલામગીરીમાંથી તેમના છુટકારાના સંબંધમાં છે. દસ આજ્ઞાઓના બે ભાગ પાડવામાં આવ્યા હતા, પ્રથમ ભાગમાં પહેલી ચાર આજ્ઞાઓ આવે છે. ઇશ્વર અને માણસ વચ્ચેના સંબંધનું

વર્ણન તેમાં કરેલું છે. બીજા ભાગમાં છેલ્લી છ આજ્ઞાઓ સમાએલી છે, અને માણસ, માણુસની વચ્ચેના વહેવાર સંબંધીની સરતો એમાં છે. આ દસ આજ્ઞાઓથી જીવનના વિજ્ઞાન શાસ્ત્રનું તેમજ નીતિના નિયમનું સ્પષ્ટિકરણ થાય છે. આ તત્વજ્ઞાનમાંથી ખરૂં નીતિજ્ઞાન શિખવાનું હતું. માણસનું પહેલું કામ, માણુસની પહેલી ફરજ દેવ પ્રત્યે છે. એનો બીજો બધો સંબંધ એના ઉપર આધાર રાખે છે અને તે એથીજ ઉદ્‌ભવશે.

આ વચનોના ઉચ્ચારણથી લોકો ઉપર જે અસર થઇ તે એ હતી કે તેઓ ભયથી ભરાઇ ગયા. જ્યારે ઉચ્ચારેલાં વચનોની મારફતે તેઓ તેની પવિત્રતા સમજી ગયા ત્યારે યહોવાહની સમીપતા તેમને એક મહા ભયંકર વાત થઇ પડી. તેમના ભયનું મૂળ કારણ તેમની અજ્ઞાનતા તેમજ તેમના અભિમાન શિવાય બીજું કંઇ નહોતું. યહોવાહનો જવાબ કૃપાથી ભરેલો હતો. તેઓને એવું ફરમાન મળ્યું હતું કે, મારા શિવાય તમને અન્ય દેવ ન હોય, અને દેવની પાસે આવવાનો માર્ગ તેમને એકદમ આપવામાં આવ્યો હતો. તે વેદી અને યજ્ઞાર્પણનો માર્ગ હતો. વેદી સંબંધીની આ અસલની પહેલવહેલીજ સૂચનાઓ ભારે અર્થસૂચક હતી. કોઇ પણ પ્રકારની કારીગરી રહિત સાદી અને ઘડયા વગરની વસ્તુઓની તે બનાવવાની હતી, એ માટે કોઇ પણ મનુષ્યનું અંતઃકરણ અભિમાન કરે નહિ.

ત્યાર પછી તે નવી પ્રજાને એક રાજદ્વારી પ્રજા તરીકે ચલાવવાને કાયદાઓ નિમી આપવાનું કામ ચાલ્યું. આ કાયદાઓને પ્રથમ મનુષ્ય, મનુષ્યના સંબંધમાં કામ લેવાનું હતું. ગુલામોનો તેમના ધણીઓ પ્રત્યેનો સંબંધ દર્શાવવામાં આવ્યો હતો. અને એ કાયદાઓનું બંધારણ એવા પ્રકારનું હતું કે, જ્યારે જ્યારે જ્યાં પણ તેઓ પોતાના ધણીઓને આધીન થાય ત્યારે તેનું છેવટ પરિણામ તેમના છુટકારામાં આવતું જીંદગાનીની પ્રતિષ્ઠા, અવધ્યપણાનું રક્ષણ કાયદાઓથી કરવામાં આવ્યું હતું, કે જો એક માણસ બીજા માણસનો જીવ લે તો તેના બદલામાં તેને પોતાનો જીવ આપવો પડશે. જો એ દુષ્ટ કૃત્ય જાણી બુઝીને અને આગળથી ગોઠવણ કરીને કરવામાં આવ્યું હોય તો તેને માટે તો બીજો ઇલાજજ નહોતો, તેનો તો છૂટકોજ નહોતો. ઢોરઢાંકથી કોઇ પુરૂષ, સ્ત્રી અથવા ઢોરનું પણ નુકસાન થાય યા મૃત્યુ નિપજે તો તેને શિક્ષા થાય, અથવા તેનો બદલો વાળી આપવામાં આવે. માલમિલ્કતના કાયદાઓ એવા હતા કે, જેથી એવો હક સિદ્ધ થાય કે, જેથી કોઇ પણ માણુસ એવી ધારણા કરી શકે નહિ કે, જો તેણે ઇશ્વર તરફની અમુક ખાસ ફરજો અદા કરી હોય તો પછી તે પોતાનું જીવન પોતાના પડોસીની પરવા રાખ્યા વગર ગાળી શકે. આ જગતમાં જો એક પડોસી બીજા પડોસીનું ભુંડું કરે તો તે નીતિના નિયમ પ્રમાણે ઇશ્વર વિરૂદ્ધ પાપ કરેલું ગણવામાં આવતું.

એક માણુસના બીજા માણુસ પ્રત્યેના સંબંધની બહુજ સંભાળભરી બારીક વ્યવસ્થા સ્થાપવાનો મુખ્ય ઉદ્દેશ આ નિયમોમાં હતો, તેમજ તેઓમાં સર્વ પ્રત્યે યહોવાહના ધાડા સંબંધનું અને મનુષ્ય જીવનના દરેક કામકાજમાં અને દરેક બાબતમાં તેની મોટી કાળજીનું સ્પષ્ટિકરણ કરેલું છે.

ત્યાર બાદ કેટલાક સેળભેળ આપવામાં આવેલા કાયદાઓના સમૂહો છે. જો કે તેઓ સેળભેળ છે તોપણ પ્રજાકીય બંધારણમાં તેઓ સઘળા ઉપયોગી અને કાર્યકર છે. એ નિયમોમાંના બે અશુદ્ધતા, ભુંડાઇના સંબંધમાં છે. કુકર્મની શિક્ષા ઠરાવી છે. ઘણીજ સ્વાભાવિક બાબતમાં દુનિયાઇ ભારે જરૂરિયાત પૂરી પાડવી. કુદરતથી ઉલટી બાબતમાં મોતની શિક્ષા કરવી. એક બહુજ સખત કરડી આજ્ઞા કે, "જાદુગરેણને તારે જીવતી જવા દેવી નહિ," એ બતાવી આપે છે કે, યહોવાહના વિચાર પ્રમાણે ગુપ્ત અને અદૃષ્ય વાનાંની સાથે વહેવાર રાખવાના સઘળા પ્રયત્નો કેટલા હાનિકારક છે. ત્યાર પછી પૈસા ધીરવા વિષેના તથા વસ્તુઓ ગીરે રાખવા સંબંધીના કાનુનો છે. એ પછી ઇન્સાફ આપવા સંબંધના કાયદાઓનો સમૂહ આવે છે.

આ વિભાગમાં લોકોની સંસારી જીંદગીને બરાબર બંધ બેસતાં આવે એવાં પ્રભુનાં પર્વોનું વર્ણન કરવામાં આવ્યું છે. સાતમા વર્ષે ખેડાણ જમીન પડતર મૂકવાની ગોઠવણ એ માટે થઇ હતી કે, ગરીબોને ખાવાનું મળે. સાબ્બાથ દિવસના વિશ્રામ વિષે એવું પ્રગટ કરવામાં આવ્યું હતું કે, દેવના ઇરાદા પ્રમાણે ઢોર અને દાસ, દાસીના વિસામાનું સાધન પણ તે થાય. હવે પછીના આવતા દિવસોમાં તેમને દોરવે તથા ચલાવે એવી સમક્ષતા મોકલવાનું જે રહેમભર્યું વચન યહોવાહે પોતાના લોકોને આપ્યું હતું તે વચનથી આ વિભાગની સમાપ્તિ થાય છે. આ સમક્ષતાના વિષયનો અભ્યાસ કરવાથી જણાય છે કે, જેને મોકલવાનું વચન આપ્યું હતું તે દૂત યહોવાહ હતો.

દૂત સમક્ષતાનું વચન અને ખોટી ભક્તિ વિરૂદ્ધ ચેતવણી અપાયા પછી તરતજ ખરી ભક્તિની તૈયારીનું લાંબુ અને વિગતવાર વર્ણન ત્રીજા વિભાગમાં કરેલું છે. યહોવાહની સમક્ષ ઇસ્રાએલના વડીલોની પ્રાથમિક ગંભીર સભા મળી. વડીલોના આગમનના બનાવનું જેટલું ગંભીર અને પ્રતાપી વર્ણન છે, તેટલું ગંભીર અને પ્રતાપી વર્ણન આ આખા પુસ્તકમાં ભાગ્યેજ બીજું કોઇ હશે. આપણને એવું કહેવામાં આવ્યું છે કે, તેઓએ "ઇસ્રાએલના દેવને" જોયો. તેઓએ જે દીઠું તેનું વર્ણન કંઇ કરેલું નથી. કદાચ એમ હોય કે, જે દૂત સમક્ષતાનું વચન તેણે આપ્યું હતું તે રૂપે યહોવાહે પોતાને તેમની આગળ પ્રગટ કીધો હોય, એમ છતાં, વધતું ઠીક એ છે કે, એ વિગત જેવી છે તેવી ને તેવીજ રહેવા દઇએ, એ સાથે એટલું યાદ રાખીએ કે, એ બનાવનો ખુલાસો એ પછીની બનેલી બિનાઓથીજ થઇ શકે કે, એ બનાવ બન્યા પછી લગભગ તરતજ મુસા

યહોવાહની સાથે એથી પણ વધારે ગાઢા સંબંધમાં ગયો. વડીલોને માટે દર્શનના સંબંધનું ખાસ લક્ષણ આ હતું કે, તેઓને ન્યાયીકરણમાંથી મુક્ત કરવામાં આવ્યા. કારણ કે, એમ લખ્યું છે કે, "તેણે તેમના ઉપર પોતાનો હાથ ઉપાડયો નહિ."

અને વળી મેળાપનું પવિત્ર કાર્ય જેમાં તેઓએ "ખાધું તથા પીધું" તેમાં પણ એ દર્શનનો ખાસ લાભ દર્શાવાયો છે. છેવટે, લોકો જે ખીણમાં ઉભા હતા તેને પેલે પાર, અને એથી પણ વિશેષ રીતે લોકોના જે વડીલો પસંદ કરાયા હતા તેમના સમૂહથી પણ દૂર પેલેપાર પર્વતના છેક મધ્ય ભાગમાં મુસાને બોલાવવામાં આવ્યો, જ્યાં આગળથી પહેલાંના કરતાં પણ વધારે વિગતવાર નિયમ આપવામાં આવ્યો, કે જે નિયમ તેમને એક પ્રજા તરીકે પાળવાનો હતો. અને વળી ત્યાંથી તેને આકાશી વાનાંનું દર્શન થયું, અને એમ આ દુનિયા પરની ભક્તિ સેવાની પદ્ધતિનો નમુનો તે શિખ્યો.

મંડપની બાંધણીની પરીક્ષા કરતી વખતે, જે લોકોને મંડપ આપવામાં આવ્યો હતો તે તેમને શા હેતુથી આપવામાં આવ્યો હતો એ સમજવાનો યત્ન કરવો તે આપણે માટે ઠીક થઇ પડશે. તે વિગતવાર અભ્યાસ આપણા આ હાલના પુસ્તકની હદમાં નથી. હાલમાં તો આપણે માત્ર કામની મુખ્ય પદ્ધતિનો ચિતાર જોઇએ છીએ.

શરૂઆતની સૂચનાઓ ખાસ બાંધણીના સંબંધની નથી, પણ એમાં જે જે રાખવાનું હતું તે સંબંધીની છે. તેની શરૂઆત છેક મધ્ય ભાગ એટલે કોષ કે જે યહોવાહની સમક્ષતા, તેમજ લોકોને યહોવાહ દેવ પાસે પોતાના રાજા તરીકે જવાના હકની ઉપમારૂપ હતો ત્યાંથી તેઓએ કરી. એ પછીનો અનુક્રમ અર્પેલી રોટલી રાખવાની મેજ, શાની, કેવી અને કેવડી બનાવવી તે વિષેનો છે. આ મેજથી બે વિચારો દર્શિત થતા હતા. પૂર્વ તરફના લોકોના વિચાર પ્રમાણે મેજ હમેશાં બંધુત્વ, સંગત અને પરોણાગતની ઉપમારૂપ હતી. આ પ્રમાણે તે પ્રજાને યહોવાહ સાથેના મેળાપના હકનું તેમજ પરોણાગત અથવા પરોણાચાકરીમાં જે બંધુ-મૈત્રિનો ભાવ રહેલો છે તે બનાવનું ભાન કરાવવામાં આવ્યું. બહારની દુનિયામાં તેના લોકો જે સાક્ષી પુરવાના હતા તેની ઉપમા અને અલંકારરૂપ સોનાનું દીપ-વૃક્ષ હતું. મંડપ અને માંડવાના પડદા અને આચ્છાદન એવા વાનાનાં બનાવેલાં હતાં કે, જેથી યહોવાહ કેવાં વાનાં અને સ્થાનમાં પોતાનો વાસો કરી શકે તે દર્શાવાતું હતું. રૂપાનાં ચોકઠામાં જડવામાં આવેલાં પાટિયાં અને સળિયા, તે જમાનાની અલંકારિક ભાષા પ્રમાણે આ લોકો ઉદ્ધાર પામેલી પ્રજા તરીકે યહોવાહની નજરમાં કેવો મોભો ધરાવતા હતા તે દર્શાવે છે. ઘુંઘટ અને મુખ્ય પડદો એવો અર્થ સૂચવતા હતા કે, સમીપતાથી લોકો તદન બાતલ કરાયા હતા, તોપણ મધ્યસ્થની મારફતે તેઓને સમીપ આવવાનો રસ્તો હતો. આંગણાનો

પડદો, પિત્તળની વેદી અને તેનો સઘળો સરંજામ, જે આસ્થાવાળી ધાર્મિક જીંદગી ગાળવાનું તેમને ફરમાન થયું હતું, અને જેનો આધાર યજ્ઞો, અર્પણો ઉપર રચવામાં આવ્યો હતો તેનું ભાન કરાવતાં હતાં. યાજકના ભપકાદાર ઝભ્ભા પણ જેમ બીજી દરેક વસ્તુમાં સાધારણ રીતે જણાય છે તેમ ઉપમારૂપ શિક્ષણથી ભરપૂર છે. યાજકોની અભિષિક્ત ક્રિયાનું, ધૂપ બાળવાની વેદીનું તેમજ પવિત્રસ્થાનનો બધો સામાન કેવી રીતે કયાં ગોઠવવો તેની વ્યવસ્થાનું વર્ણન કરવામાં આવ્યું છે.

પાયાના ગોખલા બનાવવાના કામમાં વાપરવાનું સોનું અડધો અડધો શેકેલ લોકો પાસે ઉઘરાવી લેવાના સંબંધની "સૂચનાઓ" તેમજ વળી અભિષિક્ત ક્રિયામાં વાપરવાનું પવિત્ર તેલ તૈયાર કરવાના સંબંધની સૂચનાઓ એ પછી આવે છે.

સૂચનાના છેલ્લા શબ્દો, દયા અને મમતાથી પરિપૂર્ણ એવા વચન વિષે, તેમજ મંડપ બાંધવાના અગત્યના કામમાં તેઓ શક્તિવાન થાય, એવાં સાધનો અમુક માણસોને પૂરાં પાડવા વિષેના છે.

જે વખતે નિયમસ્થાપક, હજી તો, દુનિયાઇ ભક્તિસેવાના સ્થાનને માટે આકાશી વાનાંનો નમુનો-નકશો પહાડ ઉપર જઇને પ્રાપ્ત કરતો હતો, એટલામાં તો ખીણમાંના લોકો મોટા ભારે પાપમાં પડ્યા હતા. આ સોનાનું વાછરડું બનાવવાથી અમે નિયમનાં વચનો પાળીશું એવું જે વચન આપ્યું હતું, તેનો જાણી જોઇને ખરેખરો ભંગ કીધો. જ્યારે તેઓએ કહ્યું કે, "ઉઠ, અમારે માટે એલોહિમ બનાવ" ત્યારે તેમની ધારણા એકલા એક દેવની જગ્યાએ બીજા દેવો બનાવવાની કે મૂકવાની નહોતી, પણ એથી ઉલટું તેઓ દેવની પ્રતિમા માગતા હતા. તેઓએ વાછરડુંજ પસંદ કર્યું, એમાં કંઇ ભેદ હતો. પૂર્વ તરફના દેશોના અલંકારોમાં, લાક્ષણિક ભાષામાં બળદ હમેશાં અર્પણ અને સેવાની ઉપમા હતો, અને વધારે નહિ તો એટલું તો ખરૂંજ કે ઇશ્વરી ઠરાવની સત્યતાનો કંઇક ઝાંખો આભાસ તેમને હતો. આ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, વાછરડું બનાવ્યા પછીના બીજેજ દિવસે તેમણે યહોવાહને માટે પર્વ પાળ્યું. પ્રતિમાની બનાવટથી મનનું જે વલણ તેઓમાં પ્રકટી નિકળ્યું તેમાં તેમના કૃત્યની દુષ્ટાઇ જણાઇ હતી. તેઓ "ખાવા પીવાને બેઠા, અને રમવાને ઉઠયા," ભક્તિ એકદમ દ્રવ્ય પદાર્થ અને વિષયના રૂપમાં બદલાઇ ગઇ.

આ બાબતમાં મુસા પોતાના સદ્દવર્તનના સઘળા મહિમા સહિત જણાય છે. યહોવાહ આગળ તેણે જે કાલાવાલા કર્યા તે જેટલા યહોવાહના તરફના હતા, તેટલા લોકોના તરફના નહોતા. તેમના ઉપર તેને અપાર દયા ઉત્પન્ન થઇ હતી, પણ દયાના ઓથામાં અને તેની આરપાર અગ્નિની માફક બળતો યહોવાહના માનનો જુસ્સો હતો. લોકોને માટે યહોવાહ આગળ ઉભા રહ્યા પછી તે યહોવાહને માટે લોકો આગળ ઉભો રહેવા આવ્યો. અતિષય ગુસ્સાના આવેશમાં

તેણે પત્થરની પાટીઓ ભાંગી નાખી, વાછરડાને લઇને તેનો વાટીને ભૂકો કર્યો, અને તે પાણીમાં નાખીને જે માણસોએ તે બનાવ્યો હતો તેમને તે પી જવાની ફરજ પાડી. ત્યાર પછી તેણે મધ્યસ્થી અને પ્રાયશ્ચિત્તની ક્રિયા કરી, અને પાછો પહાડ પર ચઢી ગયો. આ પછીના વખત દરમ્યાન કયા કયા બનાવો બન્યા તેનું વિગતવાર વર્ણન નથી, માત્ર એટલુંજ જણાયલું છે કે, નિયમની પાટીઓ ફરીથી લખાઇ. આ બીજી વખતની ગેરહાજરી દરમ્યાન મુસા પાછો આવ્યો, ત્યાં સુધી લોકોએ ધીરજથી તેની રાહ જોઇ. પહાડ ઉપરની અને ગંભીર સંગતના ગૌરવથી મુસાનું મુખ પ્રકાશિત થયું હતું.

પુસ્તકની છેલ્લી હીલચાલ મંડપની બાંધણી તથા તેની પ્રતિષ્ઠા ક્રિયાના સંબંધમાં છે. ખુશ થઇ ગયલા લોકોએ પોતાનાં વાનાંનું રાજીખુશીથી એટલું બધું અર્પણ યહોવાહની આગળ આણ્યું કે, તે જોઇએ તે કરતાં પુષ્કળ થઇ ગયું. ત્યાર પછી એ કામને માટે ખાસ તૈયારી પામેલા માણસોને હાથે કામ ઝડપબંધ આગળ ચાલ્યું, અને આખરે યહોવાહે આપેલા નમુના પ્રમાણે સઘળું સંપૂર્ણ થઇ ગયું. મુખ્ય મુખ્ય બિનામાં આમ જણાવેલું છે કે, આ પ્રમાણે મુસાએ કીધું.

જેમ મુસાને યહોવાહે આજ્ઞા દીધી હતી તેમ તેણે કર્યું. છેવટના ભાગમાં આમ લખેલું છે કે, "એ પ્રમાણે મુસાએ તે કામ પૂરૂં કીધું. દરેક વાનાં યહોવાહે બતાવેલા નમુના તથા હુકમ પ્રમાણે કરાયાં હતાં.

દરેક વાનું યહોવાહની ખરેખરી સમક્ષતાની ઉપમારૂપ હતું, અને સંપૂર્ણ થયલું ભક્તિસ્થાન યહોવાહના ગૌરવથી જ્યારે ભરાઇ ગયું ત્યારે એ ખરાપણાના સ્વરૂપનો ચિતાર લોકોના અંતઃકરણમાં તાજો રહ્યો. એ ગૌરવ એટલો ભારે હતો કે, મુસા પણ મુલાકાત મંડપમાં પેસી શક્યો નહિ.

આ પ્રમાણે યહોવાહની સમક્ષતા, અને તેના સામર્થ્ય હેઠળ તે પ્રજાનું બંધારણ અને આ નીચેની સારી બિના જણાવતાં ઇતિહાસકર્ત્તા પુસ્તકની સમાપ્તિ કરે છે કે, **યહોવાહ દેવની સમક્ષતા હમેશાં તેમની જીંદગીના વહેવારમાં, અને તેમના ભક્તિકાર્યમાં તેમને દોરવતી હતી.**

પ્રશ્નો.

૧. નિર્ગમનના પુસ્તકનો આરંભ કયા શબ્દથી થવો જોઇએ, અને એ શબ્દ એનો સંબંધ કોની સાથે દર્શાવે છે તેનો ખુલાસો લખો.

૨. મુસાએ પોતાના પ્રથમ ભાગની તૈયારી ક્યાં કરી ?

૩. ચાળીસ વર્ષની વયે જો મુસાએ ઇસ્રાએલીઓનો છૂટકો કરવાનો પ્રયત્ન કર્યો હોત તો તે નિષ્ફળ જાત, એનું કારણ દર્શાવો.

૪. જ્યારે મુસા પોતાના લોકોની આગળ પ્રથમ ગયો અને નિરાશ થઇને પાછો આવ્યો તે દરમ્યાન ઇશ્વરી ચળવળની તેને ખાતરી થાય તેને માટે કયાં વચનો વાપરેલાં છે ?

૫. હઠીલાપણા વિષેનો ખુલાસો આપો.

૬. આનંદ અથવા છુટકારાનું પર્વ કયું હતું એ સંબંધીનો ખુલાસો આપો.

૭. ફારૂનનો નાશ ક્યાં, ને કેવી રીતે કરવામાં આવ્યો તેનું વર્ણન કરો.

૮. બંધારણ કે રચનાની ટુંકા રૂપમાં તમારી સમજ પ્રમાણે મતલબ આપો.

૯. મેજ, સોનાનું દીપવૃક્ષ, પાટીઆં, સળીઆં, મુખ્ય પડદો, પિત્તળની વેદી આ સર્વ શું સૂચવતાં હતાં ?

૧૦. જે વખતે નિયમ સ્થાપક ભક્તિસેવાને માટે આકાશી વાનાંનો નમુનો પહાડ ઉપર પ્રાપ્ત કરતો હતો, તે વખતે ખીણમાંના લોકોમાં કયો બનાવ બન્યો તે દર્શાવો.

લેવીય–વિધિઓનું પુસ્તક (નિયમગ્રંથ).

अ. પ્રતિષ્ઠા-અર્પણો. અ. ૧-૭.	ब. મધ્યસ્થી-યાજકો. અ. ૮-૧૦.	क. અળગાપણું-લોકો. અ. ૧૧-૨૨.	ड. પ્રતિષ્ઠા-પર્વો. અ. ૨૩, ૨૪.	इ. બહાલી-ચિન્હો. અ. ૨૫-૨૭.
સમક્ષતામાં આવવાનાં સાધનો.	સાધનોનો ઉપયોગ.	ઉપયોગની શરતો.	સમીપતામાં સમાએલા લાભ.	સંબંધનાં લક્ષણો.
૧. અર્પણો. અ. ૧-૬ ; ૭. ભક્તિકાર્યો. अ દહનીયાર્પણ. અ. ૧. ब ખાદ્યાર્પણ. અ. ૨. क શાંત્યાર્પણ. અ. ૩. ड પાપાર્થાર્પણ અ. ૪. इ દોષાર્થાર્પણ. અ. ૫-૬ : ૭. **૨. અર્પણોના નિયમો. અ. ૬ ; ૮. અ. ૭.** ભક્તિ કરનાર.	**૧. યાજકોનો અભિષેક. અ. ૮.** अ તૈયારી. અ. ૮ ; ૧-૯. ब અભિષેક. ૮ ; ૧૦-૨૪. क અર્પણ અને પુનઃઅભિષેક. **૨. કામે લાગેલા યાજકો. અ. ૯.** अ પોતાને માટે અર્પણ. ૯ ; ૧-૧૪. ब લોકોને માટે અર્પણ. ૯ ; ૧૫-૨૪. **૩. નાદાબ અને અબિહૂ. અ. ૧૦.** अ તેમનું પાપ. ૧૦ ; ૧-૭. ब તે ઉપરથી અપાયલી ચેતવણી. ૧૦ ; ૮-૨૦.	**૧. યહોવાહ રક્ષિત પ્રજા. અ. ૧૧-૧૭.** अ શુદ્ધતા. અ. ૧૧-૧૫. ब પ્રાયશ્ચિત્તનો દિવસ. અ. ૧૬. क અર્પણો સંબંધી સામાન્ય સૂચનાઓ. અ. ૧૭. **૨. યહોવાહને પ્રસિદ્ધ કરતી પ્રજા. અ. ૧૮-૨૨.** अ દુષ્ટ રિવાજોથી અળગાપણું. અ. ૧૮. ब શુદ્ધતાને માટે તેડું. અ. ૧૯. क અશુદ્ધતા તથા અપવિત્રતા વિરૂદ્ધ નિયમો. અ. ૨૦. ड યાજકોની જવાબદારી. અ. ૨૧, ૨૨.	**૧. પર્વો. અ. ૨૩.** अ સાબ્બાથનું. ૨૩ ; ૧-૩. ब પાસ્ખા પર્વ. ૨૩ ; ૪, ૫. क બેખમીરી રોટલીનું. ૨૩ ; ૬-૮. ड પ્રથમ ફળનું. ૨૩ ; ૯-૧૪. इ પચાસી પર્વ. ૨૩ ; ૧૫-૨૨. फ રણશિંગડાનું. ૨૩ ; ૨૩-૨૫. ग પ્રાયશ્ચિત્તનું. ૨૩ ; ૨૬-૩૨. ह માંડવા પર્વ. ૨૩ ; ૩૩-૪૪. **૨. અભિષેક-અર્પણનાં ચિન્હો. અ. ૨૪ ; ૫-૯.** अ તેલ. ૨૪ ; ૧-૪. ब અર્પણ કરેલી રોટલી. ૨૪ ; ૫-૯. **૩. દુર્ભાષણ કરનાર. ૨૪ ; ૧૦-૨૩.**	**૧. ફરજ્યાત. અ. ૨૫, ૨૬.** अ જમીનનો વિશ્રામ. ૨૫ ; ૧-૭. ब જુબીલી. ૨૫ ; ૮-૫૫. क બોધવચનો. ૨૬. **૨. ઐચ્છિક. ૨૭.** માનતાઓ.

લેવીય.

આ નિયમોનું પુસ્તક છે. વાજબી રીતે તે યાજકોનું માર્ગદર્શક પુસ્તક કહેવાયું છે. હેબ્રી ભાષામાં એનું નામ "વયાક્રા" એવું છે, જેનો અર્થ "અને તેણે બોલાવ્યો" એવો થાય છે. અને આ પુસ્તકનું પહેલું વાક્ય પણ એજ છે. પહેલી કલમ એ આખા પુસ્તકના સારરૂપ છે. નીતિનો નિયમ પર્વત મધ્યેના ગૌરવની મધ્યમાંથી આવ્યો હતો. ભક્તિ સંબંધીના નિયમો મંડપમાંથી અપાયા હતા. આ પ્રમાણે નિર્ગમનના પુસ્તકમાં જે વિષય વર્ણવેલો છે, તેની સાથે આ પુસ્તકના વિષયનો સંબંધ જોડ્યો છે. અને તે પુસ્તકના ખરા સાંધણરૂપ આ પુસ્તક છે.

પ્રજાને ગુલામગીરીમાંથી છોડવી આણવામાં આવી હતી, અને તેનું બંધારણ કરાયું હતું. તે પ્રજાના જીવનમાં આ એક બંધન તેમને માટે નક્કી થયું હતું કે, તેઓ મંડપમાં સેવા ભક્તિનું કાર્ય ચલાવે. નિર્ગમનના પુસ્તકનો આખો ચિતાર, પ્રજાના જીવનમાં ભક્તિકાર્યનું અતિ ઉપયોગી સ્થળ કયું છે, તે બતાવે છે. એમ છતાં તે આ બાબતનું પણ સ્પષ્ટિકરણ કરે છે કે, ભક્તિકાર્ય, માત્ર મધ્યસ્થ અથવા મેળાપ કરાવનારની મારફતેજ પ્રાયશ્ચિત્તથીજ થઇ શકે છે, કેમકે મનુષ્ય પાપી છે. હવે જે સઘળી બાબતોનો વિચાર કરવાનો છે, તેના મૂળ પાયામાં આ પ્રમાણે પાપનો સિદ્ધાંત રહેલો છે. દેવના ઠરાવ અને વ્યવસ્થામાં પાપના સિદ્ધાંત અને ભક્તિસેવાની શક્યતાના સિદ્ધાંતમાંથી ઉદ્ધારની નિશ્ચયતાનું ઝાંખું દર્શન થાય છે. આ પુસ્તકમાં જે નિયમો ઠરાવી આપવામાં આવ્યા છે તે આ અતિ અગત્યની બાબતોના સંબંધમાં છે.

આખા પુસ્તકના પાંચ ભાગ પાડેલા છે. ૧ લો, સમક્ષ આવવાનાં સાધનોનું નિરાકરણ (અ. ૧-૭). ૨ જો, યાજકપદની સ્થાપના કે જેની મારફતે સાધનોનો ઉપયોગ થઇ શકે (અ. ૮-૧૦). ૩ જો, અળગાપણાનું જીવન, જે સાધનોના ઉપયોગની સરત છે તે (અ. ૧૧-૨૨). ૪ થો, પમો, જેમાં સમીપતામાં સમાયલા લાભોનો ચિતાર આપવામાં આવેલો છે તે (અ ૨૩-૨૪). છેલ્લો, સંબંધનાં લક્ષણો કે ચિન્હો, જેઓ સમીપતાનો હક જારી રાખવાનું રક્ષણ કરતાં હતાં તેઓ (અ. ૨૫-૨૭).

અ. પ્રતિષ્ઠા-અર્પણો.

આ ભાગમાં યહોવાકે એવાં સાધનોનું સ્પષ્ટિકરણ કરેલું છે કે જે વડે તેના લોકો ભક્તિકાર્યની મારફતે તેની સમીપ આવી શકે. અર્પણોનું વર્ણન પ્રથમ આપવામાં આવ્યું છે, અને ત્યાર પછી તે સંબંધીના નિયમો અપાયા છે. પંડનાં

સમર્પણોનો વિધિ અને તેનો હેતુ સંપૂર્ણ બહાર પાડવાને પાંચ પ્રકારનાં અર્પણોની જરૂર પડતી હતી. પ્રથમ અર્પણ દહનીયાર્પણ હતું, જેમાં સંપૂર્ણ સમર્પણની જરૂરીઆતનો અર્થ સમાયલો હતો. અગ્નિથી દહન થયલું દોષ રહિત હલવાન, જાત અને પુષ્કળતામાં સંપૂર્ણ પ્રકારના સમર્પણની જરૂરીઆતનો અર્થ સૂચવતું હતું. ખાદ્યાર્પણ એ માણસોના હાથનાં કામ, જમીનની ઉપજનું ફળ, ખેતીની નિપજ, હુન્નર અને તૈયાર કરેલાં વાનાંનું બનેલું હતું, જે એવો અર્થ સૂચવતું હતું કે, સંપૂર્ણ સેવા તેમજ સંપૂર્ણ જીંદગીના સંપૂર્ણ સમર્પણની જરૂર હતી. શાંત્યાર્પણનો કંઇક ભાગ અગ્નિથી બાળી નંખાતો, અને કંઇક ભાગ અર્પણ ચઢાવનારથી ભક્ષ થતો, તે સંગત કે મેળાપનું ચિન્હ હતું. યહોવાહની અતિ પવિત્ર નજરમાં પાપ તે પાપજ છે, પછી તે જાણી જોઇને થયું હોય કે અણજાણતાં થયું હોય. પાપાર્થાર્પણ એ માટે ઠરાવી આપવામાં આવ્યું હતું કે, જેઓ યહોવાહને અર્પણ થયા હોય, તેઓ પણ જો નિષ્ફળ નિવડે, ભૂલ ખાય કે પડી જાય તોપણ તેમની સાથે અર્પણના ધોરણે કામ લેવામાં આવે એવું તે શિખવે. દોષાર્થાર્પણ અમુક ખોટાં કર્મોને માટે ઠરાવી આપવામાં આવ્યું હતું. આ સંબંધમાં દોષ શબ્દનો અર્થ માત્ર ખરા રસ્તાથી દૂર જવાના કરતાં વધારે થાય છે. ખરેખરા અને જાણીબુઝીને રાજીખુશીથી કરવામાં આવતા ખોટા કર્મના વિચારનો એમાં સમાવેશ થાય છે.

ભક્તિકાર્યને માટે અર્પણોરૂપી ઇશ્વર પ્રણીત સાધનો પ્રગટ કરાયાં, ત્યાર પછી એ અર્પણોના વિધિના સંબંધમાં સૂચનાઓ આપવામાં આવી, કે જેમાં ભજનારના મનની ખરી વલણનું સ્પષ્ટિકરણ થતું હતું. દરેક અર્પણના સંબંધમાં વિગતવાર સૂચનાઓ હતી કે જે ખુબ મનન કરવા યોગ્ય વિચારોથી ભરપૂર છે. એ ક્રિયા, વિધિ ઇશ્વર સ્થાપિત અને વ્યવસ્થિત થયલો હતો, અને તેમાં કંઇ નકામું કે નિરૂપયોગી નહોતું. દરેક વિગત ખાસ અર્થ સૂચક હતી, અને તેનો આશય એ હતો કે, દરેક ભજનારના મન ઉપર જે સત્ય સિદ્ધાંતો અતિ અગત્યના હતા તેની છાપ પડે. અને તેના મનમાં એવું ઠસી જાય કે, જે પ્રજાની મહત્વતા યહોવાહ સાથેના ખાસ નિકટ સંબંધમાં સમાયલી હતી, તે પ્રજાના એક સભ્ય જન તરીકે પોતાના અર્પણના ગંભીર સ્વરૂપ વિષે તે પુરેપુરો વાકેફગાર થાય.

૨. મધ્યસ્થી—યાજકો.

પુસ્તકનો બીજો ભાગ મધ્યસ્થીના નિયમોના સંબંધમાં છે, તેમાં ઐતિહાસિક સંક્ષિપ્ત વર્ણન આવે છે. તેમાં યાજકો તથા મંડપની પાવન અભિષેક ક્રિયાનું તેમજ ભક્તિકાર્યના વિધિનું શરૂઆતનું વર્ણન કરવામાં આવ્યું છે; અને એ પ્રમાણે યજ્ઞોના ધોરણે યહોવાહના લોકો મધ્યસ્થપણાની મારફતે તેની હજુરમાં આવે તે વિષેની યહોવાહની યોજના પ્રદર્શિત કરાયલી છે. મોટી ગંભીર સભાની

મધ્યે યાજકોને સ્નાન કરાવવામાં આવ્યું. પાવન કરવાની-સમર્પણ થવાની ક્રિયાનો પવિત્ર વિધિ ત્યાર પછી આગળ વધ્યો, એ ક્રિયાનો વિધિ સાત દિવસ સુધી કરવામાં આવ્યો.

યાજકોને પાવન કરવાના આ બ્યાન પછી તરતજ તેમના કાર્યના આરંભનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રથમ જન સમાજને, તેમને આપવામાં આવેલી સૂચનાઓ પ્રમાણે પોતાની સાથે અર્પણો લઇને એકઠો બોલાવવામાં આવ્યો. જન સમાજ યહોવાહની સન્મુખ ગાંભીર્યતા વાળી શાંતતા સહિત ઉભો હતો, તે દરમ્યાન હારૂને સંપૂર્ણ અધિકારયુક્ત પોતાના હોદ્દાના કાર્યનો આરંભ કર્યો. તેનું પ્રથમ કર્ત્તવ્ય પોતાને માટે પાપાર્થાર્પણ તથા દહનીયાર્પણ ચઢાવવાનું હતું. ત્યાર પછી તરતજ લોકોના તરફના તેના પ્રથમના કર્ત્તવ્યની શરૂઆત થઇ. પ્રથમ પાપાર્થાર્પણ, તેમાં પાપને માટે પ્રાયશ્ચિત્તની અગત્યતા સૂચવેલી છે. ત્યાર પછી દહનીયાર્પણ કે જેમાં યહોવાહ પ્રત્યે સર્વ જીવથી કરવાની સેવાભક્તિ સૂચવેલી છે. ત્યાર પછી ખાદ્યાર્પણનું બ્યાન છે, જે કાર્ય ફરજ અને સેવામાં આસ્થાનો અર્થ દર્શાવે છે. છેવટે શાંત્યાર્પણ કે જે મેળાપનું ચિન્હ છે તેનું વર્ણન છે. આ પ્રમાણે સમીપતાનાં અર્પણોની કિંમત માત્ર યાજકોના મધ્યસ્થપણાની મારફતેજ પ્રાપ્ત કરી શકાય.

યાજકપદના અધિકારયુક્ત કાર્યના બ્યાનના આરંભમાંજ નિષ્ફળતાનાં ચિન્હો જણાયાં. હારૂનના બે પુત્રો, નાદાબ અને અબિહૂએ યહોવાહની સન્મુખ પારકો અગ્નિ ચઢાવ્યો, અને એકદમ અગ્નિથી મરાયા. વિચિત્ર ગંભીર શબ્દો, એ સંબંધમાં, આ હતા કે, "હારૂન શાંત રહ્યો." તેઓ તેના પોતાના પુત્રો હતા, પણ યહોવાહ સાથેનો તેનો સંબંધ તે તેમની સાથેના સંબંધ કરતાં પણ ચઢતા પ્રકારનો હતો, અને એ સંબંધમાં તેનું કર્ત્તવ્ય માત્ર એજ હતું કે, તે આધીન-પણાથી ચૂપ રહે છે. બીજા યાજકોને ગંભીર રીતે સખ્ત આજ્ઞા આપવામાં આવી હતી કે, તેઓ શોકનાં કંઇ ચિન્હો દર્શાવે નહિ, અને પોતપોતાની જગ્યા તેઓ સાચવે.

क. અળગાપણું—લોકો.

જો કે, સમીપતાને માટે સાધન ઠરાવી અપાયું હતું, તે સાધનને ઉપયોગમાં લેવાનો વિધિ નિમી અપાયો હતો, તોપણ હજી અમુક સરતો પૂર્ણ કરવાની હતી, એ માટે કે, લોકો ઠરાવેલા સાધનનો લાભ પ્રાપ્ત કરી શકે. એ સરતોનો સંક્ષિપ્ત ખુલાસો એ આપી શકાય કે, તેઓ સંપૂર્ણ રીતે યહોવાહના હવાલામાં સોંપાય. તેઓ યહોવાહને માટે સંપૂર્ણપણે જુદા કરાય. તેઓ યહોવાહના અધિકારવાળા અને યહોવાહનો મહિમા દર્શાવનારા લોકો થવાના હતા. શરીર તંદુરસ્તીની બાબતમાં યહોવાહનો અધિકાર સ્વીકારાવો તેમજ માન્ય થવો જોઇએ, તેને સંપૂર્ણ

રીતે આધીન થવું જોઇએ. ખોરાક સંબંધી, બાળકના પ્રસવ સંબંધી, કોઢ સંબંધી અને સર્વ પ્રકારની અશુદ્ધતા સંબંધી બારીક નિયમો અપાયા હતા. આ વિભાગમાં વળી મોટા પ્રાયશ્ચિત્તના દિવસના વિધિ સંબંધીની સૂચનાઓ આપવામાં આવી હતી, કારણ કે, યહુદી વ્યવસ્થાની આખી બાબતમાં ઘણું કરીને ધર્મનો એ સૌથી અગત્યનો વિધિ હતો. તે એજ દિવસ હતો કે જ્યારે પ્રમુખયાજક પરમ પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરતો હતો, અને એ પ્રવેશ સંબંધીની સઘળી વ્યવસ્થાની હકીકત વિગતવાર આપેલી હતી. આ દિવસના વિધિમાં જાણીતાં અને અણજાણીતાં પાપોનો આખો સવાલ સમાયલો હતો. તે માટે દિવસે લોકોએ કેવી સ્થિતિ ધારણ કરવી તે સંબંધીની ખાસ ચોક્કસ સૂચનાઓ આપવામાં આવી હતી. તે દિવસે તેઓએ આરામ લેવો, અને પોતાના જીવને કષ્ટ આપવું. તે દિવસ ગંભીર ઉપવાસનો અને પોતાને લીન કરવાનો હતો. જેથી તે દિવસે તેઓને તેઓનાં પાપનું, તેઓના શુદ્ધિકરણને માટે યહોવાહના ઠરાવેલા ઉપાયનું, અને ભક્તિકાર્યની મારફતે યહોવાહની સમીપ આવવાના તેમના હકનું સ્મરણ થતું હતું. ત્યાર પછી અર્પણોના સંબંધમાં ખાસ સૂચનાઓ અપાઇ હતી.

એ પછી અળગાપણાના નિયમોએ જરાક બદલાયલું સ્વરૂપ ધારણ કર્યું. એટલે સુધીનો મુખ્ય તાત્પર્ય યહોવાહની સાથેના સંબંધની બાબતનાં મૂળતત્વો વિષે છે. અળગાપણાના જીવનમાં તેનાં લક્ષણો સંબંધી વિશેષ પ્રકારે વર્ણન કરેલું છે. મિસર અથવા કનાન દેશના લોકોના કોઇ પણ કૃત્યોનું અનુકરણ કરવાની લોકોને સખત મના કરવામાં આવી હતી.

ત્યાર બાદ અપાઇ ગયલાજ કાયદાઓનું પુનરાવર્ત્તન આવે છે. વિશેષ ભાર દઇને તેની તેજ વાત ફરી કહેવામાં આવે છે. "તમે પવિત્ર થાઓ, કેમકે હું તમારો દેવ યહોવાહ પવિત્ર છું." આખા એક અધ્યાયમાંજ (અ. ૨૦) આ ગંભીર પ્રકટીકરણ લગભગ ચૌદ વખત કરેલું છે કે, "હું યહોવાહ છું." એમ છતાં અશુદ્ધતા અને મલીનતાના સંબંધમાં બીજા વધારાના નિયમો ફરીથી આપવામાં આવ્યા છે, અને અમુક પ્રસંગે અનાધીનતાને માટે મરણદંડની શિક્ષા ઠરાવાઇ છે.

આ ભાગનો છેલ્લો વિભાગ યાજકની જવાબદારી સંબંધીનો છે. લોકો તરફનો તે મધ્યસ્થ નિમાયલો હોવાથી, યહોવાહની ખાસ સમક્ષતામાં હમેશ તે ઉભો રહેનાર હોવાથી, સર્વ મનુષ્યોની સમક્ષ બહારના જીવનમાં અને વર્ત્તનમાં જે પવિત્રતા વગર કોઇ માણસ દેવને જોઇ શકશે નહિ તે તેણે પ્રસિદ્ધ કરવી જોઇએ.

૩. સમર્પણ-પર્વો.

યજ્ઞાર્પણમાં ગર્ભિત અર્થના સૂચવ્યા પ્રમાણે યહોવાહને અર્પિત થયલા, જીવનના સર્વ વ્યવહારોમાં જગતથી જુદા થયલા, અને યહોવાહથી તેને પોતાને

સમર્પણુ થયલા, એવા લોકો યાજકપદના કાર્યની મધ્યસ્થીને દ્વારે યહોવાહની સન્મુખ આવવાનો હક ધરાવતા હતા, એ બાબતની પ્રજાકીય નિશાણીઓ અને ચિન્હરૂપ યહોવાહનાં પર્વો હતાં.

વિશ્રામવારને સૌથી મોટી અગત્ય આપવામાં આવી હતી. તે નિરંતર જારી રહે એવું પર્વ હતું, અને તે આખા વર્ષ દરમ્યાન દર સાતમે દિવસે પાળવાનું હતું.

એ પછી સમયો, ઋતુઓ અને વર્ષની આખરના સંબંધમાં પાળવાનાં બબ્બે પર્વોની નિમણુકનું વર્ણન છે. આ પ્રમાણે સમયોની સઘળી ગણના, કાળાનુક્રમ અખંડ સત્યતાના સંબંધની હતી. પ્રથમ પર્વ પાસ્ખાનું હતું, અને તે બેખમીર રોટલીના પર્વમાં ભળી જતું હતું. એ પર્વોથી વર્ષનો આરંભ થતો હતો. પ્રથમ ફળનું પર્વ, જે દેશમાં યહોવાહ તેમને લઇ જવાનો હતો તે દેશને માટે ઠરાવેલું હતું. દેશનો કબજો લેવાનો આરંભ થતાં આ સત્ય સિદ્ધાંત તેઓને નિરંતર યાદગાર થયો, કે જે કંઇ તેમની પાસે હતું તે તેમની પોતાની મહેનતથી તેમને મળ્યું હોય તે કરતાં યહોવાહે તેમને આપ્યું તેનું પરિણામ એ હતું.

પૂરાં સાત અઠવાડીઆં, જે દરમ્યાન ફસલનો પૂરો પાક સમેટી લેવાનો હતો, તે વિતી ગયા પછી કાપણીનું તથા પચાસમા દિવસનું પર્વ પાળવાનું હતું. એ બન્ને પર્વો તેમને એ વાતની યાદ દેતાં હતાં કે, તેમની સઘળી જરૂરીઆતો યહોવાહ પોતે પૂરી પાડતો હતો. સાતમો માસ તે સૌથી પવિત્ર માસ હતો. એ માસમાં બે મોટાં પર્વો પાળવામાં આવતાં હતાં, એટલે પ્રાયશ્ચિત્તનો દિવસ તથા માંડવા પર્વ. એ પહેલાં એઓની તૈયારી કરનારૂં રણશિંગડાનું પર્વ પળાતું, આ પર્વ સાતમા માસને પહેલે દિવસે પળાતું. આ પર્વના ખાસ બનાવો વિશ્રામ અને યહોવાહની ઇચ્છાનો ઢંઢેરો એ હતા. માસનો દસમો દિવસ તે પ્રાયશ્ચિત્તનો મોટો દિવસ હતો, જેનું વર્ણન આગળ કરેલું છે. વર્ષનું છેલ્લું પર્વ તે માંડવા પર્વ હતું. ખેતીના કામમાં ઉઠાવેલો સઘળો શ્રમ અને એ શ્રમનું વેતન એકઠું કરી લેવાની પૂર્ણતા થયા પછી એ પર્વ પળાતું હતું. સાત દિવસ સુધી લોકો માંડવામાં રહેતા અને નિયમપુસ્તકનું વાંચન શ્રવણ કરતા. સમર્પણનાં ચિન્હો એટલે તેલ તથા અર્પેલી રોટલીના સંબંધની સૂચનાઓથી આ પેટા ભાગની સમાપ્તિ થાય છે.

द. મંજુરી-ચિન્હો.

દેશનો કબજો લીધા પછી જે ધોરણે દેશમાં કામ લેવાનું હતું તે ધોરણનાં બહારનાં ચિન્હો, ગંભીરતા પૂર્વક અપાયલાં વચનો અને ચેતવણીઓ સંબંધી ફરમાનના નિયમો અપાયા હતા.

જમીનના વિશ્રામના સાતમા વરસમાં જમીનનું યહોવાહનું અસલ ધણીપણું પ્રગટ કરવામાં આવ્યું હતું. બીજું ચિન્હ જુબીલી વર્ષનું હતું, જેમાં યહોવાહના

ધણીપણા ઉપર આધાર રાખનારો મનુષ્ય સંબંધનો મોટો ભ્રાતૃભાવ–માંહોમાંહેનો ખરો સંબંધ તેમના મન ઉપર ઠસાવવામાં આવ્યો હતો.

જુબીલી વર્ષના નિયમો જમીન, રહેવાનાં ઘરો, એ માણુસોનાં તન ઉપર અધિકાર ધરાવનારાં હતાં. આ ધારાઓમાં દુનિયાદારીના ક્રમનો પાયો મજબૂત નાખવામાં આવ્યો હતો. માણુસ માણુસ વચ્ચેનો સઘળો સંબંધ, પછી તે માણુસની જાત સંબંધીનો હોય કે તેની મિલ્કત સંબંધીનો હોય, તે યહોવાહ પ્રત્યેના લોકોના મુખ્ય સંબંધને અનુસરીને ગોઠવવામાં આવ્યો હતો.

પુસ્તકની સમાપ્તિમાં જુદા જુદા પ્રકારની માનતાઓનો પેટા ભાગ આવેલો છે. તેને માટે જે ધોરણ ઠરાવવામાં આવ્યું છે તે એ છે કે, માનતાઓ માનવાની અગત્ય નથી, તોપણ જે કોઇ માનતા માને તો તેણે આસ્થાથી અને ધાર્મિક-પણાથી પૂરી કરવી.

પ્રશ્નો.

૧. નીતિના નિયમો તથા ભક્તિ સંબંધીના નિયમો ક્યાંથી અપાયા હતા ?

૨. આ પુસ્તકના કેટલા ભાગ પાડેલા છે, તે અધ્યાય તથા વિગત સાથે આપો.

૩. કેટલા પ્રકારનાં અર્પણો હતાં, અને તેમાં શો અર્થ સમાએલો હતો, એનો ખુલાસો આપો.

૪. યાજકોની મધ્યસ્થીનું કર્ત્તવ્ય શું હતું, તેનો ખુલાસો લખો.

૫. "હારૂન શાંત રહ્યા" આનો ભાવાર્થ શો છે ? અને એ બિનાથી તમે શું શિખશો ?

૬. ક્યાં કર્ત્તવ્યો વડે લોકો અળગાપણાની સ્થિતિમાં આવી શકે, તેનો ખુલાસો આપો.

૭. પાસ્ખાપર્વ, પ્રથમ ફળનું પર્વ અને માંડવા પર્વ એનો ખુલાસો આપી સમજાવો.

ગણના—પ્રવાસનું પુસ્તક.

अ. દેશની હદ ઉપર. અ. ૧-૧૦.	ब. પ્રવેશ, પ્રતિબંધ અને પ્રવાસ. અ. ૧૧—૨૫.	क. દેશની હદ ઉપર. અ. ૨૬-૩૬.
૧. છાવણીનો અનુક્રમ. અ. ૧-૪. ૧ ગણત્રી. અ. ૧. ૨ છાવણી. અ. ૨. ૩ લેવીઓ. અ. ૩, ૪. **૨. છાવણીની શુદ્ધતા. અ. ૫, ૬.** ૧ ભ્રષ્ટતાથી શુદ્ધિકરણ. અ. ૫. ૨ ખાસ પ્રતિષ્ઠા. અ. ૬. **૩. છાવણીમાં ભક્તિ-સેવા. અ. ૭-૯; ૧૪.** ૧ સરદારોનાં અર્પણ. અ. ૭. ૨ ભક્તિસેવાનો અનુક્રમ. અ. ૮. ૩ પાસ્ખા પર્વ અને શુદ્ધિ-કરણ. અ. ૯; ૧-૧૪. **૪. છાવણીની હીલચાલ. અ. ૯; ૧૫-અ. ૧૦.** ૧ મેઘથી નિર્માણ થયલી. ૯; ૧૫-૨૩. ૨ વરદી અને સૂચના અનુ-ક્રમની પદ્ધતિ. અ. ૧૦.	**૧. અસંતોષ. અ. ૧૧; ૧૨.** ૧ યહોવાહ વિરૂદ્ધ લોકો. ૧૧; ૧-૩. ૨ સ્થિતિ, પ્રસંગ વિરૂદ્ધ મિશ્ર ટોળું. ૧૧; ૪-૧૫. ૩ મુસા વિરૂદ્ધ હારૂન અને મરિયમ. અ. ૧૨. **૨. વિપત્તિ. અ. ૧૩, ૧૪.** ૧ ભય, માખીનો ઉપદ્રવ. અ. ૧૩. ૨ બળવો. ૧૪; ૧-૩૫. ૩ અનુમાન. ૧૪; ૩૬-૪૫. **૩. કેળવણી. અ. ૧૫-૨૫.** ૧ કૌટુંબિક. અ. ૧૫-૨૦; ૧૩. ૨ સાબ્બાથ ભંગ કરનાર. અ. ૧૫. ૩ કોરાહ, દાથાન અને અબીરામ. અ ૧૬. ૪ ધારા. અ. ૧૭-૧૯. ૫ મરિયમનું મરણ. અ. ૨૦; ૧. ૬ મુસા તથા હારૂનની નિષ્ફળતા. અ ૨૦.	**૧. ગણના. અ. ૨૬.** ૧ સ્ત્રીઓનો વારસો. અ. ૨૭; ૧-૧૧. ૨ મુસાનું તેડું. અ. ૨૭; ૧૨-૨૩. (પૂર્વાપર સંબંધ. પુ. ૩૪). ૩ નિયમોનું પુનરાવર્ત્તન. અ. ૨૯, ૩૦. ૪ મિદ્યાનીઓ સાથે વિગ્રહ. અ ૩૧. ૫ રૂબેન, ગાદ અને મના-શ્શેહના અર્ધા કુળનો વાંટો. અ. ૩૨. ૬ પ્રવાસનોંધની યાદી. અ. ૩૩; ૧-૪૯. ૭ નિયમોનું પુનરાવર્ત્તન. અ. ૩૩; ૫૦-અ. ૩૬. **૨. બહારની. અ. ૨૦; ૧-૧૪-અ. ૨૫.** ૧ અદોમ. ૨૦; ૧૪-૨૧. ૨ હારૂનનું મૃત્યુ. ૨૦; ૨૨-૨૯. ૩ કનાનીઓ પર જય. ૨૧; ૧-૩. ૪ કચકચ. ૨૧; ૪-૯. ૫ સીહોન ને ઓગ. ૨૧; ૧૦-૩૫. ૬ બલઆમ. ૨૨-૨૫.

ગણના.

ગણનાના પુસ્તકમાં અરણ્ય સંબંધીનું વર્ણન આવેલું છે. અનાજ્ઞાંકિત-પણાને લીધે લાંબા વખત સુધી આપવામાં આવેલી તાલીમનું વર્ણન મુખ્યત્વે કરીને એમાં છે. પ્રજાકીય વિચાર આગળ વૃદ્ધિ પામે છે, કારણ કે પોતાનાં પસંદ કરેલાં સાધનો-પાત્રોની નિષ્ફળતા વિરૂદ્ધ યહોવાહ પોતાના ઠરાવોનું હમેશાં રક્ષણ કરે છે. પોતાની તેમજ આસપાસની દુનિયા સાથેના વ્યવહારનાં સાધનરૂપ

થવાને જે પ્રજાને યહોવાહે પસંદ કરીને નિવડી હતી તે પ્રજાના ઉદય અને તેના બંધારણ વિષે આપણે નિર્ગમનના પુસ્તકમાં વાંચ્યું છે. લેવીયના પુસ્તકમાં તે પ્રજાની ભક્તિસેવા વિષેના નિયમોનું વર્ણન કર્યું છે. દેશના ખરે-ખરા કબજા વિષેની હીલચાલનું વર્ણન આ પુસ્તકમાં શરૂ થાય છે. એમ છતાં આ હીલચાલ લગભગ ચાળીસ વર્ષ સુધી અટકી પડી, તેથી આ પુસ્તકમાં મુખ્યત્વે કરી તે સમયને લગતા બનાવોનું વર્ણન કરેલું છે. દેશની હદ ઉપર લોકો ફરીથી આવી પહોંચે છે, એટલેથી આ પુસ્તકની સમાપ્તિ થાય છે.

આ પ્રમાણે પુસ્તકના સ્વાભાવિક રીતે ત્રણ ભાગ પડે છે. પ્રથમ ભાગમાં દેશમાં પ્રવેશ કરવાની તૈયારીનું વર્ણન આવે છે (અ. ૧-૧૦). બીજા ભાગમાં દેશમાં પ્રવેશ થતાં શા માટે અટકાવ્યા, અને શા માટે ભટકવું પડયું તેનું વર્ણન છે (અ. ૧૧-૨૫). ત્રીજા ભાગમાં લાંબો સમય કેળવાયા પછી કેવી રીતે તેઓ દેશની હદ ઉપર પાછા લવાયા, અને ખરેખરો કબજો લેવા તૈયારી કેવી રીતે થઇ તે વિષેનું વર્ણન આપેલું છે (અ. ૨૬-૩૬).

अ. દેશની હદ ઉપર.

આ ભાગમાં દેશમાં પ્રવેશ કરવાની તૈયારીના સંબંધની પસંદ કરેલા લોકોની છેલ્લી હીલચાલ ઉપર આપણે નિગ્રા રાખીશું, અને એમ કરતાં, છાવણીનો અનુક્રમ, છાવણીની શુદ્ધતા, છાવણીમાં ભક્તિસેવા અને છાવણીની હીલચાલ આપણે તપાસીશું.

યહોવાહના હુકમથી વીસ અને તેથી વધારે ઉમરનાં માણસોની ગણના કરવામાં આવી હતી. આ પ્રથમની હીલચાલ દેશમાં પ્રવેશ કરવાની તૈયારીના સંબંધનીજ માત્ર નહોતી, પણ યહોવાહનો હેતુ પૂર્ણ કરવાના સંબંધની પણ હતી. એ હેતુ પ્રથમ શિક્ષાના સંબંધનો હતો. શુદ્ધતા જાળવવાને માટે ભ્રષ્ટ માણસોનો સંહાર થવાની જરૂર હતી; છાવણી કરી રહ્યા હોય ત્યારે અને કૂચ કરતા હોય ત્યારે દરેક કુળે કઇ જગ્યા લેવી કયા અનુક્રમમાં રહેવું તે વિષેની ખાસ સૂચનાઓ અને હુકમો આપવામાં આવ્યાં હતાં. મધ્ય ભાગમાં મંડપ રહેતો, મંડપની બેઉ બાજુએ તથા પાછલી બાજુએ લેવીઓ છાવણી નાખીને પડતા હતા. મોખરામાં ભક્તિસેવાના આંગણાની નજદીક મુસા તથા યાજકોનો મુકામ હતો. મંડપની સીમાની બહાર ચોમેર યહોવાહના હુકમ પ્રમાણે પ્રજાનાં કુળો પોતપોતાના વાવટા નીચે ટોળાબંધ રહેતા હતા. લેવીઓને બજાવવાની સેવા વિગતવાર દર્શાવવામાં આવી હતી. કૂચ દરમ્યાન તેમજ છાવણીઓ નાખીને રહ્યા હોય તે દરમ્યાન તેમને બજાવવાની પવિત્ર સેવાની ફરજો બહુજ સંભાળપૂર્વક નિમી આપવામાં આવી હતી. આ બધા ધારાઓ અને નિયમો ભક્તિસેવાની સૌથી મોટી અગત્યતાની ગંભીર છાપ લોકોના અંતઃકરણ ઉપર પાડતા હતા, અને તેમને યહોવાહની વ્યવસ્થાનું દિગ્દર્શન કરાવતા હતા.

જેમ જેમ દેશની સમીપ લોકો આવતા ગયા તેમ તેમ છાવણીની શુદ્ધતાની અગત્યતા લોકોના મન ઉપર ઠસાવવામાં આવી હતી. જે સઘળાં અશુદ્ધ હતા તેમને દૂર રાખવામાં આવ્યા હતા. તેઓ દૂર કરાયા હતા, તેનો અર્થ, અલબત એમ થતો નથી કે, તેઓ નાશને અર્થે પડતા મૂકાયા હતા, પણ તેનો અર્થ એટલોજ કે, બીજા લોકોની સંગતમાં, પોતપોતાનાં કુળોમાં તેમની ઠરાવી આપેલી જગ્યાએ રહીને કૂચ કરવાની કે રહેવાની પરવાનગી નહોતી. તરતને માટે એવા પ્રસંગમાં તેઓ માત્ર છાવણીની પાછળ જનારા લોકો જેવા લેખાતા હતા. વળી નીતિની પ્રમાણિકપણાની અગત્યતા વિષે પણ ભાર મૂકીને જણાવવામાં આવ્યું હતું, અને જેઓએ બીજા વિરૂદ્ધ પાપ કર્યું હોય અથવા નુકસાન કર્યું હોય તો તેનો બદલો ભરી આપવાનું દબાણ તેમના ઉપર કરવામાં આવ્યું હતું.

અશુદ્ધોને બહાર કાઢીને છાવણીની શુદ્ધતા જાળવવાના નિયમો આપ્યા પછી યહોવાહને અર્પણ થયલી જીંદગીના ખાસ અને ચોક્કસ ભક્તિભાવના પ્રસંગો સંબંધી ખાસ સૂચનાઓ આપવામાં આવી. નાઝરીના વર્ગ અથવા નાઝરી થવાના હુકમમાં કોઇ પણ પ્રકારના સંસાર-ત્યાગનો બિલકુલ અર્થ સમાયલો નથી. આ પ્રકારના માણસો પોતાના જાતભાઇઓથી તેમજ પોતાના સાધારણ કામકાજેથી તદ્દન અળગા કે જુદા થયા નહોતા, પણ પોતાના લોકમાં તેમની સાથે રહેતા અને પોતાની રોજની જીંદગીની ફરજો બજાવતા; તોપણ ખાસ ઇશ્વરાર્પણ થયલાની સ્થિતિ પોતે ટકાવી રાખતા. તેઓ આ બધી પોતાની રોજની ફરજો, કામધંધો બજાવતાં પણ તેઓ યહોવાહને અર્પણ થયલા ગણાતા. છાવણીની શુદ્ધતાના સંબંધમાં આ ભાગની સમાપ્તિએ, યાજકો લોકોને કેવો અને કઇ રીતે આશીર્વાદ આપે, તેનો ખાસ ઉત્તમ નમુનો આપેલો છે. એ પછી તરતજ છાવણીમાં ભક્તિસેવા સંબંધીની ગોઠવણો કે યોજનાઓનું વર્ણન આપેલું છે. આ ભાગની શરૂઆત, અધિપતિઓએ રાજીખુશીથી ચઢાવેલાં અર્પણોના વર્ણનથી થાય છે. એ સંબંધમાં પ્રથમ આ વાત ધ્યાનમાં રાખવાની છે કે, એ અર્પણો રાજીખુશીથી આપેલાં હતાં. બીજી વાત આ છે કે, બધાંનાં અર્પણ સરખાં હતાં. આ પ્રમાણે હરીફાઇ કરવાના જુસ્સાના સંભવનો અટકાવ કરવામાં આવ્યો હતો, તેમજ તેમના કામની મોટી ઐક્યતાનો હેતુ જાળવવામાં આવ્યો હતો. એ સંબંધીનું વર્ણન ટુંકામાં અને થોડા શબ્દોમાં કરી શકાત તેને બદલે લંબાણથી વિગતવાર વર્ણન આપવામાં આવ્યું છે. દરેકે દરેક માણસનું નામ અને તેણે ચઢાવેલાં દરેકે દરેક અર્પણ, ભેટ, તોલ અને માપ સાથે વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે.

લોકો આગળ વધે તે પહેલાં ભક્તિસેવાના સંબંધની જે છેલ્લી વ્યવસ્થા તેમાં જે ચિન્હ આપવામાં આવ્યું તે દીવીના સંબંધનું હતું. પ્રજાને માટે તે સાક્ષીરૂપ ઉપમા હતી. લેવીઓની શુદ્ધિકરણ ક્રિયામાં અભિષિક્ત તેલ કે લોહી

વપરાયું નહોતું, તેમજ તેમને ખાસ પોશાક પણ આપવામાં આવ્યો નહોતો. તેઓના શુદ્ધિકરણની નિશાણી બહુજ સાદી, એટલે કે, માત્ર પાણીજ હતું. છેવટમાં મોટું પાસ્ખાપર્વ ઉજવવામાં આવ્યું. એક માસ પછી એજ પર્વ ફરીથી ઉજવવાની ખાસ ગોઠવણ કરવામાં આવી, એવા હેતુથી કે, જેઓ અશુદ્ધતા વગેરેના સબબે તેમાં ભાગ લઇ ન શકયા હોય, તેઓ પણ આ પર્વમાં ભાગ લઇ શકે.

આખરે ઉપડવાની સઘળી તૈયારી થઇ ગઇ. સૈન્ય, માત્ર યહોવાહની મરજી જાણવાની રાહ જોતું હતું. મેઘના ચાલવાની સાથેજ તેમને પણ પાછળ પાછળ ચાલવાનું હતું, અને રણશિંગડાં વાગે ત્યારે તેનો જવાબ વાળવાનો હતો. આ રણશિંગડાંના ઉપયોગ સંબંધી બહુ સંભાળપૂર્વક સૂચનાઓ આપવામાં આવી હતી.. જુદા જુદા સૂર ઉપરથી સાંભળનારાઓને જુદા જુદા અર્થ સમજવાના હતા. બીજા માસને વીસમે દિવસે છાવણીની ખરેખરી કૂચ શરૂ થઇ. ઇસ્રાએલના સૈન્યની કૂચ કુળ પ્રમાણે વારા પ્રમાણે એક પછી એક શરૂ થઇ. તે દરેકના આરંભ તથા અંતમાં મુસાએ લોકોને જે ઉત્તેજનદાયક વચનો કહી સંભળાવ્યાં તેથી આ ભાગની સમાપ્તિ થાય છે. (મુસાની પ્રાર્થના ૧૦; ૩૫, ૩૬). એ વચનો એમ સિદ્ધ કરે છે કે, ઇસ્રાએલી લોકો પોતાના દુશ્મનો ઉપર જય પામે, તેમાં તેમની પોતાની સલામતી કાયમ રહે, અને તેમનું ભલું થાય તેનો બધો આધાર યહોવાહના અધિકાર અને તેની સમક્ષતા ઉપર રહેલો છે, એમ મુસા સારીપેઠે સમજતો હતો, અને લોકોને પણ એમ ખાતરીપૂર્વક મનાવવા માગતો હતો.

ब. પ્રવેશ પ્રતિબંધ અને પ્રવાસ (રખડપટ્ટી).

પુસ્તકના આ બીજા ભાગમાં મનુષ્ય નિષ્ફળતાનો ચિતાર આપેલો છે. નીચેના શબ્દોમાં તેનો સામાન્ય સાર ખેંચી શકાય; એટલે, **અસંતોષ, આફત અને કેળવણી.**

અસંતોષ પ્રથમ યહોવાહ વિરૂદ્ધ પ્રકટી નિકળ્યો. શરૂઆતમાં અધિકારી વિરૂદ્ધ કોઇએ ઉઘાડો બળવો જગાડ્યો નહિ. એમ છતાં, લોકોને દાબ સર્વ રીતે કંટાળારૂપ લાગતો હતો. તેઓના જાણવામાં આવ્યું હતું કે, સ્વતંત્રતા એ કંઇ પરવાનો નથી, અને તેથી આખી છાવણીમાં કચકચ અને અસંતોષની લાગણી યહોવાહની જાણમાં આવી. તેનું ન્યાયીકરણ એકાએક અને ઝડપબંધ થયું. મુસાએ મધ્યસ્થી કરી અને અગ્નિ હોલવાયો.

બીજે પ્રસંગે પણ અસંતોષ પ્રકટી નિકળ્યો, પણ આ વખતે તે તેમની સ્થિતિના સંબંધનો હતો. ઇસ્રાએલનાં સૈન્યની પાછળ જે મિશ્ર ટોળું ચાલતું હતું તેની અસર તેમને લાગી. એટલે મિસરમાંની દાસપણાની કઠણ ઝુંસરી

તેઓ દેખીતી રીતે ભુલી જઇને ત્યાંનાં વાનાંની ઇચ્છા કરવા લાગ્યા. મુસાએ ગુંચવાઇને અને વ્યાકુળ થઇને પોતાની ફરિયાદ યહોવાહ આગળ રજુ કરી. યહોવાહે અતિશય ધીરજથી તેની સાથે વાતચિત કરી, અને કચકચીઆ લોકોને માટે તેણે લાવરીઓ અને તેની મારફતે તેઓ ઉપર નાશકારક મરકી મોકલ્યાં. જેમ ગીતકર્ત્તાએ પાછળથી ગાયું તેમ કે, "તેણે તેઓની વિનંતિ સ્વીકારી, પણ તેઓના આત્માઓમાં તેમને નમ્રતા શિખવી."

ત્રીજે પ્રસંગે બંડનો દેખાવ પ્રકટી નિકળ્યો. એવું જણાય છે કે, મરિયમ અને હારૂનના મનમાં અદેખાઇ ભરેલી હતી. મુસાનાં લગ્ન એક કુશી સ્ત્રી સાથે થવાથી તે પોતાની સત્તાનો દુરૂપયોગ કરે છે, એવો વાંધો મુસાની સામે લેવાનું તેમને કારણ મળ્યું. તેમના એ સામે થવાની શિક્ષા તેમને તરતજ થઇ, પણ મુસાની આગ્રહી પ્રાર્થનાથી એ શિક્ષા તેમને માફ થઇ.

હવે એવો વખત આવી લાગ્યો હતો કે જ્યારે લોકો આગળ વધ્યા હોત. ગણનાના પુસ્તકમાં બતાવ્યા પ્રમાણે જાસુસો મોકલવાની વાત યહોવાહના હુકમ પ્રમાણે બની હતી, એમ છતાં પુનર્નિયમના પુસ્તકમાં આ સંબંધમાં મુસાએ આપેલી વિગત સાથે સરખાવીએ તો એમ માલમ પડે છે કે, યહોવાહનો આ હુકમ, લોકોની જાસુસો મોકલવા સંબંધી જે ઇચ્છા હતી તેને અનુસરીને અપાયલો હતો. લોકોના આ બાબતમાં કરેલા ઠરાવ અને વિચાર ઉપરથી સિદ્ધ થાય છે કે, તેમનામાં વ્હેમ અને અવિશ્વાસ હતા. જાસુસો મોકલાયા અને ચાળીસ દિવસમાં તેઓ પાછા ફર્યા, અને જે ખબર તેઓ લાવ્યા તેમાં બે ભાગમાં તેઓ વહેંચાઇ ગયા હતા. એક પક્ષ મોટો હતો અને બીજો નાનો હતો. એક બાબતમાં બન્ને પક્ષ મળતા હતા. એટલે, બધાએ કબૂલ કરતા હતા કે, દેશ સારો અને ઇચ્છવા જોગ છે. પણ મોટા પક્ષની નજર એકજ બાબત પર ઠસી ગઇ હતી, અને બીજી બાજુ તેમના દીઠામાં આવી નહિ. તેઓએ કહ્યું કે, દેશ જીતવામાં અતિશય મુશ્કેલીઓ છે. તેઓ રાક્ષસ જેવા બળવાન અને અજીત છે. નાના પક્ષે ત્રણ બાજુ દીઠી. પ્રથમ યહોવાહ તેમની પક્ષે છે એ દીઠું; ત્યાર પછી દેશ ઉત્તમ છે એ દીઠું; અને ત્યાર પછી છેલ્લે દેશ જીતવાની મુશ્કેલીઓ તરફ નજર ફેરવી. મુખ્ય ભેદ યહોવાહના દર્શનમાં હતો. પહેલા પક્ષને તે દર્શન થયું નહિ, અને બીજાને તે થયું. અફસોસની વાત એ છે કે, જેમ હમેશ બને છે તેમ લોકોએ મોટા પક્ષનો મત સ્વીકાર્યો. તેઓએ ઘણાનું કહેવું માન્યું, અને અતિ ઘણી મૂર્ખાઇ કરીને મિસર દેશમાં પાછા જવાનું પસંદ કર્યું. જુના કરારમાં જે સૌથી ઉત્તમ ચિતાર આપણા દીઠામાં આવે છે તે, આ જગ્યાએ આવે છે. એટલે મુસા લોકો તરફથી યહોવાહ પાસે મધ્યસ્થી તથા વકીલાત કરે છે તે છે. એમ છતાં તેના કાલાવાલા અને વિનંતિઓમાં પાપ કરતી પ્રજા તરફ તેના અંતઃકરણમાં દયા-ભાવ હોય તે કરતાં યહોવાહના ગૌરવી નામની પ્રતિષ્ઠા, તેનું માન, તેનો મોભ્ભો,

તેને માટે પોતાના અંતઃકરણમાં મોટી આસ્થા એ પ્રદર્શિત થાય છે. લોકોને મારી મળી પણ દેશમાંથી તેઓ બાતલ કરાયા. જે દેશ તરફ યહોવાહ તેમને લાવ્યો હતો તેની અવગણના, તેનો નકાર, તેઓએ કીધો અને તેની શિક્ષા તેમને એ થઇ કે, તેમને એ દેશમાં પેસવાનું ન મળે.

યહોવાહે જે ઠરાવ નક્કી કર્યો તે સંબંધી ખોટા પશ્ચાત્તાપનો દાખલો અહીં આપણે જોઇએ છીએ. લોકોને તેમની અતિઘણી મૂર્ખાઇનું ભાન થયું અને ત્યારે પાછા ફરીને દેશનો કબજો પોતાનાજ બળથી લેવાનો ઠરાવ કર્યો. પરિણામે પરાજય અને નાશ થયો.

ત્યાર પછી તેમની કેળવણીનાં લાંબાં વર્ષોનો આરંભ થાય છે. એ દુઃખમય વાર્તા છે. પ્રથમ તો આપણે તેમને એવા સમયમાં જોઇએ છીએ, કે જેમાં તેમની નિષ્ફળતનાં પરિણામો તેમની આંતરિક જીંદગીમાં દશ્ય થાય છે. સાબ્બાથનો ભંગ કરવામાં આવ્યો, અને ગુન્હેગારોને શિક્ષા થઇ. કોરાહ, દાથાન અને અબીરામ એકત્ર મુસાને ઉલટા થયા, અને તેમની ખબર સખત હાથે લેવામાં આવી. એ પછી નવી ગોઠવણ, નવો બંદોબસ્ત થયો, અને જુના નિયમો ફરીથી અપાયા, ત્યાર પછી ચાળીસ વર્ષ પૂરાં થવા આવ્યાં; એવામાં લોકો કાદેશ બાર્નિયાની નજીક આવી લાગ્યા ત્યારે મરિયમનું મરણ થયું, અને ત્યાં તે દટાઇ. એ ઉપરાંત મુસા અને હારૂન પણ એટલામાંજ યહોવાહ પ્રત્યેની ખાસ વફાદારીમાં નિષ્ફળ થયા, અને તેથી તેઓ પણ દેશમાં પેસવામાંથી બાતલ કરાયા. લોકોના પોતાના સંબંધમાં બોલીએ તો એમ જણાય છે કે, જાણે તેઓ પોતે પોતાની મેળે દેશમાં પ્રવેશ કરવાનો યત્ન કરતા આગળ વધતા હતા. એકજ દિવસમાં આગળ વધવાનો તેમનો પ્રયત્ન, અદોમના રાજાના સામા થવાથી નિષ્ફળ થયો. એ પ્રયત્ન કરવાથી એમ જણાય છે કે, તેમના માર્ગદર્શક મેઘ અને અગ્નિસ્તંભની હાજરી તેમની મધ્યે નહોતી. આવા પ્રસંગમાંજ હારૂનનું મૃત્યુ થયું. તેના દફન પ્રસંગે ગંભીર અને અસરકારક ક્રિયા થઇ. તેની પદવીનો ઝભ્ભો તેના પુત્રને આપ્યો, ત્યાર પછી તે મૃત્યુ પામ્યો, અને લોકોના મોટા વિલાપ વચ્ચે તેની દફનક્રિયા થઇ. તેની યાજક પદવીનાં બહારનાં ચિન્હો બીજાને અપાયાં, જે ઉપરથી લોકોને આ સત્ય સિદ્ધાંત શિખવાયો કે, તે માણસના પોતાના કરતાં તેનું યાજકપદ વધારે ચઢીઆતું હતું. આ પ્રવેશ પ્રતિબંધના છેવટના ભાગમાં યહોવાહના લોકો વિરૂદ્ધ ભવિષ્ય ભાખવાને બલઆમને લાલચ આપી બોલાવવામાં આવ્યો હતો.

क. દેશની હદ ઉપર.

ગણનાના પુસ્તકનો છેલ્લો અને ત્રીજો ભાગ, બીજી વારની લોકોની ગણત્રીના અને જે દેશમાં પ્રવેશ કરતાં ચાળીસ વર્ષ સુધી તેમને અટકાવી રાખવામાં આવ્યા

હતા, તે દેશનો કબજો લેવાની તૈયારી કરવાના સંબંધમાં રોકવામાં આવ્યો છે. આ ભાગનો અભ્યાસ કરતાં આપણુને બે હીલચાલ માલમ પડી આવે છે. પહેલી હીલચાલમાં એક પછી એક અનુક્રમે બનતા ઐતિહાસિક બનાવોની નોંધ લે છે, અને બીજીમાં અમુક નિયમોનું પુનરાવર્ત્તન કરીને ભાર અને લાગુકરણુ સહિત યહોવાહના ઇરાદાનું સાંધણુ જણાઇ આવે છે. દેશની સરહદ ઉપર જેઓ આવ્યા હતા તેમાંના માત્ર બેનેજ દેશમાં પ્રવેશ કરવાની પરવાનગી મળી. મુસાનો આ લોકોમાંથી જવાનો સમય પાસે આવ્યો હતો. તેની સાથેના યહોવાહના સઘળા વહેવારમાં અતિશય મમતા પ્રગટ થાય છે. તેના મૃત્યુનું છેલ્લું વૃત્તાંત બીજા પુસ્તકની સમાપ્તિને માટે રાખેલું છે. એમ છતાં, આ પુસ્તકમાં, પોતા પછી આવનારની તેણે આખી જમાતની સમક્ષ નિમણુક કરી તેનું વર્ણન આવે છે. પર્વત ઉપર ચઢવાનું, દેશનું નિરીક્ષણુ કરી લેવાનું, અને પોતાના લોકમાં જઇ મળવાનું યહોવાહનું તેડું મુસાને મળ્યું, ત્યારે તેના કામમાં ગમે તેવા દુર્ઘટ પ્રસંગોમાં પણુ એટલી લાંબી મુદત સુધી જેને લીધે તેણે પોતાનું સમતોલપણું જાળવી રાખ્યું હતું તે મોટી જમાતનું હિત એ તેની છેવટની અંતઃકરણની ઉમેદ હતી. તે મોટી જમાત વિષે તે એવો વિચાર ધરાવતો હતો કે, તે યહોવાહની જમાત છે, અને તેને માટે તેના પછીના આગેવાનની નિમણુક થાય એવી તેણે યહોવાહની વિનંતિ કરી. આ તેની માગણી સ્વીકારવામાં આવી, એટલે તેને જાણીને સંતોષ થયો કે, મારા પછી લોકોની આગેવાની લેનાર યહોવાહની પસંદગીનો માણસ હતો.

લોકોનાં મોટાં ધાર્મિક પર્વો સંબંધીના નિયમોનું પુનરાવર્ત્તન થયા પછી તરતજ બલઆમના બોધના પરિણામરૂપ લોકોના પાપ સાથે સીધો સંબંધ ધરાવતો, જે વિગ્રહ થયો તેનું વર્ણન આવે છે. યુદ્ધમાં બલઆમ મરાયો. આ જગ્યાએ પણ લોકોનું અધુરાપણું પ્રગટ થાય છે, એટલે કે, રૂબેન, ગાદ અને મનાશ્શેહના અર્ધા કુળે યરદન નદીની બીજી બાજુએ (ખોટી બાજુએ) રહેવાનો મુકામ માગ્યો. મુસાએ તેમને એમ કરવા દેવાની પરવાનગી આપી, એ તેણે પણ ભૂલ કરી. એ ભૂલને લીધે એ પછીનાં વર્ષોમાં ત્યાં મુશ્કેલીઓ ઉભી થઇ.

પ્રવેશ પ્રતિબંધનાં વર્ષો દરમ્યાન તેમની મુસાફરીઓ ક્યાં ક્યાં કરવામાં આવી તેની એક ટીપ અને દેશમાં સ્થાયી મુકામ કરી રહેવાના સંબંધના ધારાઓ અપાવામાં આ પુસ્તકની સમાપ્તિ થાય છે. આખા પુસ્તકમાં આગળ વધતી હીલચાલ–માણુસ તરફની નહિ પણુ યહોવાહ તરફની–પ્રગટ થાય છે. માનસિક ઇતિહાસમાં, દુનિયામાં તેની યોજનાઓ, તેના હેતુઓ પાર પાડવાની યહોવાહની કામ કરવાની પદ્ધતિનું પ્રકટીકરણુ એથી થાય છે.

પ્રશ્નો.

૧. ગણનાના પુસ્તકના કેટલા મુખ્ય ભાગ તથા મુખ્ય વિભાગ પાડેલા છે, તે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ અધ્યાય સાથે લખો.

૨. જ્યારે ઇસ્રાએલ લોકો દેશની હદ ઉપર આવ્યા ત્યારે દેશમાં પ્રવેશ કરતાઃ—

(૧) છાવણીના અનુક્રમ સંબંધી કયો નિયમ આપવામાં આવ્યો?

(૨) છાવણીની શુદ્ધતા સંબંધી કયો નિયમ આપવામાં આવ્યો?

(૩) છાવણીની ભક્તિસેવા સંબંધી કયો નિયમ આપવામાં આવ્યો?

૩. ઇસ્રાએલીઓનો **અસંતોષ** કોના પ્રત્યે તથા કયા કારણોને લીધે પ્રકટી નિકળ્યો તેનો ખુલાસો લખો.

૪. જાસુસો સંબંધીનો જે ખુલાસો અહીં આપેલો છે તે દર્શાવો.

૫. જ્યારે લોકો દેશની હદ ઉપર આવ્યા ત્યારે ત્યાં કયા કયા બનાવ બન્યા તેનો ખુલાસો લખો.

પુનર્નિયમ—પુનરાવર્ત્તનનું પુસ્તક.

अ. ગતકાળ અવલોકન. અ. ૧-૪; ૧-૪૩.	ब. નિયમોનું પુનરાવર્ત્તન. અ. ૪; ૪૪-૨૭; ૧૦.	क. ચેતવણી. અ. ૨૭; ૧૧— અ. ૨૮.	ड. કરાર. અ. ૨૯-૩૧; ૧૩.	इ. ગીત. અ. ૩૧; ૧૪–૩૨; ૧-૪૭.	फ. આશીર્વાદ. અ. ૩૨; ૪૮: ૩૩.
૧. પ્રસ્તાવના. ઉપોદ્‌ઘાત. ૧; ૧-૫. સ્થાન. **૨. સંભાષણ. ૧; ૬-૪; ૧-૪૦.** ૧ ૪૦ વર્ષનું અવલોકન. ૧; ૬-૩; ૨ આજ્ઞાંકિતપણાને માટે બોધ. ૪; ૧-૪૦. अ. ગતકાળ સંબંધી. ૪; ૧-૨૪. ब ભવિષ્ય સંબંધી. ૪; ૨૫-૩૧. क અંતરાવલોકન. ૪; ૩૨-૪૦. **૩. છેવટ. ૪; ૪૧-૪૩.** આશ્રયનગરો.	**૧. ઉપોદ્‌ઘાત. ૪; ૪૪-૪૯.** વર્ત્તન અને સ્થાન. **૨. સંભાષણ. અ. ૫-૨૬.** ૧ સાક્ષીઓ. ૫; ૧૧-૩૨. अ દસ આજ્ઞા. ૫; ૬. ब આજ્ઞાંકિતપણું. ૭: ૧૧; ૧-૩૧. ૨ વિધિઓ. ૧૧: ૩૨; ૧૬,૧૭. अ ભક્તિ વિષયક. ૧૨:૧૪; ૨. ब ભક્તિના વર્ત્તન ઉપર થતી કેટલીક અસરો. ૧૪; ૩-૧૬, ૧૭. ૩ ન્યાયીકરણ. ૧૬; ૧૮-૨૬. अ કાયદાનાં મૂળતત્વો. ૧૬; ૧૮-૨૦. ब કાયદાનો અમલ. ૧૬; ૨૧-૨૬; ૧૯. **૩. છેવટ. ૨૭: ૧-૧૦.** દેશમાં પાળવાનો કરાર.	**૧. ઉપોદ્‌ઘાત. ૨૭; ૧૧-૨૮.** શ્રાપો. **૨. સંભાષણ. અ. ૨૮.** ૧ આજ્ઞાંકિતપણામાં રહેલા આશીર્વાદો. ૨૮; ૧-૧૪. ૨ અનાજ્ઞાંકિતપણાથી આવી પડતા શ્રાપ. ૨૮; ૧૫-૬૮.	**૧. ઉપોદ્‌ઘાત. ૨૯; ૧-૨૬.** **૨. સંભાષણ. અ. ૨૯: ૩૦.** ૧ ભૂતકાળનો વિચાર રાખો. ૨૯; ૨-૯. ૨ કરારની સરતો. ૨૯; ૧૦-૨૯. ૩ ભવિષ્યમાં કેમ વર્ત્તવું. અ. ૩૦. **૩. છેવટ. ૩૧; ૧-૧૩.**	**૧. ઉપોદ્‌ઘાત. ૩૧; ૧૪–૨૦.** **૨. ગીત. ૩૨; ૧-૪૩.** ૧ પ્રવેશ પ્રસ્તાવના. ૩૨; ૧-૩૨. ૨ મુકાબલો. ૩૨; ૩-૫. ૩ બોધ. ૩૨; ૬. ૪ મુકાબલો. ૩૨; ૬–૧૮. ૫. ન્યાયીકરણ. ૩૨; ૧૯-૨૮. ૬ વિલાપ. ૩૨; ૨૯,૩૦. ૭ છેવટનો છુટકારો. ૩૨; ૩૧-૪૩. **૩. છેવટ. ૩૨; ૪૪-૪૭.**	**૧. ઉપોદ્‌ઘાત. ૩૨; ૪૩-૫૨.** **૨. આશીર્વાદ. અ. ૩૩.**

ઐતિહાસિક સમાપ્તિ. અધ્યાય ૩૪.

પુનર્નિયમ--પુનરાવર્ત્તનનું પુસ્તક.

પુનર્નિયમ એ મુસાનાં પાંચ પુસ્તકોમાંનું છેલ્લું પુસ્તક છે. આ પુસ્તક ઐતિહાસિક હોવા કરતાં વિશેષ બોધરૂપ છે. તેમાં ખરેખરા ઇતિહાસની બિના બહુજ ટુંક સમયની-માત્ર કેટલાક દિવસનીજ આવેલી છે. એમાં મુસાનાં છેલ્લાં સાર્વજનિક ભાષણોની નોંધ-ભાષણોનો સમૂહ આવેલો છે. જે સ્વરૂપમાં એ પુસ્તક આપણી પાસે છે, તે ઘણું કરીને તેના લહિયાના કામનું પરિણામ-તેની મહેનતનું ફળ છે, જેણે એ મોટાં ભાષણો એકઠાં કર્યાં, જે પ્રસંગોમાં એ ભાષણો આપવામાં આવ્યાં તેમની માહિતી મેળવી, અને તેમનો એક બીજા સાથે સંબંધ જોડીને તેમને અનુક્રમનું રૂપ આપ્યું. અને આ પ્રમાણે અસલનાં જુનાં પુસ્તકોના સંબંધમાં તેને કિમતી ગણ્યું. એવું અનુમાન કરવામાં આવ્યું છે કે, આ પુસ્તક યહોશુઆએ લખ્યું. અને આ સંબંધમાં કંઇ વાંધો ન હોવાથી એમ મનાય છે કે, તે તેણે લખેલું હોવું જોઇએ.

એટલા માટે, આ પુસ્તક, ખરૂં જોતાં મુસાનું છે, કારણ કે, જે લોકોને પ્રથમ તેણે મિસર દેશમાંથી કાઢીને ત્યાર પછી પ્રવાસનાં ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં દોર્યા હતા, તેનાં છેવટનાં વચનોનો સંગ્રહ એમાં છે. જે ભાષણોનું વર્ણન એમાં આવેલું છે, તે પ્રમાણે સાધારણે આ પુસ્તકના ભાગ થઇ શકે છે. આમાંનું પહેલું ભાષણ ભૂતકાળના અવલોકન સંબંધીનું છે (અ. ૧-૪ ; ૧-૪૩). બીજું નિયમના પુનરાવર્ત્તનના સંબંધનું છે (અ. ૪ ; ૪૪-૨૭ ; ૧-૧૦). ત્રીજું ચેતવણીનું ભાષણ છે (અ. ૨૭ ; ૧૧- અ. ૨૮). ચોથું કરારના સંબંધમાં છે (અ. ૨૯-૩૧ ; ૧-૧૩). પાંચમું છુટા પડતી વખતનું-છેલ્લી સલામ-છેવટની સલાહનું ગાયનરૂપ છે (અ. ૩૧ ; ૧૪-૩૨ ; ૧-૪૭). અને છઠ્ઠું છેવટના આશીર્વાદનું છે (અ. ૩૨ ; ૪૮-અ. ૩૩).

અ. પહેલું ભાષણ-ગતકાળ અવલોકન.

પ્રવાસનાં ચાળીસ વર્ષો ઉપર નજર નાખતાં મુસાએ ત્રણ મોટી હીલ-ચાલ-મુસાફરીઓનું વિવેચન કર્યું. પહેલી હોરેબથી માંડીને કાદેશ બાર્નિયા સુધીની મુસાફરી. બીજી કાદેશ બાર્નિયાથી હેશ્બોન સુધીની અને છેલ્લી હેશ્બોન-નથી બેથપેઓર સુધીની. પાછળ નજર નાખતી વેળાએ, મુસાએ યહોવાહની હકુમત નીચે જે જે મોટા બનાવો બન્યા હતા, તે બધી બાબતોનો ચિતાર લોકો આગળ સંભાળપૂર્વક રજુ કર્યો. હોરેબ આગળની તેમની મુશ્કેલીઓ ખાસ યહોવાહના હુકમથી ઉભી થઇ હતી. અને જો કે, અરણ્યનો રસ્તો ભયંકર હતો તોપણ પોતાનો રસ્તો પોતાની મેળે શોધી લેવાને તેઓ કંઇ એકલા મૂકાયા નહોતા. હમેશાં યહોવાહ તેમની આગળ જતો, અને તેમણે પોતાના તંબુ કયાં ઠોકવા, તે ઠેકાણું તેમને માટે તે પસંદ કરતો. વળી તેણે તેમને યાદ કરાવ્યું કે

તેઓ માત્ર યહોવાહની પ્રીતિનાં પાત્ર હતાં એટલુંજ નહિ પણ તેની શક્તિએ તેમના તરફથી તેમને માટે અદ્‌ભૂત કૃત્યો કર્યાં હતાં.

હોરેબથી માંડીને બેથપેઓર સુધીના ઇતિહાસનું દિગ્‌દર્શન કરાવીને આજ્ઞાંકિત થવાને માટે તેણે તેમને બોધ કર્યો. આજ્ઞાઓની અગત્યતાનું ભાન કરાવીને તેણે યહોવાહની મહત્વતા અને નિયમની સંપૂર્ણતા તરફ લોકોનું લક્ષ ખેંચ્યું. અને એમ કરતાં તેણે તેમને એવો આગ્રહ કર્યો કે, તમારી આખી હસ્તી અને પ્રજા તરીકેના તમારા ઇતિહાસનો બધો આધાર એ આત્મિક ભાવના ઉપર ટકી રહ્યો છે. સિનાય પર્વત ઉપર યહોવાહનું જે ગૌરવી પ્રકટીકરણ થયું હતું, તેમાં પણ યહોવાહનું કોઇ દૃષ્ય સ્વરૂપ તેમને પ્રગટ કરાયું નહોતું, માટે કોઇ પણ ઘડેલી મૂર્ત્તિ બનાવવા વિરૂદ્ધ તેણે તેમને ચેતવણી આપી.

આજ્ઞાંકિતપણાનો આ બોધ જારી રાખતાં તેણે ભવિષ્ય તરફ નજર ફેંકી. અને એ પછીના તેમના ઇતિહાસ ઉપર અજવાળું પાડનારાં તેનાં વચનો ખરેખર ભવિષ્યદર્શક હતાં. પહેલા ભાષણની સમાપ્તિએ ત્રણ આશ્રયનગરોની નિમણુકનું ટુંકું વર્ણન આપણને મળે છે.

૩. બીજું ભાષણ—નિયમનું પુનરાવલોકન.

સામાન્ય પ્રસ્તાવનામાં, આ બીજું ભાષણ જેમાં સાક્ષ્યો, વિધિઓ અને ન્યાયીકરણનો સમાવેશ કરેલો છે, તે તેના સ્થળ, સમય અને વિષયનું વિવેચન કરે છે. સાક્ષ્યો અપાયલા નિયમનાં ખરાં વચનો હતાં, આનું વિવેચન પ્રથમ કરે છે. સાક્ષ્યો ભક્તિસેવાના વિધિઓ તથા તેમના સંબંધનું વર્ત્તન એમાં સમાએલાં છે. ન્યાયીકરણ, રાજ્ય કારોબારી વ્યવસ્થા અને ધર્મ સંસ્થાના અધિકાર તથા ન્યાયના અમલના સંબંધમાં છે.

સાક્ષ્યો અથવા અપાયલા નિયમનાં વચનોનો અભ્યાસ કરતાં એવી વાત સિદ્ધ થાય છે કે, આજ્ઞાઓનાં સ્વરૂપ અને તેના અમલના સંબંધમાં કોઇ પણ બાબતમાં કશો અગત્યનો ફેરફાર કરવામાં આવ્યો નહોતો. માત્ર નજીવો, ઉપર ઉપરનો ફેરફાર થયો હતો; તે પણ જે પ્રસંગો ઉપર એમનું ઉચ્ચારણ થયું હતું તે પ્રસંગની સ્થિતિને લીધેજ થયો હતો. સાબ્બાથ વિષેના નિયમમાં એક જાણવા જોગ ભેદ છે. સૃષ્ટયુત્પત્તિ સમયનો દેવનો વિશ્રામ લેવાનો સવાલ હવે વધારે વાર વજન ધરાવતો ન હતો. પણ મિસરની ગુલામગીરીમાંથી તેમનો ઉદ્ધાર થયો એ તેમની સ્થિતિના સ્મરણાર્થે પળાતો હતો. દસ આજ્ઞાઓ વિષે જણાવ્યા પછી તેની બહુજ ભારે અગત્યતા વિષે જણાવતાં લોકોની જોખમદારી કે જવાબદારી એટલીજ ભારે છે એમ સમજાવ્યું. "યહોવાહ આપણો દેવ એકજ યહોવાહ છે." આ સત્ય સિદ્ધાંતના સંબંધમાં લોકો તરફનો સામો જવાબ આજ્ઞાંકિતપણારૂપે ભય અને પરિણામે સદ્‌વર્તન એ હતો. ત્યાર પછીનાં ભાષણના બાકીના ભાગમાં જવાબદારીનું વિગતવાર ધ્યાન આપેલું છે.

વિધિઓ વિષે બોલતાં મૂર્તિપૂજા વિરૂદ્ધ લોકોને સંભાળપૂર્વક ચેતવણી આપી, અને તેઓને એવી આજ્ઞા આપી કે, દેશમાં પેસો કે તરત, તમારે સઘળી મૂર્તિઓ અને ખોટાં ભજનસ્થાનોનો એકદમ નાશ કરવો. સેવા ભક્તિ સંબંધીની યહોવાહ પ્રત્યેની તેમની વફાદારીમાંથી દૂર ખસવાની લાલચ તેમને થાય, એવાં કોઇ પણ વાનાંની તેમને પરવાનગી નહોતી. ત્યાર પછી તેણે તેમને હુકમો આપ્યા, તાકીદ કરી, જે ઉપરથી એમ બતાવે છે કે, ભક્તિસેવાથી માણસના વર્તન, ચાલચલણ ઉપર જે અસર થાય છે, તેની તેને ખાત્રી હતી; છેવટે મોટાં પર્વો પાળવા સંબંધીની વ્યવસ્થા તેમને જણાવી.

ન્યાયીકરણ—ન્યાયના સંબંધમાં બોલતાં, પ્રથમ આજ્ઞા તેણે ન્યાયાધીશો અને અધિકારી નિમવાના સંબંધમાં આપી, અને ત્યાર પછી તેઓએ કયાં ધોરણોએ કામ લેવું તે વિષે તેમને જણાવ્યું. ત્રણ સાધનો, જે વડે યહોવાહની ઇચ્છા લોકોને જણાય, એટલે કે, રાજા, યાજક અને ભવિષ્યવાદી, તે તેમને સમજાવ્યાં. શાંતિના સમયના અને યુદ્ધના સમયના નિયમો લંબાણથી વિગતવાર આપ્યા, અને ત્યાર પછી છેવટે, જ્યારે તેઓ દેશમાં પ્રવેશ કરે ત્યારે એબાલ અને ગરીઝીમ પર્વતો ઉપરથી આશીર્વાદ અને શ્રાપનાં વચનો કહી સંભળાવવા રૂપી વિધિની સ્થાપના કરી.

क. ત્રીજું ભાષણ.—ચેતવણીઓ.

આ ત્રીજા ભાગમાં (ત્રીજા ભાષણમાં) મુસાએ લોકોને ગંભીર ચેતવણી આપવાનું કામ હાથમાં લીધું. પોતાના ભાષણના ખાસ અગત્યના આ વિષયનું વિશેષ વિવેચન કર્યા પહેલાં, આજ્ઞાંકિતપણાની મારફતે જે આશીર્વાદો તેમને પ્રાપ્ત થનાર હતા, તેનું વિવેચન પ્રથમ કર્યું. અનાજ્ઞાંકિતપણાનું પરિણામ તેમની સીમાઓમાં કેવું થશે તેનું વિવેચન પ્રથમ કર્યું. વેપાર, ખેતી અને શરીર સુખાકારીની બાબતમાં દરેક જાતની વિપત્તિ અને સંકટો તેમના ઉપર આવી પડશે, અને જો તેઓ યહોવાહના હુકમો નહિ માને તો દરેક જાતનાં દુ:ખો તેમના ઉપર આવી પડશે. આ સર્વમાં તેણે ખરેખરાં ભવિષ્યવચનો ઉચ્ચાર્યાં, કારણ કે, ઘણા લાંબા સમય બાદ, રૂમી લોકોએ જે "વિજયો" આ દેશ ઉપર મેળવ્યા, શહેરનો પુરેપુરો નાશ કર્યો, અને લોકોને હાંકી કાઢ્યા તેનું વિગતવાર વર્ણન આમાં આપણને મળી આવે છે.

ड. ચોથું ભાષણ—કરાર.

કરારની શરતો અત્યાર અગાઉ અપાઇ ચુકી હતી. એ શરતો કરારને વફાદારીથી વળગી રહેવાની ભલામણ કરતાં, મુસાએ પ્રથમ તો જે જે મોટા છુટકારા યહોવાહે કર્યા હતા, તે તેમને યાદ કરાવ્યા. એટલે કે, ગતકાળમાં યહોવાહે સમર્થ હાથે મિસર દેશની ગુલામીમાંથી તેમને છોડાવ્યા, અરણ્યમાં પોતાની અદ્દભૂત શક્તિનો અનુભવ તેમને કરાવ્યો, અને વચનના દેશમાં પ્રવેશ કરતાં પહેલાં યુદ્ધમાં મોટો જય અપાવ્યો. તેણે બધા વર્ગના લોકોને કરારને વળગી રહેવાનો આગ્રહ કર્યો. કરાર તોડવાનું પરિણામ કેવું આવશે, તેનું વર્ણન

તેણે ભવિષ્યસૂચક અને આસ્તિક વચનોમાં કરી બતાવ્યું. અર્પણ અને ઇશ્વરી રાજ્યાધિકારની રીતિઓને અનુસરવાની તેઓની અશક્તતા ધ્યાનમાં લઇને, તેણે ઘણુંજ અગત્યનું અને કાયમના અમલનું ધોરણ ઘડયું. તેણે જણાવ્યું કે, ગુપ્ત, અદૃષ્ય અને માર્મિક વાનાં તે યહોવાહને લગતાં છે, પણ પ્રગટ થયલાં વાનાં તે આપણાં અને આપણાં છોકરાંનાં છે. પોતાનું ભાષણ આગળ ચલાવતાં તેણે જે વચનો ઉચ્ચાર્યાં તે અતિ નરમાશ અને આગ્રહની અગત્યતાથી ભરેલાં હતાં. અહીં આપણે એક મોટો ભવિષ્યદર્શક સુવાર્ત્તિક જોઇએ છીએ, કે જેનાં વચનોની ખરી કિંમત, ખરો અર્થ ઇસ્રાએલી લોકો કદાપિ અદ્યાપિપર્યંત સમજ્યા નથી.

નિયમસરનું ભાષણ ખલાસ થતાં, મુસાએ પોતાના જવા વિષે લોકોને કહી સંભળાવ્યું. યહોવાહની સમક્ષતા તથા તેનું સામર્થ્ય તેમની સાથે હોવાથી જરૂર તેઓ દેશનો કબજો પામશે એવી ખાતરી તેણે તેમને આપી. એમ તેણે તેમનાં અંતઃકરણોને ધીરજ તથા દિલાસો આપ્યાં.

૬. પાંચમું ભાષણ—મુસાનું સ્તુતિગાયન.

સાર્વજનિક મોટું "ગીત" ગાયન બોલ્યા પહેલાં મુસા અને યહોશુઆ યહોવાહની હજુરમાં ગયા, એ માટે કે, વહિવટ ચલાવવાને માટે યહોશુઆની નિમણુક યહોવાહથી નિયમસર થાય. એ વખતે યહોવાહે ગંભીર રીતે પોતાના સેવકની સાથે વાત કરતાં કહ્યું કે, તારા પિતૃઓની સાથે ઉંઘી જવાનો તારો સમય પાસે આવ્યો છે, પણ જે લોકોને તેં આટલા લાંબા સમય સુધી ચાલ્યા અને જેમની તેં અત્યાર સુધી સંભાળ રાખી તેઓ નિષ્ફળતા સંબંધીનાં તારાં ભવિષ્ય-વચનો જરૂર પૂરાં કરશે, અને તેમના ઉપર શિક્ષા આવી પડશે. તે મોટા આગે-વાનને માટે એ સમાચાર બહુ શોકજનક હતા, પણ ઇશ્વરી પ્રેમ જે ગૌરવથી ભર-પૂર હતો તેના સ્પષ્ટિકરણનો આ પ્રસંગ હતો.

તેમની નિષ્ફળતાની ખરી બિના જે અગમવાણી તરીકે ભાખવામાં આવી હતી, તેના સંબંધમાં આ ગીત રચવાનો હુકમ થયો હતો. તેનો હેતુ સ્પષ્ટ બતા-વવામાં આવ્યો હતો. પ્રજાતંત્વના જીવનમાં સમાયલા ગાયનની હસ્તી પેઢી દર પેઢી રહે છે, અને સંકટ તથા વિપત્તિના દિવસોમાં, યહોવાહ સંબંધીના સત્ય સિદ્ધાંતની સાક્ષી પૂરનારી યાદગીરી કાયમ ચાલુ રહેશે. આજ્ઞાઓનું વિસ્મરણ થયા પછી પણ ગાયનો ઘણું કરીને કાયમ હસ્તીમાં રહે છે. નિયમનું લખાણ કરવામાં આવ્યું હતું, અને યાજકોને તેની સંપૂર્ણ સપુરત કરવામાં આવી હતી; ગાયન રચવામાં આવ્યું હતું, અને લોકોને તે મ્હોડે કરાવવામાં આવ્યું હતું. ગાયનનો પ્રથમ ભાગ લોકોનું વિષય તરફ ધ્યાન ખેંચવામાં અને ગાયનના વિષયનું તાત્પર્ય આપવામાં રોક્યો છે. દેવનો સેવક યહોવાહનું નામ પોકારતો હતો, તે દરમ્યાન આકાશ અને પૃથ્વીને સાક્ષીરૂપ થવાને તેણે નોતર્યાં. યહોવાહની મહત્વતા, તેની સંપૂર્ણતા, તેનો ન્યાય, અને તેનું વિશ્વાસુપણું એ વિષયો સંબંધી મુસાએ ગાયન રચ્યું.

ત્યાર પછી એટલાજ ટુંકા બ્યાનમાં લોકોનો સંબંધ દર્શાવ્યો. એ મુકાબલો દિલગીરીથી ભરેલો હતો. તેમના સંબંધમાં કશું સારાપણું હોય એવું જણાવેલું નથી. ત્યાર બાદ યહોવાહના મમતા ભર્યા રાજ્યાધિકારનું બ્યાન આવે છે, જે અતિ સૌંદર્ય અને શોભાથી ભરપૂર છે. જે પ્રેમ સઘળા નિયમરૂપ બંધારણની પાછળ રહેલો છે, તેનું એ પ્રકટીકરણ છે. ગરૂડનું દૃષ્ટાંત અને પોતાનાં બચ્ચાં પ્રત્યે જે રીતિ અખત્યાર કરે છે, તેની ઉપમા આ શાસ્ત્રમાં અત્યુત્તમ છે, કારણ કે, તે એક એવી સત્યતાનું નિરાકરણ કરે છે કે, જે રીતિઓ ઉપર ઉપરથી જોતાં લગભગ પ્રેમ રહિત જણાય તોપણ જેમના ઉપર એ રીતિઓનું દબાણ કરવામાં આવે છે, તેમના ઉચ્ચ બંધારણ તરફ તેઓ પ્રેમ ભરી નજરથી નિરંતર એક સરખી રીતે કામ કર્યા જાય છે. જેમ જેમ પ્રેમ પામેલા લોકોના અવિશ્વાસુપણાનું બ્યાન થતું ગયું તેમ તેમ આ અદ્ભૂત મુકાબલાનું સ્વરૂપ વિલાપના રૂપમાં ફેરવાઇ ગયું. અગત્યની સખત દેખરેખનું પરિણામ આવું અવિશ્વાસુપણું, બેઇમાનીપણું આવ્યું હતું. જે લોકો જુઠાઇ ભણી વળ્યા હતા તેમને જુઠાપણામાં મૂકી દીધા હતા. જે મ્હો તેમને માટે સૂર્યના પ્રકાશરૂપ હતું તે તરફ લોકોએ પોતાની પીઠ ફેરવવાથી તે તેમનાથી છુપાવવામાં આવ્યું હતું. તે પ્રેમરૂપી કોમળતા બળતા જુસ્સાદાર ક્રોધના રૂપમાં ફેરવાઇ ગઇ હતી, અને પ્રતિદાનોની જગ્યા શિક્ષા અને શાસનોએ લીધી હતી. એ પછી ગાયન વિલાપના રૂપમાં પ્રકટી નિકળ્યું કે, "જો તેઓએ ડહાપણ પકડયું હોત તો કેવું સારૂં!" ત્યાર પછી યહોવાહે પોતાના લોકો ઉપર દયા કરી. છેવટે તેમનો છુટકારો કર્યો માટે તેને ધન્યવાદ આપ્યો. છેવટે આજ્ઞાંકિત થવાને મુસાએ લોકોને આગ્રહ કર્યો.

ફ. છઠ્ઠું ભાષણ—આશીર્વાદ.

દેવના માણસનાં આ છેલ્લાં વચનો હતાં. વારંવાર તેણે પોતાના લોકોની આગળ આશીર્વાદ અને શ્રાપનાં વચનો મૂક્યાં હતાં. તેનાં છેલ્લાં વચનો માત્ર આશીર્વાદનાંજ હતાં. ભપકાદાર અને ગૌરવી ભાષામાં યહોવાહના આધિપત્યનો નવેસરથી સ્વીકાર કરતાં તેનું દૃઢિકરણ કર્યું. આશીર્વાદનાં મોટાં વચનો કુળોના સંબંધમાં ઉચ્ચારવામાં આવ્યાં હતાં. માત્ર **શિમઓનના** કુળને તેમાંથી રદબાતલ કરવામાં આવ્યું હતું. રેઉબેન અને યહુદાહ વિષે એવી ભાષામાં વચનો કહેવાયાં હતાં કે જે ઉપરથી એવું અનુમાન થતું કે, જાણે કે, અગ્નિમાં થઇને, તેમ તેમનો ઉદ્ધાર કરવામાં આવશે. લેવીય, યહોવાહનાં વચનો લોકોને શિખવવાને તથા યહોવાહની ખાસ સેવા બજાવવાને દુનિયાઇ સર્વ વાનાં તજીને જુદો થયો છે, માટે એમનાં અર્પણોમાંથીજ એમને બદલો મળશે. નાજુકપણાને સંબંધે બિન્યામીનને ખાસ સંરક્ષણની જરૂર હતી. સૌથી સારાં વાનાં યુસફને માટે હતાં. સઘળાં કિમતી વાનાં તેનાં હતાં, તેમજ જેણે ઝાડવામાં વાસો કર્યો હતો

તેની હિતેચ્છા તેના સંબંધમાં હો. એ માટે, રાજ્યાધિકારનો ભાગ તે તેનો હતો. અયોગ્યતા અને બળહીનપણામાં જય પ્રાપ્ત કરવો એ વિસ્સાખાર અને ઝબુલૂનનો વારસો હતો. ગાદ, આખરે જય પામીને ન્યાયાધીશ થવાનો હતો, અને દાન વિજયનું ચિન્હ થનાર હતો. નાફ્તાલી તૃપ્ત થશે, અને આશેર મનગમતો હિસ્સો ધરી રાખશે. આ પ્રમાણે તેના છેલ્લા આશીર્વાદમાં મુસાએ કુળો પ્રમાણે જે આશીર્વાદ દીધો તેમાં તેણે યહોવાહનું ભરપૂરપણું અનુભવ સિદ્ધ જાહેર કર્યું.

પુનર્નિયમના પુસ્તકનો છેલ્લો અધ્યાય કોઇ બીજાના હાથનો લખાયલો હોવો જોઇએ એવો ઘણો સંભવ છે. મુસાના મૃત્યુનું, કામને માટે યહોશુઆની તૈયારીનું અને તેમના મોટા આગેવાન અને નિયમ પ્રવર્તકનું છેલ્લું મમતા ભર્યું સ્મરણ એવું બ્યાન એમાં છે. મુસાની વિદાયગીરી ગૌરવથી ભરેલી હતી. જે દેશ તરફ એટલાં બધાં વર્ષો સુધી તેની નજર લાગેલી હતી તેમાં તેને પ્રવેશ કરવાનું મળ્યું નહિ. એ તેને થયલી શિક્ષા હતી, તોપણ તેમાં દયાનો સમાવેશ કરેલો હતો. તેનું બળ બિલકુલ ઘટયું નહોતું. સંપૂર્ણ તંદુરસ્તીમાં તેની જીંદગીનો અંત આવ્યો. મૃત્યુ પામવાને તે પહાડ પર ચઢયો, યહોવાહે તેને દેશનું દર્શન કરાવ્યું, અને ખીણમાં એક ગુફામાં તેને દાટયો.

છેલ્લા શબ્દો લગભગ શોકના ઉભરાના રૂપમાં છે. "મુસાના જેવો કોઇ ભવિષ્યવાદી ઉભો થયો નથી." આ પ્રમાણે મુસાનાં પાંચ પુસ્તકોમાંના છેલ્લા પુસ્તકની સમાપ્તિ થાય છે. જે પ્રજા બીજી પ્રજાઓની વચમાં પુનરૂત્પત્તિને માટે સૃજેલી હતી, તે દેશનો કબજો મેળવવાની અણી ઉપર હતી. આ પ્રજાના ઇતિહાસની મારફતે વચનદત્ત મસીહના આગમનની મોટી વાત આગળ ચાલી જશે, જ્યાં સુધી કે તે સંપૂર્ણ કરાય.

પ્રશ્નો.

૧. આ પુસ્તક કોણે લખ્યું તે વિષેનો જે ખુલાસો આપેલો છે તે લખો.

૨. પહેલા ભાષણમાં કઇ કઇ બાબતોનું વર્ણન કરેલું છે?

૩. બીજા ભાષણનો સાર લખો.

૪. આજ્ઞાંકિત તથા અનાજ્ઞાંકિત થવાથી કયું પરિણામ આવશે, એ વિષે શું કહેલું છે?

૫. ચોથા ભાષણમાં કયો બનાવ દર્શાવ્યો છે તે લખો.

૬. સ્તુતિનું ગાયન રચવાનું પ્રયોજન શું હતું, ને તેમાં કયા કયા વિષયોનો સમાવેશ કરેલો છે?

૭. છઠ્ઠા ભાષણમાં જે બિના આવે છે તે લખો.

યહોશુઆ—વતનનું પુસ્તક.

अ.
દેશની જીત. અ. ૧-૧૨.

૧. લશ્કરની હીલચાલ. અ. ૧ : ૨.

૧ લડાઇની તૈયારી. અ. ૧.
(अ) યહોશુઆને યહોવા-હનું ફરમાન......
(ब) લોકોને યહોશુઆનું ફરમાન.
૨ જાસુસોનું કામ. અ. ૨.

૨. આગળ વધવું. અ. ૩-૫.

૧ યરદન પાર ઉતરવું. અ. ૩-૪.
(अ) પાર. અ. ૩.
(ब) છેવટની હીલચાલ. અ. ૪.
૨ પૂર્ણાર્પણની ક્રિયા. અ. ૫.

૩. યુદ્ધ. અ. ૬-૧૧.

૧ યરેખોનું અ. ૬.
૨ આયનું. અ. ૭ ૮.
(अ) હાર પણ અ. ૭.
(ब) જય. અ. ૮.
૩ બેથ-હોરાનનું અ. ૯-૧૦.
अ ગિબઓનીઓનો દગો. અ. ૯.
ब પાંચ રાજાઓની હાર. ૧૦; ૧-૨૭.
क એ પછીના વિજયો. ૧૦; ૨૮-૪૩
૪ ઉત્તરના રાજાઓ. અ. ૧૧.

૪. ફતેહનો વિસ્તાર. અ. ૧૨.

ब.
લોકોમાં દેશની વહેંચણી. અ. ૧૩-૨૧.

૧. મુસાના વચન પ્રમાણે દેશની વ્યવસ્થા-વહેંચણી અ. ૧૩-૧૪.

૧ અઢી કુળો. અ. ૧૩.
૨ કાલેબનું વતન. અ. ૧૪.

૨. સાડા નવ કુળનું વતન. અ. ૧૫-૧૯.

૧ યહુદાહ. અ. ૧૫.
૨ એફ્રાઇમ. અ. ૧૬.
૩ મનાશ્શેહ. અ. ૧૭.
૪ બિન્યામીન. અ. ૧૮.
૫ બાકીનાં. અ. ૧૯.

૩. આશ્રયનગરો. અને લેવી કુળનું વતન. અ. ૨૦-૨૧.

૧ આશ્રયનગરો. અ. ૨૦.
૨ લેવીઓ. અ. ૨૧.

क.
યહોશુઆના છેલ્લા દિવસો. વિદાયગીરી. અ. ૨૨ ૨૪.

૧. અઢી કુળો. અ. ૨૨.

૨. છેવટ અંતની વિદાયગીરીનાં ભાષણો. અ. ૨૩-૨૪; ૧-૧૫.

૧ પહેલું ભાષણ. અ. ૨૩.
૨ બીજું ભાષણ. ૨૪; ૧-૧૫.

૩. છેવટના બનાવો. અ. ૨૪; ૧૬-૨૨.

યહોશુઆ.

જુનાં હેબ્રી ધર્મપુસ્તકો જુદા જુદા સમૂહોમાં વહેંચી નાખવામાં આવ્યાં હતાં. તેનો બીજો સમૂહ "ભવિષ્યવાદીઓ," એ નામથી ઓળખાતો હતો. આ બીજા સમૂહના પ્રથમ પેટા ભાગમાં યહોશુઆ, ન્યાયાધીશો, પહેલો અને બીજો શમૂએલ, પહેલો અને બીજો રાજા, એ પુસ્તકો સમાયલાં હતાં. અને એ પેટાભાગ "પહેલાંના ભવિષ્યવાદીઓ" એ નામથી ઓળખાતો હતો. જે મહાન આગેવાનનાં કૃત્યોનું વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે, તે આગેવાનના નામ ઉપરથી આ પુસ્તકનું નામ પાડવામાં આવ્યું છે. પુસ્તકકર્ત્તા વિષે નક્કી કંઇ જણાયું નથી, કે તે કોણે લખ્યું. ઘણે ભાગે એવો સંભવ છે કે, પુસ્તકનો ઘણોખરો ભાગ યહોશુઆએ પોતે લખ્યો. અને પાછળથી ઇસ્રાએલના વડીલોમાંના એક અથવા ઘણા જણે તેમાં વધારો કરી પુસ્તકની સમાપ્તિ કરી. પસંદ કરેલી પ્રજાના ઇતિહાસની ચાલુ વિગતો એમાં આવેલી છે. મુસાની આગેવાની નીચે મિસરમાંથી નિકળેલી પ્રજાને તેના પછી તેની જગ્યાએ આવેલા આગેવાને આગળ દોરી. આ પુસ્તકમાં તેનું સવિસ્તર વર્ણન કરેલું છે. આ પુસ્તક વતન કે વારસાનું પુસ્તક કહેવાય છે. આખા પુસ્તકના ત્રણ ભાગ પાડી શકાય છે; દેશની જીત (અ. ૧-૧૨); લોકોનો વસવાટ (અ. ૧૩-૨૧); અને યહોશુઆની વિદાયગીરી અ. ૨૨-૨૪).

अ. દેશની જીત.

આ પ્રથમ ભાગમાં ચાર પેટાભાગ છે તેમાં નીચેની વિગતો સમાયલી છે. એટલે લશ્કરની હીલચાલ, આગળ વધવું, યુદ્ધ અને જીતનો વિસ્તાર.

આ પુસ્તકમાં જે પહેલી બિના જણાવી છે તે એ છે કે, યુદ્ધને માટે સજ્જ થવાનું ફરમાન, અને તે વિષે યહોશુઆને દેવની આજ્ઞા; તે દેશમાં પ્રવેશ કરવાનો તેનો હક એ હતો કે, તે દેશનું વતન આપવાનું વચન તેણે પોતાના લોકોને આપ્યું હતું, અને યહોવાહ તેની સાથે હતો, એ તેની તે દેશમાં પ્રવેશ કરવાની શક્તિ હતી. બળવાન તથા હિમ્મતવાન થવું, એ તેની ફતેહની શરતા હતી. અને એ હેતુ પૂર્ણ કરવાને નિયમશાસ્ત્રને આધીન રહેવાનું તેને ફરમાવ્યું. આ પ્રમાણે યહોવાહ તરફથી અખત્યાર ધારણ કરીને યહોશુઆએ લોકો પ્રત્યે પોતાનું ફરમાન બહાર પાડયું. આ બાબતમાં એક વિશેષ લક્ષ આપવા જોગ બિના એ છે કે, આગ્રહ અને ત્વરાથી કામ કરવાનું ફરમાવેલું છે. ત્રણ દિવસમાં તો સૈન્યોને કૂચ કરી જવાની હતી. દેશની જાસુસી કરવાને ચાળીસ વર્ષ ઉપર જાસુસોને મોકલવામાં આવ્યા હતા. યહોવાહના નામને શોભા આપે એવી ખબર તો બે જણાજ લાવ્યા હતા, તેઓમાં એક યહોશુઆ પોતે હતો. હવે તેણે પોતે તેમને પાછા જાસુસી કરવા મોકલ્યા તેમ છતાં તેમને મોકલવાનો ઉદ્દેશ કાંઇ

જુદોજ હતો. જે વિશ્વાસ સાવધગીરીથી વેષ્ટિત હતો તે વિશ્વાસના કૃત્ય કે પરિણામરૂપ આ વખતનું તેમનું મોકલાવું હતું. જાસુસોએ પાછા ફરીને સિદ્ધ કરી આપ્યું કે, યહોશુઆ આગળ કોઇ મનુષ્ય ટકી શકશે નહિ એવું યહોવાહનું આપેલું વચન પૂરૂં થયું હતું. કારણ કે, રાહાબની સાક્ષી પ્રમાણે "લોકો ઉપર તેઓનું ભય પડ્યું હતું." રાહાબનું કૃત્ય તે વિશ્વાસનું કૃત્ય હતું. જે ખાતરી તેણીને થઇ હતી તેવીજ ખાતરી યરેખોના લોકોને પણ થઇ હતી, પણ તેઓએ તે વિરૂદ્ધ બંડ કર્યું. તેણી યહોવાહનું સામર્થ્ય પાઇ ગઇ અને તેને આધીન થઇ ગઇ.

લોકોની આગળ વધવાની પ્રથમની હીલચાલ એવા પ્રકારની હતી કે, જેથી યહોવાહ સાથેના તેમના નિકટના સંબંધની સત્યતાની છાપ તેઓનાં મનો ઉપર પડે. તેઓ કનાનની ખરી ભૂમિ ઉપર આવી ચઢયા, પણ નદીનો માર્ગ ખસેડીને કે તે ઉપર પૂલ બાંધીને તેઓ તે ઉતર્યા નહિ, પણ ખરેખરી ઇશ્વરી યોજના, ચમત્કારની મારફતે તેઓ તે પાર ઉતરી ગયા. જ્યારે આજ્ઞાધીનપણા ને ત્વરાની જરૂર હતી, ત્યારે તે ત્વરા એવા પ્રકારની નહોતી કે, જેને યોગે ધર્મ સંબંધીની ક્રિયાઓને વિસારી દેવાય. જ્યારે યરદન નદી તેઓ સહીસલામત પસાર કરી ગયા ત્યારે આખું સૈન્ય અટક્યું, અને નદીના તળિયામાંથી પત્થરો ઉંચકી લીધા, અને ભજન ક્રિયાનો વિધિ પાળવામાં આવ્યો. આ પ્રમાણે ચમત્કારિક રીતે નદી પાર ઉતરવાથી આસપાસના લોકો ઉપર અજાયબ પ્રકારની અસર થઇ. "તેઓનાં ગાત્રો શિથિલ થઇ ગયાં, અને તેઓના હોશ ઉડી ગયા." લશ્કરોએ ખરેખરી રીતે આગળ કૂચ કરી તે પહેલાં યહોવાહના સૈન્યના સરદારે યહોશુઆને દર્શન દીધું, અને એમ કરીને તેની ખાતરી કરી આપી કે, આધીનતા અને તાબેદારી ઉપર તેની સત્તા અને આગેવાનીનો આધાર રહેલો હતો.

આ પ્રમાણે તૈયારીની સમાપ્તિ થતાં, ઇસ્રાએલનાં સૈન્યો દેશના ભ્રષ્ટ વતનીઓને, આગળ વધનાર ન્યાયીકરણરૂપ, યહોવાહના હાથમાં કોરડારૂપ બન્યા. જે ધોરણે તેમણે પહેલી જીત મેળવી, તેમાં તેઓની તદન અશક્તિનું ભાન કરાવવું, એ શિવાય બીજો કોઇ વિચાર હોય એ અસંભવિત છે. યાજકોની કૂચ અને રણશિંગડાનું વાગવું એ કોઇ શહેરને ઘેરા ઘાલીને તેને લેવાનાં તદન નાલાયક અને અપૂર્ણ સાધનો છે. અને માનસિક યુદ્ધ કૌશલ્યનાં સઘળાં સાધારણ ધોરણો ધ્યાનમાં લેતાં તેઓ મૂર્ખતા શિવાય બીજું કંઇ દર્શાવતાં નથી. જીત તો તેમનીજ હતી, પણ તેમને શિખવવામાં આવ્યું કે, એ જીત કંઇ બળ કે શક્તિથી પ્રાપ્ત થઇ નહોતી, પણ યહોવાહના હુકમને આધીન થવાથીજ પ્રાપ્ત થઇ હતી. એકાએક જયવાન લોકોનો પરાજય થયો, તેનું કારણ એ હતું કે, એક માણસનું પાપ તે આખી પ્રજાનું પાપ લેખાયું હતું. ઇસ્રાએલી લોકો હવે એક પ્રજા બન્યા હતા. અને એ સ્થિતિમાં કોઇએક માણસ પોતે પોતાનું ફાડી લે, અને

તેનું પરિણામ પોતેજ ભોગવી લે એમ નહોતું. આ પ્રમાણે જ્યારે પૃથકત્વ અને અળગાપણું પોતાની હસ્તી ધરાવતું બંધ પડે છે ત્યારે વ્યક્તિત્વ મોટી જવાબદારી ધારણ કરતું જણાય છે. એક જણનું પાપ એ આખી જમાતનું પાપ બને છે. એ ભ્રષ્ટતાનો ઇન્સાફ કરી તેની શિક્ષા થઇ. અને એમ પ્રજા આધીનતા તરફ પાછી વળી, ત્યારે સૈન્ય જય પ્રાપ્ત કરતું કરતું આગળ વધ્યું. આય શહેરને લેવાનું વર્ણન ચઢતા પ્રકારની વ્યૂહ રચનાનું ભાન કરાવે છે. આ પ્રમાણે સત્ય પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે કે, યહોવાહનું કામ બજાવવામાં મનુષ્યની સૌથી ચઢતા પ્રકારની અક્કલના ઉપયોગીપણાની કિમ્મતની પિછાન થવી જોઇએ. આધીનતા વગરનું યુદ્ધ કૌશલ્ય નકામું છે. આધીનતામાં અક્કલના ઉપયોગીપણાનો, સાધારણ સમજ-શક્તિના ખપનો સમાવેશ કરવામાં આવેલો છે. ઇસ્રાએલી પ્રજાની નામના અને તેમનું ભય બહારના લોકોમાં ચોમેર પ્રસરતાં હતાં. આવી પડનારાં સૈન્યોની સામે થવાને કનાનના રાજાઓએ એક્કો કર્યો, લડાઇનો હજી આરંભ થયો નથી એટલામાં તો, ગિબઓનીઓના દાવપેચને લીધે ઇસ્રાએલીઓ ઉપર એક નવું ભય ઝઝુમ્યું. ગિબઓનીઓનો છળભેદ પકડાઇ જતાંજ યહોશુઆએ તાત્કાળિક અને મક્કમ પગલાં તેમની સામે ભર્યાં. કરારની રૂએ તેમના જીવ બચાવવાનું તેને વાજબી લાગ્યું, પણ તેણે તેમને એવી સજા કરી કે, ગિબઓની-ઓએ વંશપરંપરા ઇસ્રાએલના દાસ થવું, અને તેમનાં લાકડાં ચીરવાં, અને તેમનું પાણી ભરવું. ગિબઓનીઓના આ કૃત્યને લીધે એકસંપીમાં જોડાયલાં રાજ્યોનો ક્રોધ તેમની વિરૂદ્ધ ઉશ્કેરાયો. આ અણીને પ્રસંગે તેમણે યહોશુઆની મદદ માગી. કૂચ ઉપર કૂચ કરીને તે લડાઇને સ્થળે પહોંચી ગયો, અને તે રાજાઓમાં એકઠાં થયલાં સૈન્યોને હરાવીને તદન વિખેરી નાખ્યાં. યહોશુઆ તે તકનો લાભ લઇને તરતજ તેમની પાછળ પડ્યો, તે એટલે સુધી કે, કનાનનો આખો દક્ષિણ ભાગ ઇસ્રાએલીઓના કબજામાં આવ્યો. હવે એક બીજી નવી એકસંપીની સામે થઇને લડવાનું આવ્યું. જય પામતાં સૈન્યોનું બળ તોડવાનો યત્ન કરવાને ઉત્તરના રાજાઓએ એકસંપ કર્યો. એકદમ ઝડપથી ઉત્તર ભણી વળીને તેમને હરાવીને નસાડ્યા, અને ત્યાંથી પાછો હાસોર ગયો. ત્યાં પણ તેનીજ જીત થઇ. આ બધું કાંઇ એકદમ બન્યું નહોતું. જેમ આપણને જણા-વવામાં આવ્યું છે તેમ, ખરેખર તેમાં ઘણો વખત લાગ્યો હતો. ફતેહનો વિસ્તાર જણાવનારી વિગતવાર સંક્ષિપ્ત નોંધ સહિત આ ભાગની સમાપ્તિ થાય છે.

બ. લોકોનો વસવાટ.

ડીન સ્ટાન્લી કહે છે કે, યહોશુઆના પુસ્તકમાં જે વિગત આપેલી છે તેને, "કનાનના જીતેલા મુલકની નોંધવહી" એવું નામ આપણે ભૂલ વગર આપી શકીએ. દેશનું વર્ણન કરવામાં પુસ્તકના દસ અધ્યાયો રોકવામાં આવ્યા છે. તેમાં દેશના સામાન્ય દેખાવનું, અને તેની સીમાનું સંભાળ ભર્યું વર્ણન આપવામાં

આવ્યું છે, એટલુંજ નહિ પણ તેનાં શહેરો અને ગામોનાં નામ અને સ્થળો ભૂગોળની ચોક્કસ સંજ્ઞાઓ સહિત આપવામાં આવ્યાં છે, અને તેથી તેની બારીક શોધ કરવાનું ઉત્તેજન પ્રાપ્ત થાય છે. આ વખતે યહોશુઆનું વય આસરે નેવું વરસનું હતું, અને તેને ખબર આપવામાં આવી કે, જીત હજી કોઇ પણ પ્રકારે સંપૂર્ણ થઇ રહી નથી. હજી દેશના "ઘણા ભાગોનો કબજો લેવાનો બાકી હતો." પસંદ કરેલી પ્રજા જયની સંપૂર્ણતા કરવાને શક્તિવાન થાય, અને દેશને સંપૂર્ણ પ્રકારે પોતાના કબજામાં લે, એ માટે તેમનામાં હવે દેશની વહેંચણી થવાની જરૂર હતી. એ હેતુની પૂર્ણાહુતિમાં યરદનની પૂર્વ બાજુના દેશમાં અઢી કુળને આપવામાં આવેલો વાંટો મંજુર થયો.

ત્યાર પછી કાલેબ, જેણે પિસ્તાળીસ વર્ષ સુધી ધીરજ રાખી, દેશમાં અમુક હિસ્સો કે વારસાનો હક પ્રાપ્ત કર્યો હતો, તેનો વાંટો પડ્યો. દેશનો અમુક ભાગ પસંદ કરી તેની માગણી કરવાના તેના હકની, તેમજ પોતાના એક મિત્ર તરીકેની કદર, યહોશુઆએ એકદમ અને ઉદારતાથી પિછાની. જે પહાડની માગણી તેણે કરી તે સ્વીકારી અને તે તેને આપ્યો અને આશીર્વાદ દીધો.

બાકી રહેલાં સાડાનવ કુળોની વ્યવસ્થા પ્રસંગે યહુદાહ રાજવંશી તથા બાદશાહી વંશ તથા કુળનો હોવાથી તેનો હક પહેલો હતો. યુદ્ધના મોખરાનો પ્રદેશ તેના હિસ્સામાં આવ્યો. બાકીનાં કુળો કરતાં તેનું કુળ વધારે વખત સુધી યહોવાહને વફાદાર રહ્યું; પણ પાછળથી તે વિદેશીઓના ભ્રષ્ટાચારમાં ભ્રષ્ટ થયું. યહોવાહનાં સૈન્યો, તેના દુશ્મનો સાથેનાં ખુલ્લાં ધર્મ યુદ્ધોમાં કદી હાર પામતાં નથી. જગતની મિત્રાઇ એજ દેવ પરનું વૈર છે. યુસફનો વારસો એફ્રાઇમ અને મનાશ્શેહને વહેંચી આપવામાં આવ્યો. એફ્રાઇમને ભાગે ફળદ્રુપ, રસાળ અને સુંદર પ્રદેશ આવ્યો, તેમ છતાં, એ પ્રદેશ મુશ્કેલ હતો, કારણ કે, હજી તે કનાનીઓની સત્તા હેઠળ હતો. મનાશ્શેહનો હિસ્સો તેને નિમી આપવામાં આવ્યો. એફ્રાઇમ અને મનાશ્શેહ પોતપોતાના વતનથી અસંતોષી થયા, અને તેઓએ યહોશુઆને ફરિયાદ કરી. તેણે આપેલો જવાબ ધ્યાનમાં રાખવા જોગ છે. તે જાણતો હતો કે, એ બે કુળો નબળાં છે. અને સાથે સાથે તે એ પણ જાણતો હતો કે, તેમની સાથેની વારંવારની અથડાઅથડીથી તેઓ બળવાન થશે. તેણે તેમને એવી સલાહ આપી કે, નવી જમીન માગવા કરતાં પહાડ ઉપર જઇને ત્યાંનાં જંગલો કાપી નાખો, દુશ્મનોને હાંકી કાઢો, અને એમ તેઓની જમીન ખેડીને તમારી સરહદ વધારો. દેશનું વતન કબજે કરી લેવામાં ઢીલ કર્યાને લીધે સાત કુળોને ઠપકો આપ્યા પછી શીલોહમાં યહોશુઆએ મંડપ ઉભો કર્યો. ત્યાર પછી તેણે દરેક કુળમાંથી ત્રણ માણસો લઇને ઠરાવ્યા, એ માટે કે, તેઓ દેશને સાત ભાગમાં વહેંચી નાખે. એ સાત ભાગમાંનો દરેક ભાગ બાકી રહેલાં સાત કુળોમાંના દરેકને અપાયો. સાતમાંનો પહેલો હિસ્સો બિન્યામીનને ભાગે આવ્યો.

ત્યાર પછી બાકી રહેલાં કુળોના વાંટાનું વર્ણન આવે છે. શિમઓન, ઝબુલૂન, યિસ્સાખાર, આશ્શૂર, નાફ્તાલી અને દાન એ બધાના વાંટા વહેંચવાનું જ્યારે પતી રહ્યું ત્યારે યહોશુઆએ પોતાના ભાગની માગણી કરી અને તે તેને મળ્યો.

આ પ્રમાણે દેશનું વતન પામ્યા પછી અગાઉથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે આશ્રયનગરો ઉભાં કર્યાં. એ પછી લેવીઓએ પોતાનાં નગરો તથા પોતાનાં ઢોરોને ચરવાની જમીનની માગણી કરી, અને અધિકારીઓએ તથા લોકોએ તરત તેમની માગણી પ્રમાણે તેમને આપ્યું. લેવી કુળને બીજાં બધાં કુળોમાં વહેંચી નાખવાથી તે તેમજ શિમઓનના સંબંધમાં યાકુબે જે ભવિષ્ય ભાખ્યું હતું કે, "હું તમને યાકુબમાં વહેંચી નાખીશ, અને ઇસ્રાએલમાં તમને વેરી નાખીશ," તે પૂરૂં થયું. પુસ્તકના આ બીજા ભાગની સમાપ્તિ આ વાતથી થાય છે કે, "યહોવાહે તેમને આપ્યું, અને દેશનો કબજો તેઓએ લીધો." તેમને આપેલું તે વચન સંપૂર્ણ થયું. તેમની આગળ કોઇ મનુષ્ય ટકી શક્યું નહિ. તેમના દુશ્મનો સંપૂર્ણ પ્રકારે તેમના હાથમાં સોંપાયા. આ બાબતોમાં દેવનો ઇરાદો તેઓ કદી સંપૂર્ણ પ્રકારે સમજ્યા નહિ, એમ છતાં તેમની નિષ્ફળતા તેમના **અનાજ્ઞાંકિતપણાને** સંપૂર્ણ રીતે આભારી હતી. અને આ પ્રસંગે, યોગ્ય રીતે, દેવનું વિશ્વાસુપણું જાહેર કરતાં આ ભાગની સમાપ્તિ થાય છે કે, "યહોવાહે ઇસ્રાએલના ઘરનાઓને જે કંઇ સારાં વચનો આપ્યાં હતાં, તેમાંથી એકે નિષ્ફળ થયું નહિ; સર્વ પૂરાં થયાં." યહોવાહ જે આપે છે તે પ્રાપ્ત કરી લેવામાં નિષ્ફળતા, એ લોકની ભૂલ છે, અને નહિ કે, તે યહોવાહ દેવની નામરજી કે નબળાઇનું પરિણામ છે.

ક. યહોશુઆની વિદાયગીરી.

વિગ્રહની સમાપ્તિ થતાં ઇસ્રાએલનાં અઢી કુળો યરદનની બીજી બાજુએ પોતાના વતનમાં પાછાં ફર્યાં. તેઓએ પોતાનું વચન પાળ્યું, એ માટે યહોશુઆએ પાછા ફરતી વખતે તેમનાં વખાણ કર્યાં, અને યહોવાહને વફાદાર રહેવાની આજ્ઞા આપી. યહોશુઆનો જવાનો વખત નજીક આવ્યો, ત્યારે તેણે બે વાર લોકોને ભેગા કર્યા, અને છેવટનો સંદેશો તેમને કહી સંભળાવ્યો. યહોવાહની સર્વસમર્થ શક્તિ અને તેનું વિશ્વાસુપણું અને તે સાથે લોકો પૂરા વિશ્વાસુપણાથી યહોવાહને વળગી રહે, એવી તેની અંતઃકરણની ઇચ્છા, એ તેના પહેલા ભાષણનો મુખ્ય સાર હતો. તેની ચેતવણીઓ, ઘણુંખરૂં, મુસાના કરતાં વધારે આતુર અને અભ્યંતરને વિંધનારી હતી. ભાષણ ઉપરથી તે માણસની શક્તિનું અજાયબ જેવું પ્રકટીકરણ થાય છે. એવા પ્રકારની શક્તિ કે, જેમાં યહોવાહ સાથેના પોતાના લોકોના ઘાડા સંબંધની અતિ અગત્યતા સ્વીકારવામાં આવી છે, અને તેના નિયમને વફાદાર રહેવા વિષેનો તેનો આવેશ એ મુખ્ય છે. બીજી વખતે તેણે તેમને શખેમમાં ભેગા કર્યા. છેવટના ભાષણમાં તેણે તેમને ઇબ્રાહીમના તેડાથી માંડીને તેમના પોતાના સમય સુધીનો તેમનો ઇતિહાસ વર્ણવી બતાવ્યો. અને

આ નિશ્ચય વાત ઉપર ભાર મૂક્યો કે, તેમના ઇતિહાસમાં જે દરેક મોટાપણાની વાત છે તે યહોવાહને પ્રતાપે અને તેના તરફથી છે. છેવટે તેણે તેમને આ આજ્ઞા આપી કે, "તો હવે, યહોવાહનું ભય રાખો અને તેની સેવા કરો." એ પછીની તેણે કરેલી અરજમાં હિમ્મતભરી વ્યાજ સ્તુતિ અથવા અન્યોક્તિનો ઉત્તમ પ્રકાર સમાએલો છે. જો તેઓ યહોવાહની સેવા કરવા રાજી ન હોય તો તેઓ કોણની સેવા કરવા રાજી છે તેની પસંદગી કરી લે, એવી માગણી તેણે કરી. તેણે તેમને કહ્યું કે, યરદન નદીની પેલેપારના તમારા બાપદાદાઓના દેવોની ભણી તમે પાછા ફરશો, કે જે અમોરીઓના દેશમાં તમે હાલ વસો છો તેઓના દેવની સેવા કરશો? પોતાને માટે તેણે જાહેર કર્યું કે, "હું અને મારું ઘર યહોવાહની સેવા કરીશું." યહોશુઆ, ઇસ્રાએલનો બીજો મોટો આગેવાન તેનું તેમજ એલઆઝાર જે તેમનો બીજો પ્રમુખ્ય યાજક તેનું મરણ દર્શાવતાં પુસ્તકની સમાપ્તિ થાય છે. એમ છતાં, મરણના અંધકાર મધ્યે કંઇક લગભગ ભય પમાડે એવું છે, તોપણ તેમાં પણ આશાનાં કિરણો હોય છે, એટલે યુસફનાં હાડકાં વચનના દેશમાં દાટવામાં આવ્યાં.

પ્રશ્નો.

૧. હેબ્રી ધર્મ પુસ્તકોમાં યહોશુઆનું પુસ્તક કયા ભાગમાં ગણવામાં આવ્યું હતું? અને એ ભાગમાં બીજાં કયાં પુસ્તકોનો સમાવેશ થતો હતો?

૨. યુદ્ધને માટે સજ્જ થવાને જે ફરમાન આપવામાં આવ્યું છે, તે સંબંધીનો ખુલાસો આપો.

૩. अ. ઇસ્રાએલ લોકો યરદનને પાર કેવી રીતે ગયા તેનો ખુલાસો આપો.

ब. નદી ઉતરવાથી આસપાસના લોકો પર શી અસર થઇ?

૪. પહેલી જીતથી તેઓને કયા પ્રકારનું ભાન કરાવ્યું એનો ખુલાસો આપો.

૫. આખાનના પાપથી આખી પ્રજા પર દુઃખ કેમ આવ્યું? તે સંબંધીનો ખુલાસો આપો.

૬. ગિબઓનીઓએ કયા પ્રકારનો છળભેદ કર્યો? તેનું વર્ણન લખો.

૭. એમની મદદે જવાથી કેવું પરિણામ આવ્યું, તેનો ખુલાસો લખો.

૮. अ. કયું કુળ યહોવાહને વધારે વખત સુધી વફાદાર રહ્યું?

ब. કયા કુળના માણસો પોતાના વતનને લીધે અસંતોષી થયા હતા? અને તેમને યહોશુઆએ કયો જવાબ આપ્યો?

૯. ઇસ્રાએલીઓની નિષ્ફળતા શાને આભારી હતી તે દાખલા આપી સિદ્ધ કરો.

૧૦. યહોશુઆએ લોકોને જે છેલ્લો બોધ આપ્યો તેનો સારાંશ લખો.